RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 4 • ISSUE : 4 • JULY, 2016 • PAGES 44 • PRICE 20/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૪ (કુલ વર્ષ ૬૪) અંક-૪ • જુલાઈ, ૨૦૧૬ • પાના ૪૪ • કિંમત રૂા. ૨૦/-



## જિન-વચન

**તપશ્ચર્યાનો માર્ગ તલવારની ધાર પર ચાલવા જેવો દુષ્કર**

वालुयाकवले चेव निरस्साए उ संजमे ।
असिधारागमणं चेव दुक्करं चरिउं तवो ।।
(ઉ. ૧૯-૩૭)

સંયમનું પાલન રેતીના કાળિયા જેવું નીરસ છે. તેવી જ રીતે તપશ્ચર્યાનો માર્ગ પણ તલવારની ધાર ઉપર ચાલવા જેટલો દુષ્કર છે.

To practise self-control is tasteless like a morsel of sand. To practise penance is as difficult as to walk on the edge of a sword.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન' માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૬ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૪.
- કુલ ૬૪મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ
ડૉ. ધનવંત તિલકરાય શાહ

## જે શુદ્ધિ આચરણ

પ્રસિદ્ધ વૈષ્ણવ આચાર્ય રામાનુજ ઘડપણમાં અશક્ત થઈ ગયા હતા. તો પણ કોઈના ખભાનો ટેકો લઈને તેઓ સ્નાન કરવા નદીએ જતા.

નદી ભણી જતી વખતે તેઓ પોતાના બ્રાહ્મણ શિષ્યના ખભા પર હાથ મૂકીને જતા, અને સ્નાન કર્યા પછી શૂદ્ર જાતિના શિષ્યના ખભાનો આધાર લઈને આશ્રમે પાછા ફરતા. રામાનુજની આવી વિચિત્ર રીત જોઈને જૂના વિચારના સનાતની લોકો બહુ અકળાતા. એક દિવસ તેઓ ભેગા થઈને રામાનુજાચાર્ય પાસે ગયા અને કહેવા લાગ્યા, 'આચાર્યજી, આપે જોઈએ તો સ્નાન પહેલાં શૂદ્રનો સ્પર્શ કરવો; પરંતુ સ્નાન કરીને શુદ્ધ થયા પછી તો મલિન શૂદ્રના ખભા પર હાથ ન જ મૂકવો જોઈએ.'

આ સાંભળીને આચાર્ય હસતા હસતા બોલ્યા, 'અરે ભાઇઓ, તમે જેને શૂદ્ર સમજો છો તેના ખભા ઉપર હું સ્નાન કર્યા પછી હાથ મૂકું છું તે તો ઉચ્ચ કુલીન જાતિના મારા અભિમાનને ધોઈ નાખવા માટે. એ શુદ્ધિ હું પાણી વડે કરી શકું તેમ નથી.'

**–મુકુલ કલાર્થી**

સૌજન્ય : અરધી સદીની વાચનયાત્રા, ભાગ ૧, સંપાદક મહેન્દ્ર મેઘાણી, લોકમિલાપ ટ્રસ્ટ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જાતસંવાદ (તંત્રીસ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | અંતરની અમીરાત : ડૉ. ધનવંત શાહ | સંકલન : દીપ્તિ સોનાવાલા | ૬ |
| ૩. | ઉપનિષદોમાં મંથનકથાઓ | ડૉ. નરેશ વેદ | ૭ |
| ૪. | પીટરમેરિત્સબર્ગ રેલવે સ્ટેશન, શીત રાત્રિ, ધક્કો, વેઇટિંગ રૂમ, મનોમંથન અને સત્યાગ્રહનું એલાન | રમેશ સંઘવી | ૧૦ |
| ૫. | આત્મતત્ત્વ – એક ઉજાશ તરફ | ડૉ. સર્વેશ વોરા | ૧૫ |
| ૬. | ખ્રિસ્તી ધર્મમાં આત્મદર્શન | ડૉ. થોમસ પરમાર | ૧૮ |
| ૭. | સાંપ્રત વૈશ્વિક વાતાવરણમાં જૈન ધર્મ – વિશેષતાઓ અને પડકાર | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| ૮. | અષ્ટપ્રકારી પૂજાની કથા: ૩. પુષ્પપૂજા | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૨૯ |
| ૯. | પર્યુષણ પ્રસંગે આર્થિક સહાય આપવા માટે સંસ્થાની પસંદગી બાબતનો અહેવાલ | અહેવાલ : પ્રવીણ દરજી | ૩૧ |
| ૧૦. | ભાવ-પ્રતિભાવ | – | ૩૨ |
| ૧૧. | સર્જન-સ્વાગત | ડૉ. કલાબહેન શાહ | ૩૪ |
| ૧૨. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલું અનુદાન | – | ૩૫ |
| 13. | Seeker's Diary : Manthan -- Churning | Reshma Jain | 36 |
| 14. | `Budhha' - His Mentation, Intellection Towards Insight | Prachi Shah | 37 |
| 15. | Enlighten yourself by self study of Jinology Lesson 13 : Various Sects of Jain Tradition | Dr. Kamini Gogri | 40 |
| 16. | Story of Great Emperor Samprati Maurya | Dr. Renuka Porwal | 42 |
| 17. | Story of Great Emperor Samprati Maurya Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૮. | પંથે પંથે પાથેય: મનાકાશમાં ઝબકતા તારલા | ગીતા જૈન | ૪૪ |


## અંકનું મુખપૃષ્ઠ




The Vimala Vasahi temple of Dilwara at Mt. Abu in Rajasthan is a very famous Jain temple where some marble images of Saraswati are found. One of them is carved on the ceiling of dome of the mandapa (Kramrish. 1965). The goddess seated in padmasana, with her body quite erect, shows rosary, lotus, vina and book as her attributes. Vidyadharas fly above, whereas the small figures, probably representing donor, kneel at the bottom of the throne. In this example Saraswati is being saluted by two architects who built the Vimala Vasahi temple. The bearded architect to the right of the goddess is inscribed as Loyana Sutradhara, the other holding the measuring rod is names as Sutradhara Kela. The goddess is elegantly ornamented. A small swan as the vehicle is seen in the pedestal.

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453 ISSN 2454–7697

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૪ (કુલ વર્ષ ૬૪) • અંક : ૪ • જુલાઈ ૨૦૧૬ • વિક્રમ સંવત ૨૦૭૨ • વીર સંવત ૨૫૪૨ • અષાઢ સુદ તિથિ ૧૨ •

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

## જાતસંવાદ

જાતમંથન સાથે કોઈ બાબતનું સૌથી વધુ મહત્ત્વ હોય તો તે છે જાતસંવાદ. જાત સાથેનો સંવાદ. એ મનુષ્યનો શ્રેષ્ઠ સંવાદ ગણી શકાય. ગયા અંકમાં જાતમંથનની વાત કરી અને આજે ફરી એ દિશામાં થોડી વાત કરવી છે કારણ આ મંથન સંવાદ તરફ દોરી ગયું છે. જાત સાથેનો સંવાદ કદી પૂરો થતો જ નથી અને તે ન થાય ત્યાં સુધી આપણી ચેતના જીવંત છે અને આપણી ચેતના જીવંત છે ત્યાં સુધી અંદરનું સત્ત્વ જાગવાની સંભાવના રહેલી છે અને જ્યાં સુધી અંદરનું સત્ત્વ જાગવાની સંભાવના છે ત્યાં સુધી આ મનુષ્યત્વ સાકાર થવાની સંભાવના રહી છે. આ અંદરનું સત્ત્વ કયા માર્ગે જાગશે?

સ્વામી વિવેકાનંદની વાત યાદ આવે છે. `Dare to be free, Dare to go as far as your thought leads, And Dare to carry that out in your life.'

અર્થાત્ મુક્ત થવાની હિંમત રાખો, તમારા વિચાર તમને જ્યાં સુધી લઈ જાય ત્યાં જવાની હિંમત રાખો, તમારા એ વિચારોને જીવનમાં વ્યક્ત કરવાની હિંમત રાખો. સ્વામી વિવેકાનંદ બૌદ્ધિક, તાત્ત્વિક વિચારક હતા. નરેન્દ્રનાથની માતાએ તેમના આધ્યાત્મિક વિકાસમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. નરેન્દ્ર પોતાના જીવનના અંતિમ વર્ષો દરમિયાન પોતાની માતાનું એક વાક્ય ટાંકતા હતા તે આ મુજબ હતું, 'તમારા સમગ્ર જીવનમાં પવિત્ર રહો. તમારા આત્મસન્માનની રક્ષા કરો અને બીજાના આત્મસન્માન પર કદી અતિક્રમણ ન કરો. પરમ શાંત બનો; પરંતુ જ્યાં જરૂર હોય ત્યાં તમારા હૈયાને કઠણ બનાવી દો.'

કેટલી મોટી વાત છે! સહુથી પહેલાં આપણે આપણી જાતને જ કેન્દ્રસ્થ કરી આત્મવિકાસ કરવાનો છે. મોટે ભાગે આપણે અન્યને માપવામાં વ્યસ્ત હોઈએ છે. આ માપપટ્ટીથી મુક્ત થવાય તો ય ઘણું. વિવેકાનંદના વિચારો અને જીવન એક ઉચ્ચ સાધકનું જીવન હતું. તેઓ ધ્યાનમાં પારંગત હતા. કહેવાય છે કે તેમને ઉંઘમાં એક દિવ્ય પ્રકાશ દેખાતો હતો અને તેમને ધ્યાન દરમિયાન બુદ્ધના દર્શન થતા હતાં. નરેન્દ્ર અર્થાત્ વિવેકાનંદ જ્યારે રામકૃષ્ણને મળ્યાં ત્યારે બહુ મહત્ત્વનો પ્રસંગ બન્યો. વિવેકાનંદે પૂછ્યું,

'શું તમે ઈશ્વરમાં માનો છો ગુરુદેવ?

'હા', તેમણે જવાબ આપ્યો.

'તમે તે પુરવાર કરી શકો ગુરુદેવ?'

'હા'.

'કઈ રીતે?'

'કારણ કે હું તને જોઈ શકું છું, તે જ રીતે તેમને જોઈ શકું છું. એટલું જ કે વધારે તીવ્રતાથી.'

ઈશ્વરને જ જોવાની દૃષ્ટિ અને અવસ્થા પ્રાપ્ત કરી લીધા પછી

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રીમતી રીટાબેન ઉમંગભાઈ શાહ**

**શૈલી ઉમંગભાઈ શાહ**

**ઝુબીન ઉમંગભાઈ શાહ**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260

● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

વધુ નમ્રતા આવે છે. આમ તો આ ઈશ્વરને જોવા વધુ દૂર જવાની જરૂર જ ક્યાં છે?

ઈશ્વર ક્યાં દૂર છે? એ તો અંદર જ છે. જાતમાં, અંતરાત્મામાં, આપણા પ્રત્યેક કાર્યમાં તે પ્રતિબિંબિત થાય છે. જરૂર છે આપણી અંદર ડોકિયું કરવાની, આપણી અંદરની પવિત્રતાને નીખારવાની, જે અંદર સુષુપ્ત અવસ્થામાં છે તે જ બહારની સપાટી પર લાવવાનું છે. અનંત સત્યોથી આ વિશ્વ ભરેલું છે. આપણે આપણા સત્ય સાથે જીવવાનું છે. પરંતુ તેમ કરતી વખતે અન્યના સત્યનો અસ્વીકાર પણ નથી કરવાનો અને મારું સત્ય સહુથી ઉપર એ જ સાચું એવું અભિમાન પણ નહીં! ચળાતાં-ચળાતાં એટલી સૂક્ષ્મતા સુધી પહોંચવાનું છે કે જ્યાં નર્યું પારદર્શક અને પવિત્ર મન હોય, જે કોઈ ઉપદ્રવથી વિચલિત ન થયું હોય. જ્યાં પહોંચવાથી જ આપણી સાર્થકતા સિદ્ધ થાય છે. આ વિચાર જેટલા સહજ લાગે છે તેટલી સહજતાથી અનુસરી શકતા નથી, તાગી શકતા નથી. જગતની વાસ્તવિકતા જ્યારે એને વિહ્વળ કરે છે ત્યારે સ્થિર રહેવું પડે છે. નિર્વેદ બની અસ્પૃશ્ય રહેવું પડે છે. અન્યથા તો મોહપાશ પોતાનો ગાળિયો તૈયાર રાખીને જ બેઠો છે, જરાક મચક આપતાં જ સપડાઈ જવાય છે.

**જે જે બને કર્મો વડે મધ્યસ્થ થઈને દેખવું,**
**સાક્ષી બનીને દેખતા નિજ શુદ્ધરૂપ જ પેખવું.**

જાતને સતત એ વાતનો અહેસાસ કરાવવો પડે છે કે જે છે તે અંદર જ છે. વ્યક્તિએ અન્ય ક્યાંય કોઈ આધાર લેતાં પહેલાં પોતાને એકવાર સજ્જ કરવાની છે. આત્મશક્તિનો એક અપ્રતિમ ધોધ આપણને ભીંજાવવા તૈયાર છે. શું આપણે એ ધોધની ભીનાશને અનુભવવા તૈયાર છીએ! જાત સતત આ જ સવાલ પૂછે છે. આનો જવાબ પણ કોઈ તૈયાર પુસ્તક નહિ પરંતુ આપણને આપણો માંહ્યલો જ આપશે. માંહ્યલાને ઝંકોરવાનું કાર્ય અનેકવાર આજુબાજુની વ્યક્તિ અને વાતાવરણ કરે છે.

**'નિજ રૂપને પામવા,નિજ ગતિને સમજીને ગ્રહણ કરું,**
**નિજ જાતને શિષ્ય કેળવી, સઘળું અભિમાન ત્યજું.'**

ઘણીવાર કેટલીક વ્યક્તિઓ સાથેની મુલાકાત બહુ જ યાદગાર બની જતી હોય છે. જાત, અંદરથી વધુ સ્પષ્ટ અને નિર્મળ બનતી હોય છે. હમણાં રાકેશભાઈ ઝવેરીને મળવાનો અવસર પ્રાપ્ત થયો. સરળ, સહજ અને સાલસ વ્યક્તિત્વ, મુક્તતાથી હસી શકે. પોતાનાથી નાની ઉંમરની વ્યક્તિ પાસે નાના થતાં તેમને આવડે. પ્રેમ માત્રથી મનુષ્યને જીતવાના અવિરત પ્રયત્નમાં મગ્ન. કોઈ આપણાથી પ્રભાવિત થાય તો તેમાં વ્યક્તિની નહિ પણ તેની જીભની કરામત છે, બાકી જે કંઈ છે તે અંદર છે, એવું માને. કેટલી સાચી વાત એમની! પોતે પૂરાપૂરા જાગૃત છે અને એટલે જ એમની અંદરભણીની યાત્રામાં કોઈ વિક્ષેપ નથી પાડી શકતું. કોઈને પ્રભાવિત કરવા નહિ પરંતુ પોતાને પારદર્શક કરવા જીવવાનું છે. તેમણે પીએચ.ડી. કર્યું એ યાત્રાની વાત કરી, રસ પડે એવી વાતો. સાધકનો અભ્યાસ પણ કેવો પ્રતિબદ્ધ હોય. છેવટે આ ડીગ્રી મેળવ્યા પછી એનાથી પણ મુક્ત થઈ ગયા. જે મેળવ્યું તેને ત્યજવાની હિંમત સહુ કોઈમાં નથી હોતી. પોતાના વિજયને પોતે જ ઓળંગવો પડે. જાતની સભરતા માટે, જાતની સમૃદ્ધિ માટે, જાતને પારદર્શક કરવા માટે આંતરિક યાત્રા જરૂરી છે. જેની આંતરિક યાત્રા સમૃદ્ધ હોય તે ગમે તે ઉંમરે પણ ઝરણા જેવું રણકતું હસી શકે, રાકેશભાઈની જેમ.

જીવનના રસ્તા પર જેણે પોતાને સંપૂર્ણ ન્યૂન કરી નાખ્યા છે એ જ પ્રકાશ બની શકે છે, જેનાથી ભટકેલા લોકોને રસ્તો મળી જાય. જેને માત્ર પોતાને બચાવવાનો પ્રયત્ન કર્યો છે, તે તો બીજાના ભટકવાનું પણ કારણ બન્યા છે. પણ પોતાને સાવ ન્યૂન કરી નાખી મંજિલે પહોંચ્યા છે. તેના પ્રકાશમાં બીજા અનેક લોકો મુક્તિ પામ્યા છે. મહાવીર, સ્વયં કોઈને પહોંચાડી ન શકે પરંતુ જે પહોંચવા માટે આતુર છે, તે મહાવીરના પ્રકાશમાં બહુ લાંબે સુધી યાત્રા કરી શકે છે. યાત્રીએ પોતે નિર્ણય લેવો પડે કે જો જવું છે તો પ્રકાશની સાથે જોડાયેલા રહેવું પડશે. હમણાં આપણો સંબંધ જીવન-મૃત્યુ, અંત-આરંભના ક્ષણિક નિશ્ચિત પ્રકાશ-અંધારા સાથે છે. જાણે એ જ આપણી પરંપરા ન હોય! અંધારું આપણને સહજ રૂપે આકર્ષિત કરે છે. એક તરફ પ્રકાશ આપણને દેખાતો નથી. ધીમે ધીમે અંધારામાં રહેવાને કારણે આપણી આંખ પ્રકાશથી ઝાંખપ અનુભવે છે. જો ભૂલેચુકે પ્રકાશ દેખાય તો પણ મનમાં ભય જન્મે છે. અપરિચિતનો ભય. નવીન ભય.

જીવનનું ચક્ર વર્તુળાકાર ફરે છે. ગાડીના ચક્રના આરા ક્યારેક ઉપર જાય તો ક્યારેક નીચે. તેમ ક્યારેક ક્રોધ ઉપર આવે તો ક્યારેય મોહ, ક્યારેક પ્રેમ, ક્યારેક ઘૃણા, ઈર્ષા, કરુણા વગેરે. આ રીતે જીવનભર ચક્ર ફરતું રહે છે અને જેમાં જીવ ચક્રાકાર ફરતો રહે પરતુ ક્યાંય પહોંચે નહીં. અને એ જીવનભર પોતાની આસ્તિકતા, પોતે નક્કી કરેલી આસ્તિકતા ટકાવી રાખે છે. પણ જ્યાં સુધી પોતે એનાથી મુક્ત થઈ નથી શકતો ત્યાં સુધી એ મહાપ્રવાહનો ભાગ નહીં બને.


તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જીસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

શ્રી અરવિંદે એક જગ્યાએ કહ્યું છે કે જ્યારે હું શોધતો હતો, ત્યારે 'જેને મેં દિવસ સમજ્યો હતો', 'જેને મેં પ્રકાશ સમજ્યો હતો' તેને શોધ્યા પછી ખબર પડી કે તે તો અંધારું છે, રાત છે. જ્યારે આ ખબર પડે છે ત્યારે ખૂબ જ ઉથલપાથલ થઈ જાય છે. આખી મહેનત એળે ગયેલી લાગે છે. હવે સમજાય છે કે જેને જીવન સમજ્યું હતું તે બહુ જ જુદી દિશા છે. હવે સમજાય છે કે તેની વ્યાખ્યા કરવી સરળ ન હતી. આમ જોઈએ તો વ્યાખ્યા પરમ સત્યની પણ ન થઈ શકે. કારણ વ્યાખ્યા એ જ વસ્તુની થઈ શકે જેનું વિશ્લેષણ થઈ શકે, જેને તોડી શકાય, ખંડોમાં વિભાજીત શકાય. જેમ મકાનની એકએક ઇંટ અલગ કરીએ, તેમ મકાન ખોવાઈ જાય. પરંતુ તે રીતે આત્માના ટૂકડા નથી થઈ શકતા, ખંડ નથી થઈ શકતા. આત્માના સત્યની કોઈ સીમા નથી, આત્મા અનંત છે. આ જ આત્માને કેન્દ્રમાં રાખીને આપણે સંવાદ કરવાનો છે. હવે મહત્ત્વનું એ છે કે કોઈ જો પ્રકાશની વાત કરે છે તેનાથી મને નહિ સમજાય કે આત્મા શું છે પરંતુ જ્યારે હું પોતે એ માટે પ્રયત્ન કરીશ, મારી જાતને દાવ પર લગાડવા તૈયાર રહીશ, ત્યારે શક્ય છે કે હું અંધારાને છેદીને પ્રકાશ તરફ ગતિ કરીશ.

શ્રદ્ધાનું આગવું મહત્ત્વ છે. વિજ્ઞાનમાં શ્રદ્ધાનું કોઈ મૂલ્ય નથી, વિજ્ઞાન વર્ણન નથી કરતું, વ્યાખ્યા આપે છે. વિજ્ઞાન કહે છે કે સંદેહ કરો, પ્રયોગ કરો. ધર્મ સાથે પણ પ્રયોગ જોડાયેલા છે; પરંતુ એ પ્રયોગ બાહ્ય નહીં પરંતુ આંતરિક છે. આ પ્રયોગમાં અન્ય કોઈ ભાગીદાર પણ ન બની શકે. આ અત્યંત નિજી ઘટના છે. ધર્મજગતમાં જે પ્રયોગ કરે છે, ગીત ગણગણી શકે છે, એને એ આનંદની ખબર છે. મૌન રહી શકે છે અને જીવનને સમજી શકે છે. એ વ્યક્તિ પોતાની સીમા ઓળંગી પોતાના વર્તુળની બહાર નીકળી શકે છે. જે પોતાની સીમાઓમાંથી ઊઠીને બહાર આવે છે તે જ સાચો સંન્યાસી છે. શબ્દો સાથે અનંત અર્થો જોડાયેલા છે. પ્રત્યેક વ્યક્તિ પોતાના અનુભવથી શબ્દને અર્થ આપે છે પરંતુ એ જ એ શબ્દની સાર્થકતા નથી. શબ્દની સાર્થકતા ત્યારે જણાય છે જ્યારે પ્રત્યેક વ્યક્તિ પોતાના અનુભવ પ્રમાણે એ શબ્દને અર્થના વિવિધ સ્તર આપી શકે. શબ્દ કોઈ એક અર્થ પાસે અટકી ન જાય. અનંત શક્યતાઓની સંભાવના વિશેની મુક્તતા કેળવવી. કોઈ એક ટાપુ પર જીવનભર રહેવા આપણે તૈયાર નથી. તો પછી કોઈ એક વિચાર સાથે, કોઈ એક સલામત કિલ્લામાં કે કોઈ એક વિજયી ટોચ પર કેટલો સમય રહી શકાય? આપણી મૂળ પ્રકૃતિ જે બદલાવ ઈચ્છે છે, તે સ્થગિતતામાં ખુશ નથી રહેતી.

આદર્શ, માન્યતા અને શ્રદ્ધા વગેરેમાં એક બાબત સામાન્ય છે, તે છે 'પૂર્વગ્રહ–આપણામાં વિચાર કરવાની ક્ષમતા હોવી જોઈએ. આપણા વિચારો, પૂર્વગ્રહ, આદર્શ વગેરે આપણી શક્તિ, ઉર્જાને કાબુમાં રાખે છે. આપણે બાહરી વાસ્તવિકતા સાથે નહિ પરંતુ આંતરિક સત્ત્વના ઊંડાણમાં ઉતારવાનું છે. આપણે સહુએ સાથે મળીને આ અંગે વિચારણા કરવાની છે. દરેક પોતાના પૂર્વવર્તી વિચારોથી અળગા થઈ મુક્ત અને વિસ્તૃત બને, એ મહત્ત્વનું છે.

સંવાદ કરતી વખતે જે કોઈ દોરે છે તે છે આપણા પૂર્વગ્રહો. પૂર્વગ્રહોથી મુક્ત થવું સરળ નથી. મોટાભાગના આપણે સહુ સત્યની શોધમાં હોઈએ છે અને સત્ય પણ પોતાની પસંદગીનું મેળવીને જાતસંતોષ મેળવી લઈએ છીએ. આ જાતસંતોષ બહુ જ છેતરામણો છે. અહંકારને પોષે છે. પોતાના સમગ્ર જીવન દરમ્યાન જીવની નિરર્થકતા સમજી ગયેલ માણસ, પોતાનાથી મુક્ત થઈ, પોતાની ભૌતિકતાથી મુક્ત થઈ, પોતાની સીમાથી મુક્ત થઈ, આત્મિક શાંતિને મેળવવાની શોધ કરે છે. જેને આપણે સત્ય કહીએ કે ઈશ્વર કે વાસ્તવ કહીએ કે સમયથી મુક્ત જે પરિસ્થિતિ. મનુષ્ય વિચારોથી પ્રભાવિત નથી. મનુષ્ય હંમેશાં સવાલ પૂછે છે, છેવટે આ બધું શું છે? શું જીવનનો કોઈ અર્થ છે ખરો? એ જીવનની પ્રચંડ મૂંઝવણમાંથી પસાર થાય છે. ઘાતકીપણું, બળવો, યુદ્ધો, અંતહીન ભેદો, આદર્શો અને રાષ્ટ્રીયતા, હતાશાની ઊંડી અનુભૂતિ, જે એણે મેળવી છે, જેને આપણે જીવન કહીએ છીએ તે શું છે, શું એની આગળ પણ કશું છે ખરું?

આ અનેક બાબતોની વચ્ચે આનો ઉત્તર મળતો નથી જેની શોધ તે હંમેશાં કરે છે. એણે પોતાની નિષ્ઠાને કેટલાંક વિચારોમાં કેળવી છે. પરંતુ શું એ નિષ્ઠા તારણહાર છે અથવા ઉગારે છે? મનુષ્યના આ પ્રશ્નો અંગેની મૂંઝવણ બહુ પહેલાંથી વિચારાય છે. માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં ઈ. પૂ. છઠ્ઠી શતાબ્દીમાં વિવિધ ક્ષેત્રમાં વૈચારિક અને સામાજિક ક્રાંતિ થઈ. ચીનમાં લાઓત્સે અને કન્ફ્યુસીઅસ થયાં. ભારતમાં મહાવીર અને બુદ્ધ થયાં. મધ્ય-પૂર્વમાં જરથ્રોષ્ટ્ર થયાં અને ભૂમધ્ય સમુદ્રના પૂર્વ કિનારાના પ્રદેશો ક્રીટ, ગ્રીસ અને એશિયા-માઈનોર, સાઈપ્રસ અને દક્ષિણ ઈટાલીના પ્રદેશોમાં ઓર્ફિક તત્ત્વજ્ઞો થયા જે તમામ એકબીજાની વિચારસરણીથી પ્રભાવિત થયાં.

પશ્ચિમના પ્રદેશોમાં તત્ત્વજ્ઞાનનો જે વિકાસ થયો તેનો પ્રારંભકાળ સોક્રેટીસના સમયથી ગણાય છે; પરંતુ સોક્રેટીસ પૂર્વે છઠ્ઠી શતાબ્દીમાં થયેલ ચિંતકોએ પ્રાકૃતિક પ્રક્રિયાઓની સાથે સંકળાયેલી આવી સમસ્યાઓનો ઉકેલ શોધવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા. ભારતમાં તો આ પ્રયાસો, આ પહેલાં સેંકડો વરસોથી શરૂઆતના વેદ-કાળથી અને ત્યારબાદના ઉપનિષદકાળથી શરૂ થઈ ગયા હતા.

ચોવીસમા તીર્થંકર મહાવીર, થેલીસ અને અનેક્સાગોરસ જે ગ્રીક ફિલસૂફીના અગ્રણીઓ ગણાય છે, તેમના સમયમાં જ લગભગ થયા. પરંતુ મહાવીરે કુદરતના પરિબળોનું અન્વેષણ તેમ જ વર્ગીકરણ જે સૂક્ષ્મતાથી કરેલ અને જેની નિષ્પત્તિનું અમલીકરણ કરેલ, તે સૈકાઓ જૂની વાત હતી. એમણે વિશ્વના પ્રત્યેક સ્થાનમાં જીવની સંભાવના દેખાડી. આ જીવોની હિંસા ટાળી સાધકે કેવી રીતે જીવવું જોઈએ, તેનો માર્ગ બતાવ્યો. જીવનમાં બધા જ પ્રકારના જીવો પોતાની ઉન્નતિ ચાહે છે, પતન કોઈ ચાહતું નથી. બધાને જીવવાનો

અને ઉન્નત થવાનો સરખો અધિકાર છે. કોઈના માર્ગમાં ન આવવું અને પોતાનો માર્ગ ન છોડવો, સાધકના આ કર્મને સમજવાની વાત આ જાતસંવાદમાંથી સમજાઈ છે.

***મન તું મને કનડ નહીં, મન તું મને છેહ ન દે.***
***મન તું જ મારો ઉદ્ધારક છે, તું જ મારો વિનાશક છે.***
***મન હું સત્યને જાણી ગયો છું, મશાલ સળગાવી છે.***
***હવે ચિનગારી પેટાવતા રહી આપણે આ પ્રકાશને જીવંત રાખવાનો છે.***
***મુક્તિના અનુભવને માણવાનો છે. સહજરૂપે જ અનુભવવાનો છે.***

જેમ શ્વાસ લઈએ તેમ જ અસ્તિત્વની આ અવસ્થાની વાત કર્યા વિના, અભિમાન કર્યા વિના જ એમાં જીવવાનું છે. જીવની મુક્તિ નહિ તે અંગેની જાગૃતિ અને જીવ સાથેનો સંવાદ મહત્ત્વનો છે. ચાલો જીવીએ.

આ વખતના અંકમાં, મોટા ભાગના લેખો જાતમંથન અંગે લખાવાયા છે. લેખક હોય કે તત્ત્વજ્ઞાની કે વૈજ્ઞાનિક–દરેક, જીવનના કોઈ તબક્કે આવા સમયમાંથી પસાર થાય છે. પરંતુ સાધક માટે આ મંથન, જીવનના વળાંકરૂપ સાબિત થાય છે. દીક્ષા લેતા મહાવીર હોય કે બુદ્ધ, અખો હોય કે ગંગાસતી, જ્ઞાનદેવ હોય કે કબીર, વાલ્મિકી હોય કે વ્યાસ–દરેકનું જીવનચિંતન એમના સર્જનમાં વ્યક્ત થયું છે. દરેક ધર્મ વિદ્વાનોએ, નેતાઓએ આ વિચારણા પોતાની રીતે કરી છે, જેનું વાંચન જુદા જુદા લેખ સંદર્ભે આપણે કરીએ.

કબીરના એક દોહા સાથે વાત પૂરી કરીએ.

**जब मैं था तब हरी नहीं, अब हरी है मैं नाही।**
**सब अंधियारा मिट गया, दीपक देखा माही।।**

**☐ સેજલ શાહ**

sejalshah702@gmail.com

## અંતરની અમીરાત: ડૉ. ધનવંત શાહ

***શ્રી ધનવંતભાઈ શાહની કલમે લખાયેલા તંત્રીલેખમાંથી 'પ્રબુદ્ધ જીવન'ના દરેક અંકમાં હવે થોડો અંશ લખાશે. તેમની અંતરની લાગણીઓનું ઐશ્વર્ય માણવાનું સૌને ગમશે એ ભાવ સાથે...***

### હે વાણી દેવતા આ વિશ્વના અણુઅણુમાં પ્રવેશો !

*સવ્વે જીવા વ ઇચ્છંતિ, જીવીઉં ન મરિ જિજીઉં.* –દશ વૈકાલિક સૂત્ર-૬/૧૧

(બધાં પ્રાણીઓને જીવન પ્રિય છે, અને પ્રત્યેક પ્રાણીમાં જિજિવિષા અને સુખાકાંક્ષાની ચાહ રહે છે. બધાં પ્રાણીઓ જીવિત રહેવા ચાહે છે. કોઈ પણ મરવા ચાહતું નથી.)

આ વાણીસૂત્ર પ્રત્યેક આતંકવાદી અને કતલખાના કર્મચારીમાં હૃદયસ્થ થાવ. પછી કોઈ ગોળીઓની ધનધનાટી નહિ સંભળાય, એ ગોળીઓના ભોગ બનેલ કોઈ નિર્દોષ પરિવારના મુખમાંથી આહ અને શાપના શબ્દો નહિ નીકળે, કોઈ અબોલ પ્રાણીઓની હૃદયભેદક ચિચિયારી નહિ સંભળાય. કોઈ પર્યાવરણ સમતુલા નહિ ગુમાવે, કોસ્મિક લય ખોરવાઈ નહિ જાય, આકાશમાંથી ચોમાસાના ચારે માસ અનારાધાર વરસાદ વરસશે, ધરતી ધાનથી ફાટફાટ થશે, નદીઓ ક્યારેય સૂકાઈ નહિ જાય. ગાય માતા પોતાના સર્વ સત્ત્વથી જીવ માત્રને પોષણ આપશે, મોર, પોપટ અને કોયલના સંગીતથી ધરતી ગૂંજી ઊઠશે. પછી સ્વર્ગ આ ધરતી પર છે, આ ધરતી પર છે એવી પ્રતીતિ થશે.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચે વ્રતોની ઊંડી સમજ જીવનમાં 'રસાયણ'ની જેમ ઓગળી જશે. પછી કોઈ કોઈના દુશ્મન નહિ બને. સર્વને પોતાના પૂરતું મળી રહેશે. પછી લડાઈ શેના માટે ? પ્રત્યેક માનવ સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદની દૃષ્ટિ કેળવશે. પછી કોઈ ધર્મોએ પોતાના અસ્તિત્ત્વ માટે 'ઊંચા' અવાજે ગર્જવાનું નહિ રહે.

જે પ્રાપ્ત થયું છે એ બધું અનિત્ય છે. કોઈ પણ પદાર્થ, પુદ્‌ગલ કે સંજોગ નિત્ય નથી જ. પછી મમત્વ શા માટે ? એ સિદ્ધાંત સમજાઈ જશે પછી એને પકડી રાખવાની મથામણ નહિ રહે, એટલે દુઃખ તો બચારું દેશવટો લઈ લેશે. સમજનો સૂરજ ઉગશે ત્યારે જીવન ઝળાંહળાં થઈ જશે, ત્યારે અંધકારમાં પણ પ્રકાશ દેખાશે. શરીરની માંસપેશીમાંથી યુદ્ધ નહિ પણ અંતરમાંથી બુદ્ધત્વના અનેક સૂર્યો અનેરા પ્રકાશ લઈને ઉગશે, એ કિરણોમાંથી ગરમી નહિ પણ જીવ માત્ર માટે ચાંદની જેવી શીતળતા વરસતી હશે.

સ્યાદ્‌વાદ અને અનેકાંતવાદનું તત્ત્વ સમજાશે ત્યારે 'મમ સત્ય'નો આગ્રહ ઓગળી જશે, પછી યુદ્ધનું કારણ શું ?

મહાવીરે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ આપણા શરીરમાં બેઠેલા આ છ અરિ–શત્રુઓને જાણ્યાં અને સર્વ દુઃખોના કારણ આ છ જ છે એવું સત્ય અનુભવ્યું એટલે એ છને જીત્યા. તેથી જ મહાવીર અરિહંત થયા.

મહાવીરવાણીએ માનવને જીવન જીવવાની કલા બતાવી. કર્યું, કરાવ્યું, અનુમોદ્યું એના સૂક્ષ્મ ભેદ સમજાવ્યાં. જીવનના શુદ્ધિકરણ માટે શ્રાવકજનને પ્રતિક્રમણ અને સામયિકનો ભવ્ય ઉપહાર આપ્યો.

તમારા કર્મના કર્તા તમે જ છો, જેવું કર્મ કરશો એવું પામશો એવો કર્મવાદ મહાવીરવાણીએ જગતને આપીને સમાજ રચનાને સ્વસ્થતા આપી.

મહાવીરવાણીની યાત્રાના અંતે માનવને શૂન્ય મળે, મહાશૂન્ય મળે, મોક્ષ મળે.

**☐ સંકલન : દીપ્તિ સોનાવાલા**

# ઉપનિષદોમાં મંથનકથાઓ

❑ ડૉ. નરેશ વેદ

માનવચિત્ત કુરુક્ષેત્ર જેવી યુદ્ધભૂમિ છે. કેમકે, મનુષ્યમાં માનવ, દાનવ અને દેવ ત્રણેયના અંશો રહેલા હોય છે. તેથી તેની અંદર દૈવી સંપત્તિ હોય છે, તેમ આસુરી સંપત્તિ પણ હોય છે. તેના ચિત્તમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર જેવા છ રિપુઓ વસેલા છે, તેમાં ભોગવૃત્તિ, સ્વાર્થવૃત્તિ, પરિગ્રહવૃત્તિ, હિંસકવૃત્તિ જેવી કેટલીયે વૃત્તિઓના લોઢ ઉછળતા રહે છે. શરીર અને ઈન્દ્રિયો જેવાં બાહ્ય અંગો અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જેવાં અંતઃકરણો પરસ્પર સંગતિમાં રહેવાને બદલે એકમેકથી વિરુદ્ધ દિશામાં દોડતાં પણ જણાય છે અને એ કારણે માણસ મનોમંથનમાં પડે છે.

જીવન જેમ સંગ્રામ છે, તેમ મંથન પણ છે. જીવનમાં અને સંસારમાં જે કાંઈ બની ગયું છે, બની રહ્યું છે અને હવે પછી બનવાનું છે એના વિશે માણસના મનમાં કેટલીકવાર સવાલો ખડા થાય છે. આમ કેમ થયું હશે? હવે શું કરવું ? હવે શું થશે? વગેરે પ્રશ્નો જ્યારે એને સતાવવા લાગે છે, એમાંથી કેમ ઉગરવું, છૂટવું કે બચવું એ વિશે વિચારતાં એના મનમાં મંથન ચાલવા લાગે છે. કેટલીક વખત ભૂતકાળની સ્મૃતિ, વર્તમાનકાળનો અનુભવ અને ભવિષ્યકાળનો ડર એને મૂંઝવવા લાગે છે; ત્યારે તે તેને ચિંતન, મનન અને મંથન કરવા પ્રેરે છે.

વળી, જીવન એક અનવરત વરણી (પસંદગી)ની પ્રક્રિયા છે. માણસને પોતાના વિદ્યાભ્યાસ, લગ્નજીવન, વ્યાવસાયિક કારકિર્દી સેવાનિવૃત્તિ વગેરે બાબતો વિશે નિર્ણયો લેવા પડે છે. એવો નિર્ણય લેતી વખતે ઉંમર, સમજણ, આવડત, સંજોગો વગેરેને લઈને ભાવદ્વિધાનો અનુભવ થતો હોય છે. નિર્ણય કે તદનુસાર કાર્ય કરવાં કે ન કરવા એટલે કે to do or not to doની મનોદશાનો અનુભવ કરવો પડે છે. તો કેટલીક વાર યોગ્ય અને સાચું શું છે અને અયોગ્ય તથા મોટું શું છે એ જાણવા-સમજવા છતાં સંજોગોને વશવર્તીને સત્યને પડતું મૂકી અસત્યનો આશ્રય લેવો પડતો હોય છે. તેમ કેટલીક વાર લોચન-મનનો ઝઘડો ઊભો થતો હોય છે. અંતરઆત્મા કંઈક કહેતો હોય અને બુદ્ધિ એથી કાંઈ જુદું કે વિપરીત જણાવતી હોય. પરિણામે શું નિર્ણય કરવો તેની અવઢવ થતી હોય, મન દ્વિધા અનુભવતું હોય, ત્યારે એવી પરિસ્થિતિમાં પણ માણસના મનમાં વિચારોનું ચંક્રમણ અને મનનું મંથન ચાલતું હોય છે. જીવનમાં માણસને અનેક જાતની સ્થિતિગતિઓ અને સમસ્યાઓમાંથી પસાર થવું પડતું હોય છે. ત્યારે એમાંથી સફળ રીતે ઉગરી જવા ભગવાને મનુષ્યને મન, બુદ્ધિ, ચિત્ત અને અહં જેવાં અંતઃકરણો આપ્યાં છે, તે સહાય કરે છે. મનનું કામ મનન કરવાનું છે, બુદ્ધિનું કામ વિશ્લેષણ-વિમર્શણનું છે. ચિત્તનું કામ ચિંતન કરવાનું છે અને અહંનું કામ મંથન કરી નિર્ણય કરવાનું છે.

જીવનમાં કેવી પરિસ્થિતિમાં મૂકાતાં માણસ કેવું મંથન અનુભવે છે એ વાત સમજવા આપણે ઉપનિષદમાંથી દૃષ્ટાંત જોઈએ.

શતાધિક ઉપનિષદો પૈકી 'કઠોપનિષદ' નામનું એક મહત્ત્વનું ઉપનિષદ છે. એમાં નચિકેતા અને યમરાજના મનોમંથનની કથા આવે છે. અન્નના દાનથી જેમનો યશ વધ્યો હતો તેવા વાજશ્રવસ ઉદાલક ઋષિએ વિશ્વજિત નામનો અક મોટો યજ્ઞ કર્યો. યજ્ઞની પૂર્ણાહુતિ પછી દાન-દક્ષિણાના રિવાજ મુજબ તેમણે અન્નાદિનું અઢળક દાન કર્યા પછી ઘરડી, દૂબળી અને વસુકી ગયેલી ગાયો દક્ષિણારૂપે આપવાનું શરૂ કર્યું. એમણે કરેલો યજ્ઞ સર્વવેદસ્ અને સર્વસ્વદક્ષિણ યજ્ઞ હતો. એટલે એમાં તો સર્વસ્વનું દાન કરવાનું હોય. પરંતુ ઋષિ હજુ પૂરા અનાસક્ત થયા ન હતા. દૂધાળી તંદુરસ્ત ગાયો પોતાના ફરઝંદો માટે રાખી બાકીની ગાયોનું દાન કરી રહ્યા હતા.

એ જોઈને એમનો મેધાવી પુત્ર નચિકેતા વિચારમંથનમાં પડ્યો. આ તો સર્વસ્વદક્ષિણ યજ્ઞ હતો.

## ૮૨મી પર્યુષણ વ્યાખ્યાનમાળા

સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સહયોગથી શ્રી મુંબઈ જૈન સંઘ દ્વારા યોજાતી આ વ્યાખ્યાનમાળા તા. ૨૯ ઑગસ્ટ, ૨૦૧૬ સોમવારથી તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ સોમવાર સુધી યોજાશે.

વિવિધ વક્તાઓ દ્વારા પ્રતિદિન બે વ્યાખ્યાનો–

(૧) સવારે ૮.૧૫ થી ૯.૦૦

(૨) સવારે ૯.૧૫ થી ૧૦.૦૦

ભક્તિ સંગીત સવારે ૭.૩૦ વાગે.

સ્થળ : પાટકર હોલ, મુંબઈ.

શક્ય હશે તો આ વ્યાખ્યાનો સંસ્થાની વેબસાઈટ :
www.mumbai-jainyuvaksangh.com
ઉપર આપ એ જ સમયે જોઈ સાંભળી શકશો.

દેશ-પરદેશના જિજ્ઞાસુઓએ આ લાભ લેવા વિનંતી.

વેબસાઈટ સંપાદકઃ શ્રી હિતેષ માયાણી – 09820347990

શ્રી ધવલ ગાંધીઃ youtube માટે Mobile : 9004848329.

એમાં સર્વસ્વનું દાન કરવાનું હોય. પરંતુ પોતાના પિતાજી તો આવી ઘરડી, દૂબળી અને વસુકી ગયેલી ગાયોનું દાન કરે છે. નક્કી અમારા માટે એ સારી ગાયોનું દાન નથી કરતા. આવો યજ્ઞ કર્યા પછી તો અન્ન, ધન ઉપરાંત સંતતિનું પણ દાન કરી દેવું જોઈએ. પણ પિતાજી એમ કરતા નથી. મનહૃદય સાંકડું રાખીને વર્તી રહ્યા છે. પંરતુ પિતાનો દોષ કાઢી ન શકાય. પિતાને સલાહ-સૂચન કે ઠપકો આપી ન શકાય. પિતાને એના લોભી અને અધર્મી કૃત્યમાંથી અટકાવવા કેવી રીતે? એ ખૂબ વિચારે છે. મનોમંથન કરે છે અને આખરે પિતાને ચેતવવા-જગાડવા માટેનો રસ્તો વિચારી કાઢે છે.

પિતા પાસે જઈને તેઓ અયોગ્ય કરી રહ્યા છે એવું કાંઈ કહેવાને બદલે વિનમ્રતાપૂર્વક એક સાંકેતિક પ્રશ્ન કરે છે: 'પિતાજી મને કોને દાનમાં આપો છો?' આમ કહેવામાં પિતાનો વાંક કાઢવાને બદલે, આડકતરી રીતે સભાન કરવા મથે છે. જો પુત્રપ્રેમથી દોરવાઈને અધર્મ આચરી રહ્યા હોય તો એ કારણનો જ નાશ કરવો અને વળી આ તો યજ્ઞ પણ એવો છે કે સંપત્તિ ઉપરાંત સંતતિ પણ દાનમાં દેવી પડે.

પિતાને બે-બે વાર પૂછવા છતાં અને પિતા દ્વારા એને દૂર રહેવાનું જણાવાયું હોવા છતાં જયારે નચિકેતા ત્રીજી વાર એ પ્રશ્ન પૂછે છે ત્યારે ઋષિ ઉદાલક રોષમાં અને રોષમાં એને યમરાજાને દાનમાં આપ્યાનું કહે છે. પછી ભાન આવતા પસ્તાય પણ છે. છતાં પિતાનું વચન, પોતાની સમજ અને યજ્ઞનું યથાતથ સ્વરૂપ જાળવવા નચિકેતા તત્કાળ યમરાજાના દ્વારે પહોંચી જાય છે. ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી ભૂખ્યોતરસ્યો યમરાજની પ્રતીક્ષા કરે છે. એની નિષ્ઠા, નિસ્બત અને ભાવના જોઈને પ્રસન્ન થયેલા યમરાજ તેને ત્રણ વરદાનો માગવાનું કહે છે.

નચિકેતા પ્રથમ વરદાનમાં પિતૃપરિતોષ માગે છે. ક્રોધના આવેશમાં પુત્રને મોતના દ્વારે મોકલતાં અશાંત અને દુઃખી પિતાનો ક્રોધ શાંત થાય, એમનું વચન પુત્રે પાળ્યું હોવાથી તેઓ સંતુષ્ટ થાય અને પુત્ર પાછે ઘેર ફરતાં તેને બધું ભૂલીને પુત્રસ્નેહથી સ્વીકારે એવું વરદાન સાંભળી પ્રસન્ન થયેલા યમરાજે એને એ વરદાન આપ્યું. બીજા વરદાનરૂપે મનુષ્યને સ્વર્ગસુખ અને અમરત્વ આપતી અગ્નિવિદ્યા માગે છે. એ પણ યમરાજ પ્રસન્ન થઈને આપે છે. પછી જ્યારે ત્રીજું વરદાન માગે છે ત્યારે યમરાજા મુંઝવણમાં પડી જાય છે.

નચિકેતા મૃત્યુ પછી આત્માના અસ્તિત્વનું રહસ્ય જાણવાનું વરદાન માગે છે. મતલબ કે જેનાથી અમૃતત્ત્વની પ્રાપ્તિ થાય તેવી બ્રહ્મવિદ્યાની જાણકારીનું વરદાન માગે છે. યમરાજ ત્રીજું વરદાન આપવામાં સંકોચ અનુભવે છે. કારણ કે એક તો મૃત્યુ, મૃત્યુ ઉપરાંત આત્મા અને અમરત્ત્વ બક્ષતી બ્રહ્મવિદ્યાનાં રહસ્ય એણે માગી લીધાં હતાં. એક તો આ વિષયો પણ ગૂઢ અને ગહન હોવાથી અને વળી એ અધિકારી વ્યક્તિ વિના કોઈને આપી શકાય તેમ ન હોઈ, યમરાજા ભારે મનોમંથન અનુભવે છે. આ વિદ્યા એને આપવી કે નહિ, તેની તેઓ મુંઝવણ અનુભવે છે. તે નચિકેતા એ સમજવા પામવા માટે અધિકારી છે કે નહિ તેની કસોટી કરવાનું વિચારે છે. દેવો પણ મૃત્યુ, આત્માની અમરતા અને બ્રહ્મ વિદ્યાની શ્રેષ્ઠતાનું રહસ્ય સમજવા શક્તિમાન નથી થયા, માટે આ સિવાય બીજું કોઈ વરદાન માગ, આ માગણી પડતી મૂક એમ કહે છે. પણ નચિકેતા પોતાની માગણીમાં અડગ રહે છે ત્યારે તેની જિજ્ઞાસા, નિષ્ઠા, તત્પરતા વગેરેની કસોટી કરવા એની સામે દીર્ઘાયુષ્ય, સંતતિસુખ, વિશાળ ભૂમિ, હાથીઘોડારથ, સોનું, સુંદર સ્ત્રીઓ–વગેરે અનેક પ્રલોભનો આપે છે. પરંતુ નચિકેતા અચળ રહે છે. જે સાચું અને નિત્ય સુખ આપી શકવા અસમર્થ છે એવાં જર, જમીન અને જોરું જેવાં તથા ભોગવિલાસનાં સાધનો મેળવવાનો ઈન્કાર કરે છે અને પોતે માગેલા વરદાનને વળગી રહે છે. ત્યારે તેની નિષ્ઠા, સમજ અને સંકલ્પને બિરદાવી જગતમાં સૌ પ્રથમ એણે માગેલું ત્રીજું વરદાન પણ સહર્ષ આપે છે. લોક, પરલોક અને સત્યલોકનું રહસ્ય સમજાવતી કઠોપનિષદની આ કથા માનવમાત્રને લાગુ પડતી મંથનકથા છે.

આવી બીજી મંથનકથા 'બૃહદારણ્યક ઉપનિષદ'માં છે. દેવો, દાનવો અને મનુષ્યો વચ્ચે કોઈ કાળે સંપજંપ હશે, પણ પછી સુમેળ રહ્યો નહિ અને દેવો અને દાનવો આપસઆપસમાં લડતા જ રહ્યા. મનુષ્યો અને અસુરો વચ્ચે પણ યથાયોગ્ય સંગતિ રહેતી ન હતી. હજારો વર્ષો સુધી એવું ચાલ્યું. આખરે એ ત્રણેય થાક્યા. ત્રણેયના વડીલોએ નક્કી કર્યું કે આપણી ત્રણ જાતિઓ વચ્ચે સંપ અને સદ્‌ભાવના રહે એ માટે પિતામહ બ્રહ્મા પાસે જઈ માર્ગદર્શન લઈએ. અંદરોઅંદર લડીને વર્ષોથી વિનાશ નોતરતી આ ત્રણેય જાતિઓ રાતોરાત આ નિર્ણય ઉપર પહોંચી ન હતી. થાકી-હારી-ઉગ્ર મનોમંથન પછી આ ફેંસલો લઈ શકી હતી.

અત્યાર સુધી પરસ્પર લડીઝઘડી અશાંત રહેતી ત્રણેય જાતિઓના પ્રતિનિધિઓને પરસ્પરમાં વિશ્વાસ મૂકી પોતાની પાસે આવેલા જોઈ બ્રહ્માએ એમની સમસ્યાનો હલ કરી આપવાનું સ્વીકાર્યું. પરંતુ એમની નિષ્ઠાની ચકાસણી કરવા તત્કાળ ઉકેલ દર્શાવવાને બદલે પોતાના આશ્રમમાં ઈન્દ્રિયો, બ્રહ્મચર્ય અને સંયમનું પાલન કરવાનું સૂચવ્યું. ઈર્ષ્યા-અસૂયા, રાગદ્વેષ, કામક્રોધ, લોભ-મોહ, અહંકાર અને અસંતોષની અગનભઠ્ઠીમાં બળીઝળી તાપ-સંતાપ-પરિતાપ બેઠી ચૂકેલી ત્રણે જાતિના પ્રતિનિધિઓ જ્યારે આત્મસંયમ, અહિંસા અને સહિષ્ણુતામાં પાવરધા થયા ત્યારે બ્રહ્માજીએ એમને ઉપદેશ આપવા માટે બોલાવ્યા.

ગહન શાંતિયુક્ત પવિત્ર વાતાવરણમાં પ્રાતઃકાળે ગંભીર બની

બ્રહ્માજીએ ત્રણેય પ્રતિનિધિઓને વારાફરતી પાસે બોલાવી, એમને સંબોધીને 'દ'કારનો ઉપદેશ આપ્યો. દેવ, દાનવ અને માનવ ત્રણેયને એક જ અક્ષર 'દ'નો ઉપદેશ મળતાં તેઓ એનો અર્થ સમજવા ગંભીર ચિંતનમંથનમાં પડ્યા. આકરાં મનોમંથન પછી દેવોને 'દ'નો અર્થ સમજાયો. દ એટલે દમન. પોતે ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહેતા હતા. દાનવો સાથેના સંઘર્ષના મૂળમાં પણ આ ભોગવિલાસ જ હતો. તેમને સમજાયું કે એક જાતિરૂપે ટકી રહેવું હોય, આપત્તિઓમાંથી ઊગરવું હોય, પોતાનું દૈવત ટકાવી રાખવું હોય તો બેફામ બની ગયેલી ઈન્દ્રિયોનું દમન કરવું જરૂરી છે.

દાનવોએ 'દ' ઉપદેશ ઉપર ચિંતન-મનન કર્યું. ખૂબ મંથન કર્યું એટલે સમજાયું કે 'દ' એટલે દયા. એક જાતિ તરીકે પોતાની અસુર જાતિ ઘણી તામસી પ્રકૃતિની હિંસકવૃત્તિવાળી હતી. સઘળાં સુખસાહ્યબી પોતાને જ મળે એ માટે અત્યંત સંકુચિત મનોવૃત્તિવાળા થઈ સૌ સાથે તાપ, ત્રાસ, કલેશ-કંકાસમાં ડૂબેલા રહી એક જાતિ તરીકે અન્ય જાતિઓ ઉપર અસહિષ્ણુ થઈ તે ક્રૂરતા અને હિંસા દાખવતા. જો સુખ-શાંતિ પામી ટકવું હોય, નભવું હોય તો ક્રૂરતા અને ઘાતકીપણું છોડી, સંકુચિત ઉરઅંતરનો ત્યાગ કરી, દયાવાન બનવું જરૂરી છે.

પછી માનવોએ 'દ' ઉપર હૃદયમંથન કર્યું. ત્યારે એમને સમજાયું કે 'દ'નો અર્થ દાન છે. તેમને સમજાયું કે પોતાની મનોવૃત્તિ વધુ ને વધુ સંપત્તિ એકઠી કરવાની છે. જેમ વધુ સંપત્તિ એકઠી કરતાં જાય છે, તેમ તેની ભૂખ વધતી જાય છે. એનાથી સુખ મળવાને બદલે ચિંતા મળે છે. કોઈ એને લૂંટી ન જાય, કોઈ સાથે એ અંગે વિવાદ–ઝગડા ન થઈ જાય, એને સુરક્ષિત રાખી એમાં વૃદ્ધિ કેવી રીતે કરવી–વગેરે વાતોમાં એમના મનમાં તાણ અને તણાવ વધતાં જાય છે. એની સંઘરાખોરી કરવાને બદલે એનું દાન કરવામાં ખરા આનંદની પ્રાપ્તિ છે.

આ કથા દ્વારા ઉપનિષદના ઋષિ સમજાવે છે કે માણસમાં એક સાથે દેવ અને દાનવની વૃત્તિઓ રહેલી છે. જો પોતાનામાં રહેલી દેવો જેવી ભોગવૃત્તિ, દાનવો જેવી હિંસકવૃત્તિ અને માનવ જેવી પરિગ્રહવૃત્તિ દૂર થાય તો માણસ સાચું સુખ પામી શકે.

મનુષ્યના મનમાં ઊઠતી લાગણીઓના ઝંઝાવાતો, વિચારોના ચંક્રમણો અને મનનાં મંથનોની કથાઓ આ ઉપરાંત 'કેન ઉપનિષદ'માં આંખ, કાન, નાક, ત્વચા જેવી જ્ઞાનેન્દ્રિયો કોના હુકમથી પોતપોતાનાં કાર્યો કરે છે એમાં છે, વાયુ, અગ્નિ અને ઈન્દ્રનું અભિમાન ઉતારતા યક્ષની કથામાં છે, 'બૃહદારણ્યક ઉપનિષદ'ની યાજ્ઞવલ્કય અને તેમની બે પત્નીઓ વચ્ચેની મિલ્કત વહેંચણીની કથામાં છે, મૃત્યુ પછી જિવાત્મા ક્યા માર્ગે સિધાવે છે એ સમજવા મથતા શ્વેતકેતુની મંથનકથામાં છે, પરમ સત્યનું સત્ય શોધવા મથતા ગાર્ગ્ય બાલાકિની મંથનકથામાં છે, દેવરાતી જનકની બ્રહ્મસભામાં અનેક જ્ઞાનીઓ અને પંડિતો દ્વારા યાજ્ઞવલ્કયને પૂછાતા ગહન તત્ત્વપ્રશ્નોની કથામાં છે, 'છાંદોગ્ય ઉપનિષદ'માં જીવનશોકમાં મુક્ત થવા આત્મવિદ્યા પ્રાપ્ત કરવા સનતકુમાર પાસે જતાં નારદની કથામાં છે, કુરુપ્રદેશમાં થયેલા જળબંબાકારમાં સઘળું તણાઈ ગયા પછી મૂઠી ધાન માટે વલખાં મારતા ઉષસ્તિ ઋષિની કપરી કસોટીની કથામાં છે, આત્માની શોધમાં નીકળેલા ઈન્દ્ર અને વિરોચનની કથામાં છે, રાજા જાનશ્રુતિ અને મહાત્મા રૈકવની કથામાં છે, બ્રહ્મતત્ત્વની ઝંખનામાં અનુભવની એરણે ચડેલા ઉપમન્યુના શિષ્ય ભૃગુની કથામાં છે, 'ઐતરેય' ઉપનિષદમાં જ્ઞાનગુમાનથી પીડાતા શ્વેતકેતુનું ભ્રમનિરસન કરતાં પિતા ઉદ્દાલકની કથામાં છે.

આવાં અનેક દૃષ્ટાંતો ઉપનિષદોમાં મળે છે. મનજળ થંભેલા રહે તો માણસ એદી-પ્રમાદી બની જાય. પણ મંથન વડે એ ડહોળાયેલાં રહે તો તેમાંથી માણસને અનેક રત્નો મળે, જેમ સમુદ્રમંથન વખતે અનેક રત્નો મળ્યાં હતાં. મંથન પ્રાપ્તિનો મહામાર્ગ છે.

✷ ✷ ✷

૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર.
ફોન નં. : 02692-233750
Mob. : 09727 333000

## ૨૦૧૬નો વિશિષ્ટ પર્યુષણ અંક

### 'બાર ભાવના' વિશેષાંક

જૈનધર્મના પાયાના વિચારોની સમજ જેમાં પ્રતિબિંબિત થાય છે અને રોજિંદા વ્યવહારની ક્રિયા અને આંતરિક વિચારો ભાવનામાં વ્યક્ત થાય છે. બાર ભાવનાની સમૃદ્ધ પરંપરાનો પરિચય કરાવતો અને વિવિધ બાર ભાવનાનો પરિચય આપતો પર્યુષણ વિશેષાંક 'બાર ભાવના' પર છે, જેનું સંપાદન કરી રહ્યા છે, વિદ્વાન વિદુષી સંપાદિકાઓ :

**ડૉ. પાર્વતીબેન ખિરાણી :** ૦૯૮૨૧૦ ૫૦૫૨૭
**ડૉ. રતનબેન છાડવા :** ૦૯૮૯૨૮ ૨૮૧૯૬
**ડૉ. માલતીબેન શાહ :** ૦૭૦૪૮૧ ૮૨૪૦૬

**પ્રભાવના માટે ઇચ્છિત નકલો માટે સંઘની ઑફિસમાં ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતી. ૧૦૦ થી વધુ નકલોનો ઑર્ડર હશે તો અંકમાં પ્રભાવનાકારનું નામ છાપી શકાશે.**

***'શ્રુત જ્ઞાનની આરાધના એ જ સાચું તપ.'***

**એક નકલની કિંમત રૂા. ૮૦/-**

**–તંત્રી**

# પીટરમેરિત્સબર્ગ રેલવે સ્ટેશન, શીત રાત્રિ, ધક્કો, વેઇટિંગ રૂમ, મનોમંથન અને સત્યાગ્રહનું એલાન

☐ રમેશ સંઘવી

(૧)

આપણા સમર્થ લોકકવિ ભૂદરજી લાલજી જોશીએ મહાત્મા ગાંધીજી માટે સેંકડો દૂહા છંદો, કવિતા લખ્યાં છે. તેમાં એક દૂહો છે:

ક્રોડયુંની કતલ કરી, જગમાં ખેલાણાં જંગ;
દુનિયા થઈ રહી દંગ, વણ ખાંડે જીત્યો વાણિયો!

આજ સુધી ખેલાયેલા અને ખેલાતા જંગો–યુદ્ધોમાં કરોડોની કતલ થઈ છે, અને તે આંક વધતો જ જાય છે. ગાંધીજીએ તેની સામે સત્ય-અહિંસારૂપી 'સત્યાગ્રહ'નું શસ્ત્ર આપ્યું અને તે દ્વારા જંગ જીતી બતાવ્યો–ભારતમાં જ નહીં, પણ તે પૂર્વે દક્ષિણ આફ્રિકામાં પણ. અહીં આ 'સત્યાગ્રહ'ની 'ઉદ્ભવક્ષણ'ની ઘટનાઓ, જીવન પરિવર્તનકારી ઘટનાઓ, દેશ-દુનિયા માટે બદલાવ લાવનારી ઘટનાઓ ઘટી છે, પણ તેમાં 'ભારેમાં ભારે' કોઈ ઘટના હોય તો તે છે–પીટરમેરિત્સબર્ગ સ્ટેશનની.

અમેરિકન મિશનરી ડૉ. જ્હોન આર. મોટે ગાંધીજીની સેવાગ્રામમાં, ૧૯૩૮ના ડિસેમ્બરના પ્રારંભના દિવસોમાં લાંબી મુલાકાત લીધેલી. એ મુલાકાતનો અહેવાલ મૂળ અંગ્રેજીમાં ૧૦ ડિસેમ્બર, ૧૯૩૮ના 'હરિજન'માં છપાયેલો, અને પછી ૧૧ ડિસેમ્બર અને ૨૫ ડિસેમ્બર, ૧૯૩૮ના 'હરિજનબંધુ'માં તેનું ગુજરાતી ભાષાંતર છપાયેલું. આ મુલાકાતમાં ડૉ. મોટે ઘણાં મહત્ત્વના પ્રશ્નો પૂછેલા, તેમાં એક પ્રશ્ન હતો: 'તમારા જીવનના ઘડતરમાં વધારેમાં વધારે ફાળો આપ્યો હોય એવા અનુભવો કયા છે?'

ગાંધીજીએ જવાબમાં કહેલું: 'એવા અનુભવો તો ઢગલાબંધ છે, પણ તમે મને સવાલ પૂછતા હતા એટલામાં જ મને એવો અનુભવ ખાસ યાદ આવ્યો, જેનાથી મારા જીવનનો પ્રવાહ બદલાઈ ગયેલો. એ અનુભવ મને દક્ષિણ આફ્રિકા પહોંચ્યા પછી સાત દિવસે થયેલો. હું તો ત્યાં કેવળ કમાણી કરવાના સ્વાર્થ હેતુથી જ ગયો હતો. તે વખતે હું છેક છોકરો હતો. વિલાયતથી તાજો આવેલો હતો અને મને પૈસા કમાવાની ઇચ્છા હતી. જે વ્યક્તિએ મને ત્યાં બોલાવેલો, તેમણે મને એકાએક ડરબનથી પ્રિટોરિયા જવાનું કહ્યું. એ મુસાફરી સહેલી નહોતી. ચાર્લ્સટાઉન સુધી રેલવેની મુસાફરી કરીને ત્યાંથી જોહાનિસબર્ગ જવાનો ટાંગો લેવાનો હતો. ટ્રેનમાં મારી પાસે પહેલા વર્ગની ટિકિટ હતી, પણ પથારીની ટિકિટ ન હતી. મેરિત્સબર્ગમાં મુસાફરોને પથારી આપવામાં આવતી હતી. ત્યાં ગાર્ડ આવીને મને ડબામાંથી ઊતારી મૂક્યો અને માલના ડબામાં જવાનું કહ્યું. હું ન ગયો અને ગાડી મને સ્ટેશન પર ટાઢમાં ધ્રૂજતો મૂકીને ચાલી ગઈ. પછી મને જે અનુભવ થયો **તેણે મારું જીવન ફેરવ્યું.** હું મરી જઈશ એવી મને બીક લાગી. હું અંધારે 'વેઇટિંગ રૂમ'માં પેઠો. અંદર એક ગોરો હતો. એની મને બીક લાગી. મેં મનને પૂછ્યું: **'હે જીવ! મારું કર્તવ્ય શું? મારે હિંદુસ્તાન પાછા જવું કે ભગવાનનું શરણ લઈને આગળ જવું અને જે ભોગવવાનું નસીબમાં લખ્યું હોય તે ભોગવવું?'** મેં દક્ષિણ આફ્રિકામાં જ રહેવાનો અને જે કષ્ટ પડે તે સહેવાનો નિર્ણય કર્યો. **મારી સક્રિય અહિંસાનો એ દિવસથી આરંભ થયો.'** (અક્ષરદેહ પ. ૬૮, પાન: ૧૬૯-૧૭૦)

ગાંધીજી બીજે દિવસે આગળનો પ્રવાસ શરૂ કરે છે, અને આગલી રાત્રે જે અનુભવ થયેલો તેને ભૂલાવે તેવા અનુભવ તે પ્રવાસમાં થાય છે. ડૉ. મોટેને ગાંધીજી તે વિશે પણ કહે છે. 'એ પ્રવાસમાં ઈશ્વરે મારી કસોટી કરી. ટાંગાના ગાડીવાને મને જે બેઠક આપેલી, ત્યાંથી ખસેડવા માટે એણે મને સખત માર માર્યો.' ડૉ. મોટે પૂછે છે: 'એ જે કષ્ટ તમને પડ્યું, ગાડીવાનના તમાચા પર તમાચા તમે ખાધા એ તમારા આત્મામાં સોંસરા ઊતરી ગયા એમ જ ને?' ગાંધીજી કહે છે: 'હા, એ મારા જીવનના ભારેમાં ભારે અનુભવોમાંનો એક હતો. (અક્ષરદેહ પુ. ૬૮, પાના: ૧૬૯-૧૭૦).

ગાંધીજીના જીવનની મહત્ત્વની આ ઘટના, જેણે 'મોહન'માંથી 'મહાત્મા' પ્રતિ, કોશેટામાંથી પતંગિયા પ્રતિ પ્રસ્થાન કરાવ્યું, તે જોવા-સમજવા જેવી છે. પીટરમેરિત્સબર્ગ રેલવે સ્ટેશન પર એ બહારથી શાંત અને શીત રાત્રિએ ઘટેલી આ ઘટના, મોહનદાસને અંદરથી ભારે હલાવી-વલોવી ગઈ અને તે જ બની રહી સત્યાગ્રહ જેવા મહાન વિચારની જન્મક્ષણ-ઉદ્ભવક્ષણ. તે રાત્રે મોહનદાસનું મનોમંથન ચાલ્યું, કે પાછા દેશ જવું કે નહીં અને એ મંથનમાંથી નિશ્ચય-નવનીત નીકળ્યું કે 'ગમે તે સંકટો સહન કરીને પણ લીધેલું કામ પાર પાડવું.' (દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પૃષ્ઠ-૩૯). મોહનદાસના પીટરમેરિત્સબર્ગ રેલવે સ્ટેશનના 'વેઈટિંગ રૂમ'માં લેવાયેલો એ નિર્ણય દક્ષિણ આફ્રિકા, હિંદુસ્તાન અને સમગ્ર વિશ્વના ઇતિહાસ માટે ક્રાંતિકારી અને અમીટ છાપ પાડનાર નીવડવાનો હતો. એટલે જ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપિતા નેલ્સન મંડેલાએ ગાંધીજી વિશે કહેલું; 'તમે, અમને મોહનદાસ કરમચંદ

ગાંધી મોકલી આપેલા અને અમે, એમને મહાત્મા બનાવીને તમને પાછા મોકલ્યા.'

ગાંધીજીના જીવનકાર્યના સંદર્ભમાં અત્યંત મહત્ત્વની આ ઘટનાને થોડી વિગતવાર સમજવા તેની પૃષ્ઠભૂમિ જાણીએ.

(૨)

દક્ષિણ આફ્રિકા એ આફ્રિકા ખંડની દક્ષિણે–છેવાડે આવેલો મોટો દેશ છે. ક્રિકેટપ્રેમીઓ અને ગાંધીપ્રેમીઓ તેના નામથી અજાણ ન જ હોય. ખૂબ હરિયાળો–સોહંતો પ્રદેશ. નદી-નાળાં, પર્વત-જંગલ, નિસર્ગશ્રી અને વન્યપ્રાણીસૃષ્ટિથી સમૃદ્ધ આ પ્રદેશ. આફ્રિકાને આપણે ગરમ પ્રદેશ માનીએ છીએ, પણ દક્ષિણ આફ્રિકાની આબોહવા યુરોપિયનોને માફક આવે તેવી. એટલે ૫૦૦ વર્ષ પૂર્વે તેઓ દક્ષિણ આફ્રિકા આવીને વસેલા! મૂળ વતનીઓ તો આદિવાસી–હબસી લોકો. ફળ-ફૂલ, શાકભાજી પુષ્કળ થાય. દક્ષિણ આફ્રિકાનું જોહાનિસબર્ગ સુવર્ણપુરી નામે ઓળખાય–ત્યાંની સોનાની અને હીરાની ખાણોને લીધે.

આફ્રિકા દક્ષિણ ગોળાર્ધમાં હોવાથી ભારતમાં ઉનાળો હોય ત્યારે ત્યાં શિયાળો હોય. કડકડતી ઠંડી પડે. આજનું સ્વતંત્ર–પ્રજાસત્તાક દક્ષિણ આફ્રિકા એ વખતે નાતાલ, ટ્રાન્સવાલ, ઑરેન્જ ફ્રી સ્ટેટઅને કૅપ કૉલોની એમ ચાર સ્વતંત્ર રાજ્યોમાં વહેચાયેલું હતું. વિશાળ દેશ, વિશાળ ખેતી, લચી પડેલી વનશ્રી પણ મજૂરોની ભારે અછત. એટલે દક્ષિણ આફ્રિકાની અંગ્રેજ સરકારે હિંદની અંગ્રેજ સરકાર પાસે ખેતી–ખાણ આદિમાં મજૂરી કરવા માટે મજૂરો માગ્યા. દક્ષિણ આફ્રિકાના અંગ્રેજોના હિત ખાતર અહીંની અંગ્રેજી સરકારે કેટલીક શરતો સાથે– 'એગ્રિમેન્ટ' સાથે તે માગણી મંજૂર રાખી, અને ૧૮૬૦માં દોઢ સદી પહેલાં–હિંદી મજૂરોને લઈને પહેલી આગબોટ રવાના થઈ. પછી તો તે ક્રમ ચાલુ રહ્યો. આ બધા મજૂરો 'એગ્રીમેન્ટ' (કરાર) નીચે ગયેલા, જેનો અપભ્રંશ શબ્દ 'ગિરમીટ' નીચે ગયેલા તે બધા 'ગિરમીટીયા'! પછી તો મજૂરોની પાછળ વેપારીઓ, દલાલો, કારકૂનો વગેરે પણ ગયા. કેટલાકે સ્વતંત્ર ધંધા પણ શરૂ કર્યા. પણ અંગ્રેજો બધા ભારતીયોને 'કૂલી' તરીકે સંબોધે. 'કૂલી વેપારી', 'કૂલી કારકૂન', 'કૂલી બેરિસ્ટર'! અંગ્રેજો સહુ હિન્દીઓને 'ગુલામ' જ ગણે અને ડગલે ને પગલે હળહળતું અપમાન કરે. 'ગિરમીટીયાઓ'ને ભારે હાલાકી અને હાડમારી. ગાંધીજીએ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના ઇતિહાસ'માં લખ્યું છે: 'પહેલે જ દહાડે હું જોઈ શક્યો કે ગોરાઓનું વર્તન આપણા લોકો તરફ તોછડું હતું. (પાન-૩૯). આવો રંગદ્વેષ તેમણે અંગ્રેજોના વતન ઇંગ્લેન્ડમાં પણ નહીં જોયેલો.

પીટરમેરિત્સબર્ગની ઘટનાને સમજવા આટલી ભૂમિકા પૂરતી છે. દક્ષિણ આફ્રિકા અને ત્યાંના હિન્દીઓની સ્થિતિ, તેમજ ગાંધીજીની ત્યાંની ભવ્યોદાત્ત કામગીરી સમજવા, ગાંધીજીએ જ મૂળે 'નવજીવન'ના અંકોમાં ક્રમશઃ લખેલી લેખમાળા, જે ૧૯૨૫માં 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' નામે પુસ્તક રૂપે પ્રસિદ્ધ થઈ, તે વાંચવી જોઇએ. ખૂબ રોચક અને પ્રેરક છે. 'આત્મકથા'માં પણ ઘણી વિગતો છે જ.

(૩)

**મોહનદાસ** ઇંગ્લેન્ડમાં બેરિસ્ટર થયા. ઈ. સ. ૧૮૯૧ની ૧૦મી જૂને લંડનમાં તેમણે બેરિસ્ટરનું પ્રમાણપત્ર મેળવ્યું, ૧૧ જૂને લંડન હાઈકોર્ટમાં નામ દાખલ કરાવ્યું અને ૧૨મી જૂને 'ઓશિયાનિયા' આગબોટમાં નીકળી, ૩૦મી જૂને એડનથી આગબોટ બદલી, 'આસામ' નામની આગબોટમાં ૫મી જુલાઈએ મુંબઈ પહોંચ્યા. બાવીસ વર્ષ હજુ પૂરાં થયાં નથી. દેશનો કંઈ અનુભવ નથી. સાવ જ જુદું વાતાવરણ. બે વર્ષ તેમણે મુંબઈ, પછી રાજકોટ વકીલાત માટે પ્રયત્નો કર્યા, પણ ખટપટ, કેસમાં પડતી મુદતો, આપવી પડતી દલાલી, અપ્રમાણિકતા અને કોર્ટના વાતાવરણથી ખૂબ અકળાયા. એવામાં એક કેસ માટે દક્ષિણ આફ્રિકા જવાની ઓફર આવી. કામ તો હતું ત્યાંના અંગ્રેજ વકીલને આખો કેસ સમજાવવાનું અને મદદ કરવાનું. ગાંધીજીએ લખ્યું છે: '૧૮૯૩ના એપ્રિલ માસમાં દક્ષિણ આફ્રિકા જવા માટે મેં હિંદુસ્તાન છોડ્યું. મને ત્યાંના ઇતિહાસનું કંઈ ભાન ન હતું. હું કેવળ સ્વાર્થબુદ્ધિથી ગયેલો. પોરબંદરમાં મેમનોની દાદા અબ્દુલ્લા નામની એક પેઢી ડરબનમાં હતી. તેટલી જ પ્રખ્યાત પેઢી તેમના હરીફ અને પોરબંદરના મેમન તૈયબ હાજી ખાનમહંમદની પ્રિટોરિયામાં હતી. દુર્ભાગ્યે બે હરીફો વચ્ચે એક મોટો કેસ ચાલતો હતો. તેમાં દાદા અબ્દુલ્લાના ભાગીદાર, જે પોરબંદરમાં હતા, તેમણે વિચાર્યું કે મારા જેવો નવો તો પણ બેરિસ્ટર ત્યાં જાય તો તેમને કંઈક વધારે સગવડ મળે. (ગાંધીજી મૂળે પોરબંદરના)... મને નવા અનુભવનો શોખ હતો, મુસાફરી ગમતી હતી...કાઠિયાવાડની ખટપટ મને અકળાવનારી વસ્તુ હતી.' (દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પૃષ્ઠ-૩૮).

આખરે ૨૪મી એપ્રિલ, ૧૮૯૩ના મુંબઈથી એક વર્ષ માટે, પગાર અને અન્ય શરતો નક્કી કરીને દક્ષિણ આફ્રિકા જવા માટે નીકળ્યા. આગળ જણાવ્યું તેમ દક્ષિણ આફ્રિકામાં એ વખતે ચાર રાજ્યો હતાં, તેમણે નાતાલ રાજ્યના બંદર ડરબન ઉતરવાનું હતું. મુંબઈથી ડરબન પહોંચતાં ૧૯-૨૦ દિવસ થાય. પણ વચ્ચે ઝાંઝીબારમાં દસેક દિવસનું રોકાણ થયું એટલે ૨૪મી મે, ૧૮૯૩ના તેઓ ડરબન બંદરે ઉતર્યા. દાદા અબ્દુલ્લા તેમને લેવા માટે આવેલા. ડરબન પહોંચ્યા પછી બીજે કે ત્રીજે જ દિવસે દાદા અબ્દુલ્લા બેરિસ્ટર મોહનદાસને ડરબનની કોર્ટ બતાવવા લઈ ગયા. એ વખતે તેમણે પાઘડી પહેરી હતી. મેજિસ્ટ્રેટે પાઘડી ઉતારવા કહ્યું, મોહનદાસે ના પાડી અને કોર્ટ છોડીને બહાર નીકળી ગયા. હિંદીઓની હાલાકી, રંગદ્વેષ-અપમાનનો અનુભવ તો તેમને તુરત જ થયો. હિંદીઓ તો ટેવાઈ ગયા હતા, અને 'અહીં રહેવું હોય અને પૈસા કમાવા હોય તો આવા

અપમાનોથી ટેવાઈ જવું પડે.' તેવો તર્ક ત્યાં રહેતા સૌ હિન્દીઓનો હતો. કોર્ટની ઘટના પછી એકાદ અઠવાડિયામાં જ તેમને દાદા અબ્દુલ્લાના વકીલને મળવા પ્રિટોરિયા જવાનું થયું, કારણ કે તેઓ જે કેસ માટે આવ્યા હતા તે કેસ પ્રિટોરિયાની કોર્ટમાં ચાલતો હતો અને અંગ્રેજ વકીલ પણ ત્યાં રહેતા હતા. દક્ષિણ આફ્રિકામાં તેમની આ પ્રથમ જ મુસાફરી હતી. એ વખતે ડરબનથી પ્રિટોરિયા સીધી ટ્રેન નહોતી. ડરબનથી ચાર્લ્સટાઉન ટ્રેનમાં, ત્યાંથી જોહાનિસબર્સ ઘોડાગાડીમાં અને વળી ત્યાંથી ટ્રેનમાં પ્રિટોરિયા, એમ હતું.

(૪)

દાદા અબ્દુલ્લાએ આ નવા બેરિસ્ટર માટે પ્રથમ વર્ગની ટિકિટ કઢાવી હતી. પથારી-પાગરણ પોતાની પાસે હોવાથી દાદા અબ્દુલ્લાના આગ્રહ છતાં પથારી માટેની વિશેષ જુદી ટિકિટ ન લીધી. અલબત્ત દાદાએ તો સલાહ આપી જ: 'જોજો, આ મુલક જુદો છે, હિંદુસ્તાન નથી. ખુદાની મહેરબાની છે, તમે પૈસાની કંજૂસાઈ ન કરજો.' (આત્મકથા, પૃષ્ઠ : ૧૦૩). આમ, ડરબનથી રેલવેના પ્રથમ વર્ગના ડબામાં જઈને મોહનદાસ બેઠા. અન્ય કોઈ મુસાફર તે કમ્પાર્ટમેન્ટમાં નહોતા. રાતના નવ વાગ્યે ટ્રેન નાતાલની રાજધાની પીટરમેરિત્સબર્ગ પહોંચી, ત્યારે ત્યાંથી એક અંગ્રેજ મુસાફર ચડ્યો. તેણે આ 'કાળા' 'કૂલી'ને જોઈને મોં મચકોડ્યું અને રેલવેના એક-બે અમલદારને બોલાવી લાવ્યો. કોઈ હિન્દી ત્યાં પ્રથમ વર્ગમાં મુસાફરી ભાગ્યે જ કરે અને કરે તો આ રીતે અંગ્રેજ ચડે ત્યારે ડબો બદલવો પડે. મોહનદાસ પાસે પહેલા વર્ગની ટિકિટ હતી જ અને રેલવેની મુસાફરીનો પ્રથમ જ પ્રસંગ હતો. થોડીવારે રેલવેના જ બીજા અમલદાર આવ્યા અને તેણે મોહનદાસને આ ડબામાંથી ઊતરી છેલ્લા ડબામાં જવા હુકમ કર્યો. મોહનદાસ ન માન્યા. હવે એ આખોય પ્રસંગ સંક્ષેપમાં ગાંધીજીના શબ્દોમાં જ જોઇએ: '(ડરબન પહોંચ્યા પછી) સાતમે કે આઠમે દિવસે હું ડરબનથી રવાના થયો. મારે સારુ પહેલાં વર્ગની ટિકિટ કઢાવી. નાતાલની રાજધાની મેરિત્સબર્ગ ટ્રેન નવેક વાગે (રાત્રે) પહોંચી. એક ઉતારુ આવ્યો. તેણે મારી સામે જોયું. મને ભાતીગર જોઈ મૂંઝાયો. બહાર નીકળ્યો. એક-બે અમલદારોને લઈ આવ્યો. કોઈએ મને કંઈ ન કહ્યું. છેવટે એક અમલદાર આવ્યો. તેણે કહ્યું: 'તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

મેં કહ્યું : 'મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે.'

એણે જવાબ આપ્યો: 'તેની ફિકર નહીં, હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

'હું કહું છું કે, મને આ ડબામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે ને હું તેમાં જ જવા ધારું છું.'

અમલદાર બોલ્યો: 'એમ નહીં બને, તમારે ઉતરવું પડશે. ને નહીં ઉતરો તો સિપાઈ ઉતારશે.'

મેં કહ્યું: 'ત્યારે ભલે સિપાઈ ઉતારે, હું મારી મેળે નહીં ઊતરું.'

સિપાઈ આવ્યો, તેણે હાથ પકડ્યો ને મને ધક્કો મારીને નીચે ઉતાર્યો. મારો સામાન ઊતારી લીધો. મેં બીજા ડબામાં જવાની ના પાડી. ટ્રેન રવાના થઈ. હું વેઈટીંગ રૂમમાં બેઠો. મારું હાથપાકીટ સાથે રાખ્યું. બાકી સામાનને હું ન અડક્યો. રેલવેવાળાએ સામાન ક્યાંક મૂક્યો. આ મોસમ શિયાળાની હતી. દક્ષિણ આફ્રિકાનો શિયાળો ઊંચાણના ભાગોમાં બહુ સખત હોય છે. મેરિત્સબર્ગ ઊંચા પ્રદેશમાં હતું તેથી ટાઢ ખૂબ લાગી. મારો ઓવરકોટ મારા સામાનમાં હતો. સામાન માગવાની હિંમત ન ચાલી. ફરી અપમાન થાય તો? ટાઢે થથર્યો...મેં મારો ધર્મ વિચાર્યો. 'કાં તો અપમાનો થાય તે સહન કરવાં ને પ્રિટોરિયા પહોંચવું અને કેસ પૂરો કરીને દેશ જવું. કેસ પડતો મૂકીને ભાગવું એ તો નામર્દી ગણાય. મારા ઉપર દુ:ખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું, ઊંડે રહેલા એક મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. આ ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો. તેમ કરતાં જાત ઉપર દુ:ખ પડે તે બધાં સહન કરવાં...આવો નિશ્ચય કરી બીજી ટ્રેનમાં ગમે તે રીતે આગળ જવું જ એમ નિશ્ચય કર્યો.' (આત્મકથા, પૃષ્ઠ : ૧૦૩-૧૦૪).

x x x

આ જ પ્રસંગને 'આત્મકથા' (૧૯૨૭)થી પહેલાં લખાયેલ અને પ્રગટ થયેલ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' (૧૯૨૫)માં પણ ખૂબ સંક્ષેપમાં વર્ણવ્યો છે. 'આત્મકથા' અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' મૂળતઃ બંને હપ્તાવાર પ્રગટ થયેલાં. ગાંધીજીની મહત્ત્વની વિશેષતા એ છે કે પોતાની વાત સદાય 'અલ્પોક્તિમાં, પોતાની મોટાઈ કે સામર્થ્ય–હોય તો પણ–દર્શાવ્યા સિવાય, તટસ્થ રીતે, છતાં જાતની મર્યાદાઓ છતી કરતાં લખી છે. આત્મકથામાં તેમણે લખેલું: 'મારે તો જ્યાં ત્યાંથી હિંદુસ્તાન છોડવું હતું.' (પૃષ્ઠ-૯૫) અને દક્ષિણ આફ્રિકા પહોંચ્યા. તેઓ લખે છે:

'નાતાલ (ડરબન)માં ઊતર્યા પછી પંદર દિવસની અંદર જ કોરટોમાં થયેલો મારો કડવો અનુભવ, ટ્રેનની અંદર પડતી મુશ્કેલીઓ, રસ્તામાં ખાધેલા માર, હોટેલોમાં રહેવાની મુસીબત–લગભગ અશક્યતા–વગેરેના વર્ણનમાં હું નહીં ઊતરું. પણ એટલું જ કહીશ કે આ બધા અનુભવો મારા હાડમાં પેસી ગયેલ. હું તો માત્ર એક જ કેસને અર્થે ગયેલો, સ્વાર્થ અને કુતૂહલની દૃષ્ટિથી. એટલે એ વર્ષ દરમ્યાન તો હું કેવળ આવા દુ:ખોનો સાક્ષી અને અનુભવનાર રહ્યો. મારા ધર્મનો અમલ ત્યાંથી જ શરૂ થયો. મેં જોયું કે સ્વાર્થ દૃષ્ટિએ દક્ષિણ આફ્રિકા મારે સારુ નકામો મુલક હતો. જ્યાં અપમાન થાય ત્યાં પૈસા કમાવાનો કે મુસાફરી કરવાનો મને જરાયે લોભ ન હતો. એટલું જ નહીં પણ અત્યંત અણગમો હતો. મારી સામે ધર્મસંકટ આવ્યું. એક તરફથી હું નહોતો જાણી શકતો એવી સ્થિતિ જાણવાથી શેઠ દાદા અબ્દુલ્લા સાથે કરેલા કરારમાંથી મુક્તિ મેળવી નાસી

છૂટવું અને બીજી તરફથી ગમે તે સંકટો સહન કરીને પણ લીધેલું કામ પાર પાડવું. કડકડતી ટાઢમાં મેરિત્સબર્ગ સ્ટેશન પર રેલવે પોલીસના ધક્કા ખાઈ મુસાફરી અટકાવી રેલવેમાંથી ઊતરી વેઇટિંગ રૂમમાં બેઠો હતો. મારો સામાન ક્યાં છે એની મને ખબર ન હતી. કોઈને પૂછવાની હિંમત ન હતી. રખેને વળી અપમાન થશે તો? માર ખાવો પડશે તો? આવી સ્થિતિમાં ટાઢમાં ધ્રૂજતાં ઊંઘ તો શાની જ આવે! મન ચગડોળે ચડ્યું. મોડી રાત્રે નિશ્ચય કર્યો કે 'નાસી છૂટવું એ નામર્દાઈ જ છે, લીધેલું કામ પાર પાડવું જોઈએ. જાતીય અપમાન સહન કરી, માર ખાવા પડે તો ખાઈને પ્રિટોરિયા પહોંચવું જ.' પ્રિટોરિયા એ માટે સારું કેન્દ્રસ્થાને હતું, કેસ ત્યાં લડાતો હતો. મારું કામ કરતાં કંઈ ઇલાજો મારાથી લઈ શકાય તો લેવા. આ નિશ્ચય કર્યા પછી કંઈક શાંતિ થઈ. કંઈક જોર આવ્યું. પણ હું સૂઈ તો ન જ શક્યો. (દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ, પૃષ્ઠ: ૩૯)

x x x

દક્ષિણ આફ્રિકાના પીટરમેરિત્સબર્ગ રેલવે સ્ટેશનના વેઇટિંગ રૂમમાં ગાળેલી એ રાતના તીવ્ર મનોમંથનથી ચોવીસ વર્ષના યુવાન મોહનદાસ અંદર અંદરથી કંઈક મક્કમ બન્યા, કંઈક નિશ્ચય કર્યો, કંઈક બદલાયા. 'ભાગી છૂટવા'ને બદલે, 'નામર્દી બતાવવા'ને બદલે, કોઈપણ ભોગે કામ પૂરું કરવાનો નિશ્ચય કર્યો. એમણે ભીતર અનુભવ્યું કે 'આ કંઈ મારા એકલાનું અપમાન નથી, સમગ્ર હિંદી પ્રજાનું અપમાન છે, અને ભલે મુશ્કેલી પડે; પણ તેને સાંખી ન લેવાય.' તેમણે નક્કી કર્યું કે 'મારું કામ કરતાં (કરતાં) કંઈ ઇલાજો મારાથી લઈ શકાય તો લેવા' અને આટલું મનમાં ત્રેવડતાં જ '....પછી કંઈક શાંતિ થઈ, કંઈક જોર આવ્યું.' આ પ્રસંગમાં મોહનદાસ પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં, ડબો બદલવાનું કહેતાં, પ્રથમ વખત 'ના' કહેતાં અને 'અન્યાયને તાબે નહીં થવાનું' શીખ્યા. એટલે જ ગાંધીજીના જીવનનો આ મહત્ત્વનો પ્રસંગ બની રહ્યો. નામર્દી-કાયરતા અનુભવી ભાગી ન છૂટવું પણ કષ્ટ સહન કરી આગળ વધ્યે જવું તેનું બી આ પ્રસંગમાં વરતાય છે, અને પછી તો એ બી ખૂબ કોળવાનું અને શાખા-પ્રશાખાએ ઝૂલવાનું હતું. તેમને આગળનાં અપમાનો-મુસીબતોની કલ્પના હતી જ, એટલે એમણે વિચાર્યું: 'કાં તો મારે મારા હકોને સારુ લડવું અથવા પાછા જવું, નહીં તો જે અપમાનો થાય તે સહન કરવાં ને પ્રિટોરિયા પહોંચવું, અને કેસ પૂરો કરીને દેશ જવું. કેસ પડતો મૂકીને ભાગવું એ તો નામર્દી ગણાય.'

આ જ પ્રસંગે તેમણે રોગનું નિદાન પણ કર્યું. 'મારા ઉપર દુ:ખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું, ઊંડે રહેલા એક મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. એ ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો તે શક્તિનો ઉપયોગ કરવો, તેમ કરતાં જાત ઉપર દુ:ખ પડે તો તે બધાં સહન કરવાં...આવો નિશ્ચય કરી બીજી ટ્રેનમાં ગમે તે રીતે પણ આગળ જવું જ એમ નિશ્ચય કર્યો.' (આત્મકથા, પૃષ્ઠ: ૧૦૯).

આ મનોમંથનથી મોહનદાસ નવો જન્મ પામ્યા. ખરેખર તો દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ તો એ પછી તેર વર્ષે, ૧૯૦૬માં શરૂ થવાનો હતો, પણ તેનાં બી આમાં જોઈ શકાય છે. સત્યાગ્રહનો પાયાનો સિદ્ધાન્ત છે-જાત પર ગમે તેટલાં દુ:ખ પડે તોય અન્યાય કબૂલ ન કરવો. બીજું એ જોઈ શક્યા કે આ રંગદ્વેષ એ કોઈ એક વ્યક્તિનો અપરાધ નથી, પણ સામાજિક અપરાધ છે, એક વ્યવસ્થાનો અપરાધ છે. અને આ વ્યવસ્થા સામે અહિંસક પ્રતિકારની વાત, જાતે સહન કરીને પણ નીચી મૂંડીએ અન્યાય સહન ન કરી લેવાની વાત મોહનદાસને ગાંઠે બંધાઈ. આટલું સમજાતાં મોહનદાસમાં આત્મશ્રદ્ધા જાગૃત થઈ, હીનપણાનો-ડરનો ભાવ ગાયબ થયો. આ પ્રસંગમાં અને આગળ પણ તે અનુભવે છે કે આ વ્યવસ્થા બદલવી હશે તો કષ્ટ સહન કરવાં જ પડશે. જે મારનાર કે કષ્ટ આપનાર છે તે તો એક વ્યવસ્થાના હાથામાત્ર છે, તેમના પ્રત્યે દુર્ભાવના નહીં પણ ક્ષમાભાવ, પ્રેમભાવ, કરુણાભાવ. ગાંધીજીના જીવનની આ પરમ ઉપલબ્ધિ હતી.

આ શક્તિ ક્યાંથી આવી હશે? તેમનામાં આધ્યાત્મિક સમજ અને શક્તિ અંતર્નિહિત હતાં. આધ્યાત્મિક તાકાત એ અંદરની અને અંદરની સજાગતાની છે. અંતરાત્માનો અવાજ સાંભળવો અને તે પ્રમાણે વર્તવું એ ગાંધીજીના જીવનમાં વારંવાર અનુભવાય છે. આખીય દુનિયા ભલે તે ન સ્વીકારે, પણ ગાંધીજીને અંદરના અવાજ પ્રમાણે વર્તતા-જીવતા આપણે જોઇએ છીએ.

પછી તો આ વાત તેમને વિશેષ ને વિશેષ સ્પષ્ટ થતી ગઈ. ૧૯૩૭માં એક વાર્તાલાપમાં કહ્યું: 'ઈશ્વર આપણા બધામાં છે, તેથી અનેક છતાં આપણે એક જ છીએ એ સત્યનું દર્શન હું તો પ્રતિક્ષણ કરું છું.' આગળ કહે છે: 'આ સત્યને અનુસરીને એકનું પાપ તે બધાનું છે. તેથી આપણે દુષ્ટનો સંહાર ન કરીએ પણ એને સારુ આપણે સહન કરીએ. આ વિચારમાંથી સત્યાગ્રહની ઉત્પત્તિ થઈ, ને તેમાંથી કાયદાનો દીવાની અથવા સવિનયભંગ પેદા થયો.' (ધર્મમંથન, પૃષ્ઠ :૪).

ગાંધીજીમાં ઉત્કૃષ્ટ આત્માવલોકન, આત્મસાધના-સત્યસાધના, નિરંતર ઈશ્વરાનુસંધાન અને જીત પર કડક ચોકી-આત્મપરીક્ષણ જે ધીમે ધીમે પ્રગટતાં-તેજોરશ્મિ વેરતાં વરતાય છે, તેની ઝાંખી પણ આ પ્રસંગમાં થાય છે. અનાસક્તિ અને અહંવિલગન, ધર્મબુદ્ધિ અને વિવેકબુદ્ધિ, પવિત્રતા અને આત્મશુદ્ધિ એ જ જીવનમાર્ગ અને એ જ જીવન સાધના-આ વાતનાં બી પણ અહીં, આ પ્રસંગમાં પડેલાં છે.

(૫)

ચંદ્રકાન્ત બક્ષીએ એ રાતને 'બુદ્ધના મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવી છે. અને તે દિવસે 'સત્યાગ્રહનો જન્મ થયો' તેમ લખ્યું છે. જ્યારે ગુણવંતભાઈ (શાહ) લખે છે : 'સદીઓ વીતે પછી પણ દુનિયા આજના પીટરમેરિત્સબર્ગ રેલવે સ્ટેશનના એ પ્લેટફોર્મને તીર્થભાવે યાદ કરતી રહેશે.'

અમારા સદ્‌ભાગ્યે આ તીર્થસ્થાનની યાત્રા અમારા સન્મિત્ર યોગેશભાઈ દોશીએ હૃદયથી કરાવી અને સાથે હતા ગાંધી ખોળાનો સ્પર્શ પામેલા આપણા જાણીતા હૃદયજ્ઞ ડૉ. રમેશભાઈ કાપડીયા, નેવું વટાવી ગયેલા સ્વાતંત્ર્ય સેનાની નંદલાલભાઈ શાહ. હજુ ગયા વર્ષે જ તા. ૧૮ નવેમ્બર, ૨૦૧૫, બુધવારના રોજ સવારે અમે ચારેયે આ તીર્થભૂમિમાં અદ્‌ભુત હૃદયભાવનો, ગાંધી સ્પંદનોનો અનુભવ કર્યો. એ સ્ટેશન પર જ્યાં ડબામાંથી ધકકો મારી મોહનદાસને ઉતારેલ, જે વેઇટિંગ રૂમમાં અને જે બાંકડે બેઠેલા તે સઘળું જોયું–અનુભવ્યું. સંભવ છે સવા સદી પહેલાંનું એ બધું યથાતથ્ય ન પણ હોય છતાં અમે કાળ રાત્રિના કાળને સંવેદવામાં એવા તો રત રહ્યા કે વાચા હરાઈ ગઈ હતી. દક્ષિણ આફ્રિકામાં ગાંધીની પગરજ, વિવિધ સંસ્મરણો અને સ્મારકોમાં એવી તો સમાઈ-સચવાઈ રહી છે કે અનેક સ્થળે તે પ્રત્યક્ષ થયા કરે. પીટર મેરિત્સબર્ગના આ સ્ટેશનમાં જ જે કેટલીક તકતીઓ લાગેલી છે, તેમાં એક છે ડરબન યુનિવર્સિટીના પ્રા. ફાતીમા મીર દ્વારા લખાયેલી મોટી તક્તી. મૂળ અંગ્રેજીમાં મૂકાયેલી આ તક્તીનું ગુજરાતી ભાષાંતર વલસાડના આચાર્ય રમેશભાઈ દેસાઈએ કરી આપ્યું છે. અંતે તેમાંથી થોડી પ્રસાદી:

**સત્યાગ્રહનો જન્મ**

*મોહનદાસ કરમચંદ ગાંધી આપે અમોને સ્વતંત્રતા અપાવી તે આજનો દિવસ એટલે કે ૧૯૯૭ના એપ્રિલનો ૨૫મો દિવસ. અમોને એ વાતનો રંજ છે કે, તમે જ્યારે પીટરમેરિત્સબર્ગમાં અમારી સાથે હતા અને કાર્યરત હતા, તે આપની હયાતી દરમિયાન એ દિવસ જોઈ ન શક્યા. ત્યારે ભારતમાં તમારી અસર સર્વત્ર ફેલાયેલી હતી અને તમે સમગ્ર વિશ્વને હૂંફ આપી રહ્યા હતા, પરંતુ અમારું મેરિત્સબર્ગના લોકોનું ભાવિ અમારા હાથમાં ન હતું. આજે અમે આ તક ઝડપીએ-સુધારા કરવાની, ક્ષમા પ્રાપ્ત કરવાની, પ્રાયશ્ચિત કરવાની અને ભૂતકાળ સાથે વર્તમાનકાળને જોડવાની.*

*મોહનદાસ કરમચંદ ગાંધી તમે અમારા નગરમાંથી એકસો ને ચાર વર્ષ ઉપર પસાર થયા હતા ત્યારે તમને મુક્કા પડતા હતા, તમે લાતો ખાધી હતી, તમને ટ્રેનમાંથી ફેંકી દેવાયા હતા આ અમારા પીટરમેરિત્સબર્ગ રેલવે સ્ટેશને. તમે આ અપમાનને અને વ્યથાને સમગ્ર માનવજાતની મુક્તિ માટે અહિંસા અને શાંતિમાં પ્રગટાવી દીધા. આ સત્યાગ્રહ શાંતિનું, પ્રેમનું અને સમાનતાનું સમગ્ર માનવજાત માટેનું આશ્રય સ્થાન.*

*અમે તે દિવસે નહોતા સમજી શક્યા, તે આજે સમજી શક્યા કે તે યાતનાઓએ તમને પ્રેરણા આપી હતી. સ્વતંત્ર થવા માટે જાતિવાદ અને જ્ઞાતિવાદ, અસમાનતા, અન્યાય, અસત્ય, અજ્ઞાન, હિંસા સામે સતત યુદ્ધ કરતા રહેવા માટે અને તમારા અંતરને જે અમારા અંતર સાથે જોડાયેલું હતું તેને માટે સતત પ્રાર્થના કરતા હતા.*

**પ્રા. ફાતીમા મીર** (ડરબન યુનિવર્સિટી)

[ આ લખાણ પિત્તળના પતરાં પર સ્ટેશનના વેઇટિંગ રૂમમાં ભીંત પર મૂક્યું છે. હજી મહાત્માએ જે બાંકડે આખી રાત ગાળી હતી તે બાંકડો ત્યાં જ રાખ્યો છે. મહાત્માને ટ્રેનમાંથી ધક્કો મારી બહાર ફંગોળ્યા તે દિવસ ૫મી જૂન, ૧૮૯૩.]

તકતીના અનુવાદક-પ્રેષક: આચાર્ય રમેશ દેસાઈ, વલસાડ) ✷ ✷✷

C/o. અક્ષરભારતી, વાણિયાવાડ, ભૂજ-૩૭૦૦૦૧.

**મુખ્ય આધારસ્રોત :**

૧. ગાંધીજીનો અક્ષરદેહ, પૃ.૬૮, નવજીવન, પ્રથમ આવૃત્તિ, ઑક્ટોબર-૧૯૮૨.

૨. સત્યના પ્રયોગો અથવા આત્મકથા-ગાંધીજી, નવજીવન, પંદરમી આવૃત્તિ, મે-૧૯૮૩.

૩. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ-ગાંધીજી, નવજીવન, પુનર્મુદ્રણ, એપ્રિલ-૧૯૬૯.

૪. ધર્મમંથન-ગાંધીજી, નવજીવન

૫. મારું જીવન એ જ મારી વાણી-પ્રથમ ખંડ : સાધના, નારાયણ દેસાઈ, નવજીવન, પુનર્મુદ્રણ, ઑક્ટોબર-૨૦૦૩.

૬. મહાત્મા ગાંધી-ચંદ્રકાન્ત બક્ષી, આર. આર. શેઠ, પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી-૨૦૦૩.

૭. ગાંધીની ઘડિયાળ-ગુણવંત શાહ, આર. આર. શેઠ, પુનર્મુદ્રણ, નવેમ્બર-૨૦૧૧.

૮. ગાંધીજીની દિનવારી (૨-૧૦-૧૮૬૯ થી તા. ૯-૧-૧૯૧૫)–ચંદુલાલ ભગુભાઈ દલાલ, સાબરમતી આશ્રમ, પ્રથમ આવૃત્તિ, ઑક્ટોબર-૧૯૭૬.

**ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો**

- ૮૧મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.
  સંપર્ક : શ્રી હિતેશ માયાણી-મો. નં. : 09820347990
- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.
  સંપર્ક : દેવેન્દ્રભાઈ શાહ- 09223584041
  –Shree Mumbai Jain Yuvak Sangh – 81st Paryushan Vyakhyanmala-2015
- આ બધાં વ્યાખ્યાનોની CD પણ આપ અમારી ઑફિસેથી વિના મૂલ્યે મેળવી શકશો.

**CD સૌજન્યદાતા : કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર**

**સંપર્ક : હેમંત કાપડિયા-09029275322 / 022-23820296**

વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.

–**મેનેજર**

# આત્મતત્ત્વ-એક ઉજાશ તરફ !

ડૉ. સર્વેશ પ્ર. વોરા

બધી બાબતોને વ્યાખ્યા હેઠળ મૂકવી અથવા વ્યાખ્યામાં બાંધવાનો પ્રયાસ કરવો, એવી વાતોનાં સમીકરણ અથવા ફોર્મ્યુલા તૈયાર કરવાં...એ અભિગમ અત્યન્ત છીછરો અને અવૈજ્ઞાનિક છે, 'આત્મતત્ત્વ' આવો એક વિષય છે, જેને વ્યાખ્યામાં કે શબ્દમાં બાંધવાનો પ્રયાસ હંમેશાં પાંગળો સાબિત થતો રહ્યો છે. હા, એ અનુભૂતિનો વિષય છે અને અનુભૂતિના સ્તર, એની કક્ષા દરેક વ્યક્તિના અલગ અને આગવાં જ રહેવાનાં.

અખા એ કહેલુંઃ વસ્તુ ગૂંગાનો ગોળ છે.

કૃપાળુ દેવે કહેલુંઃ એ સ્વરૂપને અન્ય વાણી તે શું છે કહે, ગજાં વગર ને માત્ર મનોરથ રૂપ જો...

હા, આત્મતત્ત્વ અનંત, જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય સંપન્ન છે, પણ એ અનુભૂતિ પણ કેવળજ્ઞાનીની કક્ષાએથી થતી અભિવ્યક્તિ છે. આપણે એ શબ્દો શ્રવણ કરીએ ત્યારે મોટે ભાગે આપણી હાલત કોઈ ગુજરાતી, ચાઈનીઝ ભાષાની કવિતા સાંભળતો હોય એવી જ હોય છે. પણ જો ચાઈનીઝ ભાષાની બારાખડીમાં તમને પ્રવેશ મળ્યો હોય તો કદાચ તમને એ ભાષામાં પોતીકાપણું લાગવા મંડે!

આપણે ત્યાં કહે છે : **શ્રુણોતિ જિનવચનં સ : શ્રાવક :** જે જિનેન્દ્ર-વચનનું શ્રવણ કરે છે એ શ્રાવક છે. પણ આ 'સાંભળવું' એટલે શું? સાંભળવાનું સમજમાં રૂપાંતર થાય તો જ કાંઈ અર્થ છે, અને સમજની કક્ષા પણ દરેકની અલગ હોય છે.

આ સમજની કક્ષા ઊંચે ઉઠે એટલે તમે કેવળજ્ઞાનીની વાતને વધારે સ્પષ્ટતાથી સમજવા લાગો. અરે! દુન્યવી બાબતોમાં પણ હૈયાનું ખેડાણ થતું જાય, તેમ તમારી સમજ સ્પષ્ટ થતી જાય. અને જે સમજ વધુ સ્પષ્ટ બની એ વ્યાપક રીતે સત્ય છે એમ ક્યારે ખબર પડે? એ ખબર જિન્દગીની સરાણે ચડીને જ પડે. દાખલા તરીકે એક કુમારિકા દીકરી એની માતા પાસેથી સગર્ભા બનવું અને બાળકના જન્મ વિષેની વાતો સાંભળે એ એક કક્ષા થઈ, પછી એ લગ્ન કરે, સગર્ભા બને અને મહિના વધતા જાય અને બાળકને જન્મ આપે...ત્યાર પછીની એની સમજની કક્ષા જુદી જ હશે, અલબત્ત એક દીકરી માને પહેલેથી ઘણી નજીક હોય, પણ પછી એની માતા માટેની સમજની કક્ષા સાવ બદલાઈ જશે.

દેહનાં અસ્તિત્વની સભાનતા કોની પાસે નથી? તમામ સચરાચર જગતના તમામ જીવો દેહ માટે સભાન છે. માત્ર સભાન જ નહીં, ખૂબ આસક્ત છે, બંધાયેલા છે, કન્ડીશન્ડ છે અને આપણામાંના નવ્વાણું ટકા આ દેહ સિવાયના કોઈ તત્ત્વ વિષે જરા પણ સજાગ નથી. તો આ હજારો લાખો, વેદાન્ત, કૃપાળુદેવ-વાણી, તત્ત્વજ્ઞાનીઓનાં પુસ્તકો, વ્યાખ્યાનોમાં રસપૂર્વક હાજરી આપે, ઘણાં તો દેહ અને આત્માના ભેદની વાતો, બકરી પલ્લી ખાય એમ બોલી જાય, એ બધાંનું શું? મુંબઈમાં અલગ અલગ જગ્યાએ અલગ અલગ રીતે બનાવેલી ભેળપૂરી મળે, ભલે અંદર મુદ્દામાલ લગભગ એક જ હોય, પણ અમુક જણા અમુક જ ભેળપુરીના બંધાયેલા ગ્રાહક બની જાય, બસ, એવું જ આ બધી દેહ-આત્મ, અનુભૂતિ સંબંધિત વાતોમાં બને. તો એમાં ખોટું શું છે?

કશું જ ખોટું નથી. એ બહાને પણ વ્યક્તિ પોતાની અંદરનાં દિવ્યતત્ત્વ વિષે સભાન થાય તો ખોટું શું છે?

તકલીફ એ છે કે દેહ-આત્મા અંગેની શાસ્ત્રીય વાતો અનુભૂતિનાં ખેડાણ પછી અમુક કક્ષાએ પહોંચેલા મહાત્માઓ દ્વારા રજૂ થઈ હોય છે. અહીં 'કક્ષા' જ ચાવીરૂપ શબ્દ છે. તમે બજારમાંથી બલ્બ તો લઈ આવો, પણ એની સાર્થકતા-વીજળીના ચમકારાથી થાય. એમ તમે આત્મતત્ત્વ વિષે ભલે ખૂબ સાંભળો કે વાંચો, પણ તમારી કક્ષા (બૌદ્ધિક કક્ષા કે શબ્દોનું પાંડિત્ય નહીં જ) ઉચ્ચત્તર ન થાય તો કદી જ તમને આત્મતત્ત્વની અનુભૂતિની પ્રાથમિક ઝાંખી પણ નહીં થાય.

તો પ્રશ્ન આવશેઃ આ આત્મતત્ત્વની પ્રતીતિની કક્ષા પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ? આ પ્રશ્નમાંથી જ ધર્મનું સંસ્થાકરણ, સંપ્રદાયો અને અનેક હઠાગ્રહી ગોટાળા ઊભા થયા. એક દાર્શનિકે કહ્યું છે એમ...It is a pathless path. હું મારા સંતાનને કહી શકતો નથી કે આવતી કાલે સવારે નવથી તું ફલાણા કે ફલાણીના પ્રેમમાં પડજે. આ આત્મતત્ત્વ અથવા જાતની અંદરનાં દિવ્યત્વ તરફની યાત્રા સંપૂર્ણપણે આંતરિક ઘટના છે.

હા, દેહ નાશવંત છે, આત્મા જ અજરઅમર છે, આ વાત અનેક પાંડિત્યપૂર્ણ રૂપે, અનેક શૈલીથી આપણને કહેવામાં આવે, ગોખાવવામાં આવે, પણ જેમ અણુશક્તિમથક કામ કરતું થાય, જેને અંગ્રેજીમાં 'ક્રિટિકલ સ્ટેજ' કહે છે, ત્યારે એક સૂક્ષ્મ વિસ્ફોટ થાય એમ આપણાં હૈયામાં એક સૂક્ષ્મ વિસ્ફોટ થાય...માત્ર દેહની ક્ષણિકતા નહીં, પણ આપણી અંદર રહેલાં દિવ્યતત્ત્વની ઝાંખી થાય...એ બન્ને ઘટના સાથે બને એને શાબ્દિક ગોખણપટ્ટી સાથે સંબંધ નથી. હજારો પ્રવચનો સાંભળો, અમુક તમુકની કંઠી બાંધો, અમુક તમુકની 'બ્રાન્ડ' પહેરો તો પણ ન થાય અને કદાચ થઈ પણ જાય, પણ એ પ્રતીતિનાં કારણમાં તમારી આંતરિક ઘટના જ હોય,

બાહ્ય કારણો નહીં. હા, હૈયામાં એ ઘટના બન્યા પછી તમને દેહ-આત્મા જેવી દાર્શનિક વાતો ગમવા લાગે, પણ તમે પછી કદી જ સાંપ્રદાયિક કે અમુકતમુક બ્રાન્ડમાં પાગલ ન રહો...પછી તમારી યાત્રા માત્ર અને માત્ર ઉજાશ તરફ હોય.

સ્વામી વિવેકાનંદે કહેલું: દરેક વ્યક્તિ મૂળભૂત રીતે દિવ્ય છે અને આપણાં સતી કવયિત્રી પાનબાઈએ જાણે આખું રહસ્ય કહી દીધું: **વિજળી ને ચમકારે રે મોતીજી પરોવો રે પાનબાઈ.** આપણે આત્મતત્ત્વની ખોજ વખતે ભૂલી જઈએ છીએ કે પાનબાઈ કે સંતો જે ચમકારાની વાત કરે છે એની ફોર્મ્યુલા, સમીકરણ કે નુસખા હોય જ નહીં.

અહીં આચાર્ય ઉમાસ્વાતિના શબ્દો, આ સંદર્ભમાં યાદ આવે છે: **'તન્નિસર્ગાત્ અધિગમાત્ વા'** અત્યંત ટૂંકાણમાં, સૂત્રાત્મક શૈલીમાં આચાર્યે કહી દીધું કે એ તત્ત્વની પ્રતીતિ નૈસર્ગિક રીતે, (એટલે પ્રયાસપૂર્વક નહીં) અથવા અધિગમ એટલે કે નિમિત્તથી બને છે. નિમિત્ત મળે તો પણ જે જીવ લાયક હોય એનામાં બીજ પાંગરી ઉઠે. અહીં આપણે ઉઠાવેલા પ્રશ્નનું સમાધાન મળે છે. વ્યક્તિ દેહની ક્ષણિકતા વિષે જાગે, અને દિવ્યત્વની ઝાંખી થાય એટલે ચોક્કસ એની ઊર્ધ્વગતિ માટે કોઈક પ્રવચન, કોઈક શબ્દો, કોઈક ઘટના નિમિત્ત બને. બહુ સ્પષ્ટ અને સમજાય એવો દાખલો છે. ભગવાન ઈન્દ્રભૂતિ ગૌતમનો! ભગવાન મહાવીર સાથે મિલન થયું એ ઘટના એમના જીવનના ઊર્ધ્વીકરણ, આત્મપ્રતીતિની દિશામાં નિમિત્ત બની.

પણ બધાની બાબતમાં ભગવાન ગૌતમ જેવું બને પણ અને ન પણ બની શકે, મુદ્દો જીવની લાયકાતનો, જીવની તૈયારીનો છે અને એટલે જ દેહ-આત્મા, આત્મ પ્રતીતિ, દિવ્યત્વ તરફની યાત્રાની વાતોનો સ્વાધ્યાય અને સત્સંગ પરમ ઉપકારી નીવડે છે. તમને વ્યાખ્યાનો, સત્સંગ, ગુરુજનોની વાણી, ગ્રન્થોમાં રસ પડે તો ચોક્કસ, આત્મતત્ત્વની પ્રતીતિની દિશામાં તમારૂં સૌભાગ્ય ખીલવાની નિશાની છે. સવાલ એટલો છે કે આત્મતત્ત્વની વાતો તમારામાં ઊડવાને બદલે જડતાની ગ્રન્થિ પેદા ન કરે. તમે આ વાતો સાંભળી આવ્યા, તમને એ અંગેની શાસ્ત્રીય વાતો કંઠસ્થ હોય એટલે તમે અન્ય કરતાં વધારે ઊંચા થયા એવી છૂપી ગાંઠ પેદા થશે કે વ્યક્તિ કે બ્રાન્ડ પ્રત્યે વળગણ પેદા થશે તો તમે પાછા આત્માને બદલે ક્ષણિકતામાં ફસાતા જશો.

ક્ષણે ક્ષણે જાતનાં પ્રતિક્રમણ દ્વારા જાતને પૂછીએ કે દુન્યવી ઘટનાઓ અને લાગણીઓના આવાગમન પ્રત્યે ખરેખરો સાક્ષીભાવ કેટલો વિકસ્યો? આની ખબર જિન્દગીમાં કટોકટી વખતે, આપણાં પગ નીચે રેલો આવે ત્યારે ખબર પડે. અને આ પ્રતિક્રમણ વખતની સતત અહર્નિશ પરેજી, અનુપાન એટલે જિનવાણીનું શ્રવણ, સંતવાણીનું શ્રવણ, મનન, સ્વાધ્યાય!

આત્મતત્ત્વની પ્રતીતિની દિશામાં આપણે આગળ વધીએ એટલે શું બને? એક આંતરિક વિશ્વાસ, શ્રદ્ધા જાગે. પેલી પંક્તિઓ યાદ છે? **મોસમ મારી તું જ, કાળની મિથ્યા આવન જાવન. અષ્ટાવક્ર ગીતામાં** આત્મદશામાં પ્રગતિ કરી રહેલા પથિકની અન્તર્દશા બહુ સરસ રીતે રજૂ કરી છે:

મયિ અનન્તમહામ્બાધૌ, જગદવીચિ: સ્વભાવત:।
ઉદેતુ વાસ્ત માયાતુ, ન મે વૃદ્ધિ: ન મે ક્ષતિ:।।

'હું તો એક અનન્ત, અખૂટ મહાસાગર છું. જગતનાં સુખદુ:ખ, આશા-નિરાશા, સફળતા-નિષ્ફળતા, મિલન-વિરહનાં મોજાં ચઢે અને ઊતરે, મારાં સ્વરૂપમાં, કશો જ ફરક પડતો નથી. નથી ઘટતું, નથી વધતું.'

મુશ્કેલી એ છે કે આપણામાંના મોટા ભાગના આ અવસ્થા, આ કક્ષાને ગોખણપટ્ટી, પાઠ્યપુસ્તકના શબ્દો જેમ કંઠસ્થ કરવાની બાબત માને છે!

ભઈ સાબ, આ શબ્દોમાં વર્ણવાયેલી અવસ્થા તો કક્ષા છે, એને મન સમક્ષ રાખવાની છે. સતત મનન કરવાનું છે, જેથી પ્રતિક્રમણ, જાતપરિક્ષણ વખતે એ હાથવગું રહે.

આત્મતત્ત્વની વાતો કરનાર વક્તા રેડીમેડ કપડાંનો વેપારી નથી અને આપણે એ તૈયાર ખરીદનાર કે ભાડે લેનાર ગ્રાહકો નથી. એમ તો કોઈપણ ચતુર લહિયો કે બોલણિયો લાયબ્રેરીમાં બેસી પચીસેક ગ્રન્થો ઉથલાવી પ્લમ્બિંગ ફિટિંગ કરી પીએચ.ડી.ના મહાનિબંધ જેમ થીંગડ થાગડ કરીને, ઉપનિષદો, વેદાન્ત કે આત્મતત્ત્વ વિષે ભારેખમ પ્રવચન કે લેખ ઘસરડી દે, પણ નથી એ વક્તા કે નથી એ શ્રોતાને લાભ થતો. જો ખરેખર માંહ્યલો જાગ્યો ન હોય તો! ભૌગોલિક કે અન્ય માહિતી આધારિત હશે, પણ આધ્યાત્મિક કે આત્મતત્ત્વની દિશાની પ્રગતિમાં સમજી લેવું જોઈએ કે તૈયાર કપડાં કામ નથી આવતાં, ક્ષણિક આત્મવંચના સિવાય!

કૂલૂ મનાલી જઈએ ત્યારે ઠંડીમાં પહેરવાનાં ભાડે કપડાં મળે. આત્મતત્ત્વની વાતો, એ અંગેની શિબિરો, રસસભર પ્રવચનો આવાં ભાડૂતી કપડાં બને તો એ માત્ર મનોરંજન અને આત્મવંચના જ રહે.

આત્મતત્ત્વની વાતો આપણને આંતરિક ઉજાશ તરફ દોરે તો જ આપણા માટે સાર્થક, નહિતર એ વાતો, એ પ્રવચનો, એ લખાણો પણ પાછલે બારણેથી સાંપ્રદાયિક વ્યક્તિ કે સંસ્થાકેન્દ્રી પીંજરામાં ફસાવાની જાળ બને અને પ્રેમમાં પડવાના શોખીન આપણે સૌ એ મોટાં પીંજરાંને 'આધ્યાત્મિક' બહાનાં હેઠળ માણીએ. આપણે એ ગાંઠને પંપાળીને મોટી કરીએ! પાછું એ જ દુન્યવી મારું તારું એજ ટ્રેડયુનિયન છાપ ઝનૂન! અપરિગ્રહ, ક્ષણિકતાની જાગૃતિ, ભેદજ્ઞાન તો કયાંય પાછળ રહી જાય.

ભગવાન મહાવીરે કહ્યું:

જગ્ગાહિ, મા સુવાહિ યા તે ધમ્મચરણે પમત્તસ્ય,
કાહિંતિ બહિચોરા, સંજમ જોગે હિડાકમ્મ.'

'જાગતો રહેજે, સૂતો નહિ. તું તો ધર્મ (આત્મપ્રતીતિ)ને માર્ગે નીકળ્યો છે. 'સાવધ રહેજે.' રસ્તામાં અનેક ચોરો છૂપે વેશે તને તારાં મૂળ ધ્યેયથી ડગાવવા પ્રયાસ કરશે.'

અને આ વિઘ્નો કે ચોરો પાછાં કહેવાતા ધાર્મિક કે કહેવાતા આધ્યાત્મિક વેષમાં આવતા હોય છે!

જેને આત્મતત્ત્વની દિશામાં ઝાંખું ઝાંખું પણ કિરણ લાધ્યું, એ વ્યક્તિને સતત પ્રસન્નતા રહેશે.

'સંસારશું સરસો રહે, ને મન મારી પાસ.'

એ દેરાસરમાં જાય, એ સ્થાનકમાં જાય, એ પંચમહાવ્રતધારી સંતપુરુષનાં દર્શન કરે, એ કોઈપણ વંદનીય જ્ઞાની પુરુષને સાંભળે ત્યારે એની અનુભૂતિ બરાબર પારસમણિ અને લોખંડના સાન્નિધ્ય જેવી હશે. એ રોમાંચિત થઈ ઉઠશે. **'સવ્વજીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય, સદ્ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.'** અને એનાં જીવનની દુન્યવી-પ્રવૃત્તિઓ વખતે પણ એ **'આત્મકેન્દ્રી'** અંદરનાં **'દિવ્યત્વ-કેન્દ્રી'** રહેશે. દુનિયાને એની ખબર પડે કે નહીં એ વાત તો સાવ અપ્રસ્તુત છે, પણ એક અજબની અડગ શ્રદ્ધા સાથે જીવતો હશે. બાહય રીતે આપણા બધા જેવો, પણ આંતરિક રીતે વિશ્વાસ અને શ્રદ્ધાના ઉજાશથી ઝળાંહળાં! ✷ ✷ ✷

લાભ આશિષ, એ બિલ્ડીંગ, A-101, પહેલે માળે, ઑફ ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશન સામે, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯. M. : 09967398316.


## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિતગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮ | જિન વચન | ૨૫૦ |
| ૯ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| ૧૪ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૧૫. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૬. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧. | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૧૭. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૮. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૪. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | ૩૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૫. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૬. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૭. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૨૮. | જૈન ધર્મ | ૭૦ |
| ૨૯. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૦. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૧. | પ્રભાવના | ૧૨ |
| ૩૨. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૩. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૪. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| | **પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિજી સંપાદિત** **શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વર રચિત** | |
| ૩૫. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| | **નવાં પ્રકાશનો** | |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૪૧. | ભગવદ્ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| | **ગીતા જૈન લિખિત** **રમજાન હસણિયા સંપાદિત** | |
| ૪૧. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૪૧. | પંથે પંથે પાથેય | ૧૨૫ |

**ઉપરનાબધાપુસ્તકોસંઘનીઑફિસેમળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# ખ્રિસ્તી ધર્મમાં આત્મદર્શન

❑ સંકલન : ડૉ. થોમસ પરમાર

આધ્યાત્મિક વિકાસ માટે આત્મદર્શન કરવું તે ખૂબ જ જરૂરી છે. મન કાયમ વિવિધ વિચાર કર્યા કરે છે. આપણાંથી થયેલ કર્મો, બોલાયેલાં શબ્દો અને વિચાર સારાં હોઈ શકે અને ખરાબ પણ હોઈ શકે. સારાં કર્મો, શબ્દો અને વિચાર આવકાર્ય છે. જ્યારે ખરાબ કર્મો, શબ્દો અને વિચાર ત્યાજ્ય છે. દરેક વ્યક્તિએ સમગ્ર દિવસ દરમ્યાન પોતાનાથી થયેલાં કર્મો, શબ્દો અને વિચારો સારાં હતા કે ખોટાં હતા તે રાત્રે સૂતાં પહેલાં અવલોકવા જરૂરી છે. ખોટાં કર્મો, શબ્દો અને વિચાર સાથે મનથી પસ્તાવો કરીને ફરીથી તે ખોટાં કર્મો, વિચારોનું, શબ્દોનું પુનરાવર્તન ન થાય તેવો સંકલ્પ કરીને આત્મદર્શન કરવું જોઈએ. કેટલાક સાધકો આ અંગેની ડાયરી પણ રાખે છે અને આત્માની સાક્ષીએ એ કર્મો, શબ્દો અને વિચારોને તેમાં ટપકાવે છે. આ ડાયરીના પૃષ્ઠો ક્યારેક ક્યારેક ઉથલાવતાં ભૂતકાળમાં લીધેલાં સંકલ્પોની યાદ અપાવે છે અને આત્મવિકાસના માર્ગે આગળ વધવામાં સહાયક નીવડે છે. ખ્રિસ્તી ધર્મમાં પણ આત્મદર્શન કે આત્મ નિરીક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. પાપના પશ્ચાતાપ દ્વારા નીચે પ્રમાણે આત્મનિરીક્ષણ કરવામાં આવે છે.

**પશ્ચાતાપ દ્વારા આત્મદર્શન**

૧. હું ઈશ્વરને મારું સર્વસ્વ ગણું છું? કે પછી ધન, સત્તા, મોટાઈ, ભોગવિલાસ વગેરે દુન્યવી વસ્તુઓને જ મારા દેવ ગણીને ચાલુ છું?

૨. પરમેશ્વર ઈસુરૂપે પ્રગટ થયા છે એવું દૃઢ શ્રદ્ધાથી માનું છું? મારી શ્રદ્ધા ન જોખમાય તેની હું કાળજી રાખું છું? ધર્મવિરોધી વાચન કે વાર્તાલાપોથી હું દૂર રહું છું? જાહેરમાં મારી શ્રદ્ધા કબૂલ કરતાં હું શરમાઉં છું?

૩. પ્રાર્થના કરું છું? હું કેવી રીતે પ્રાર્થના કરું છું? હું પ્રાર્થનાના શબ્દો બોલી જાઉં છું? હું કુટુંબમાં વડીલ હોઉં તો કુટુંબમાં પ્રાર્થના થાય, ને કટુંબના સભ્યો રવિવારની પરમ પૂજામાં ભાગ લે (દેવળમાં જાય) એની તકેદારી રાખું છું?

૪. હું મારા પાડોશી પર ખરેખર પ્રેમ રાખું છું? એના પ્રત્યે બેપરવા રહું છું? હું બીજી વ્યક્તિનો ખોટો ઉપયોગ કરું છું? હું મારા સ્વાર્થ માટે કોઈનું અહિત કરું છું? મારાં વાણી-વર્તન દ્વારા હું ખોટો દાખલો બેસાડું છું? એ રીતે કોઈને હું પાપ કરવા પ્રેરું છું?

૫. હું મારા કુટુંબને ને આજુબાજુના લોકોને આનંદ આપું છું? તેમના પ્રત્યે પ્રેમ રાખું છું? મારા મા-બાપ સાથે હું કેવી રીતે વર્તું છું? તેમને માન આપું છું? તેમની સેવા કરું છું? હું પિતા કે માતા હોઉં તો મારા બાળકોને કેવી રીતે ઉછેરું છું? તેમના ઉછેરની જવાબદારી બરાબર બજાવું છું? સારો નમૂનો ને યોગ્ય સલાહ-સૂચનો આપીને તેમના ચારિત્ર્યનું ઘડતર કરું છુ? તેઓ સારાં ઇસુપંથીઓ બની રહે એ માટે હું શું કરું છું? હું પતિ કે પત્ની હોઉં તો મારા જીવનસાથીને હું વફાદાર છું?

૬. હું બીજાને મુશ્કેલીમાં મદદ કરું છું? જેની પાસે ઓછું કે કાંઈ નથી તેવા લોકો સાથે મારો વ્યવહાર કેવો છે? હું તેમને મારી ચીજ-વસ્તુઓમાંથી કાંઈ આપું છું? નબળાં લોકોની પડખે રહું છું? એથી ઉલટું, નબળાં, ગરીબ, અસહાય, અજાણ્યાં કે વૃદ્ધોની ઉપેક્ષા કરું છું?

૭. મારી નોકરી કે મારો ધંધો હું કેવી રીતે કરું છું? હું પ્રામાણિક કે ન્યાયી માણસ છું? બધાનું ભલું થાય એ દૃષ્ટિએ હું મારું કામ કરું છું? કે પછી પગાર કે નફા પર જ મારી નજર હોય છે? જો હું માલિક હોઉં તો મારા હાથ નીચેનાં માણસો સાથે હું કેવી રીત વર્તું છું? હું તેમને પૂરતો પગાર આપું છું? મારાં શબ્દો, વચનો કે કરાર હું પાળું છું? જો હું નોકરી કરતો હોઉં તો મારું કામ હું નિષ્ઠાથી અને ખંતથી કરું છું? હું કામચોરી કરું છું? મારી ફરજો પ્રત્યે બેદરકાર રહું છું? હું છેતરપિંડી કરું છું? લાંચ લઉં છું?

૮. બીજાં લોકો સાથે મારો વ્યવહાર કેવો છે? હું જૂઠું બોલીને બીજાં લોકોને છેતરું છું? નિંદા કે કૂથલી કરું છું? બીજાંઓની ખાનગી વાતો જાહેર કરું છું?

૯. બીજાંઓને મેં શારીરિક ઈજા પહોંચાડી છે? કોઈની આબરૂ પર મેં હાથ નાખ્યો છે? પૈસાની લવડ-દેવડમાં મેં દગો કર્યો છે? બીજાનું મેં કાંઈ પડાવી લીધું છે?

૧૦. બીજાં લોકોનું ભૂંડું કે ભાંગતું હું બોલ્યો છું? બીજાંઓ વિશે મેં ખોટી વાતો ફેલાવી છે? કોઈનું ચારિત્ર્ય ખંડન કર્યું છે?

૧૧. શું હું ઝઘડાખોર માણસ ગણાઉં છું? મેં કોઈનું અપમાન કર્યું છે? કોઈને ગાળો આપી છે?

૧૨. હું બદલો લેવાની કે વેર વાળવાની ભાવના રાખું છું? હું બીજાંને માફી આપું છું? ખાસ કરીને કોઈ માફી માગે ત્યારે ખુશીથી માફી આપું છું ને બધું ભૂલી જાઉં છું? કે પછી જીદ્દી વલણ અપનાવું છું? મારે કોઈની સાથે દુશ્મનાવટ છે? મારા ગામમાં કે આડોશી પાડોશીઓમાં હું ભાગલા કે તડ પડાવું છું? લોકોને એકબીજા વિરુદ્ધ

ઉશ્કેરું છું?

૧૩. હું કાયદાનું પાલન કરું છું? સમાજની પ્રગતિમાં રસ લઉં છું? મારો કર ભરું છું? સંપન્ન-સુમેળ અને ન્યાયનું વાતાવરણ ફેલાવવામાં હું ફાળો આપું છું?

૧૪. હું બીજાંઓ આગળ ઈસુની વાત કરું છું? મારા દ્વારા હું એમને ઈસુની ઓળખ કરાવું છું? અન્ય ધર્મના લોકોની આગળ ઈસુપંથી તરીકે મારી કેવી છાપ છે? હું ઈસુનું નામ બદનામ થાય એવું કાંઈ કરું છું?

૧૫. મારી ખોટી વૃત્તિઓ કામ, ક્રોધ, લોભ, અભિમાન, અદેખાઈને હું અંકુશમાં રાખું છું? છાકટા થવાની હાદ સુધી દારૂ પીઉં છું? એનાથી મારા કુટુંબને નુકસાનમાં ઉતારું છું? અન્ય વ્યસનોની બાબતમાં હું વિવેક જાળવું છું.

૧૬. મારો સમય અને મારી શક્તિઓ હું કેવી રીતે વાપરું છું? મેં એમનો સદુપયોગ કર્યો છે? મારા સમય ને શક્તિઓને મેં વેડફી નાખ્યા છે? હું આળસુ છું?

૧૭. જીવનમાં દુ:ખોને મેં શાંતિથી સ્વીકારી લીધાં છે? મુસીબતોમાં મેં ધીરજ રાખી છે? ઈસુનાં કષ્ટોમાં જે કાંઈ ખૂટતું હોય તે મારે મારાં દુ:ખો દ્વારા પૂરૂં કરવાનું છે એ હું બરોબર સમજ્યો છું?

૧૮. મારા શરીરને મેં પવિત્ર આત્માના પાવન મંદિર તરીકે જોયું છે? એને શુદ્ધ રાખવાનો મેં પ્રયત્ન કર્યો છે? ખરાબ વિચારો, શબ્દો કે કાર્યો થકી મેં એને ભ્રષ્ટ કર્યું છે? મારા લગ્નજીવનને મેં કોઈ પણ રીતે અપવિત્ર કર્યું છે?

આત્મનિરીક્ષણ કર્યા પછી વ્યક્તિએ પોતાના જીવનમાં સુધારો લાવવાનો વિચાર કરવો જોઈએ. તે માટે તે કયા કયા પગલાં લેશે અને પોતાના પાપોના પ્રાયશ્ચિત તરીકે શું કરશે એનો નિર્ણય લેવો જોઈએ. એ પછી પસ્તાવાની અને નિશ્ચયની પ્રાર્થના આ રીતે બોલવી:

હે મારા પરમેશ્વર, તમે મારા પ્રેમાળ પિતા છો. તમારી વિરુદ્ધ જઈને મેં પાપ કર્યાં છે. હું બહુ દુ:ખી છું. કારણ કે મારા પાપને લીધે જ પ્રભુ ઇસૂ ક્રૂસ પર મરી ગયા. તેથી હું પાપને ધિક્કારું છું. તમારા પર પ્રેમ રાખવા ઈચ્છું છું અને ફરી પાપ નહીં કરવાનો દૃઢ નિશ્ચય કરું છું.

છેલ્લે નીચેનું ભજન પણ ગાઈ શકાય:

અપરાધ ક્ષમા કરો મારો, પ્રભુજી મનમંદિરે પધારો.
મારા મનમંદિરે પધારો...ટેક
નિંદિત કર્મો જે મેં કીધાં, તે પ્રભુ સર્વ નિવારો;
દાસ તણું રક્ષણ કરવાનો છે પ્રભુ ધર્મ તમારો.
અપરાધ ક્ષમા કરો મારો. પ્રભુજી...૧
શરણ રહી પ્રભુ ચરણે વંદુ, ભવજલ પાર ઉતારો;
કર જોડી પ્રભુ વીનવું તમને સંકટ સર્વ નિવારો
અપરાધ ક્ષમા કરો મારો, પ્રભુજી...૨

**૨. અધ્યાત્મ સાધના (Retreat) દ્વારા આત્મદર્શન**

ખ્રિસ્તી ધર્મમાં અધ્યાત્મ સાધનાનું ઘણું મહત્ત્વ છે. અંગ્રેજીમાં તેને રીટ્રીટ (Retreat) કહેવામાં આવે છે. મૂળ તો આ શબ્દ લશ્કર સાથે સંકળાયેલો છે. યુદ્ધ વખતે કોઈ લશ્કર વ્યૂહની દૃષ્ટિએ પીછેહઠ કરે તેને 'રીટ્રીટ' (Retreat) કહેવામાં આવે છે. અહીં તેનો અર્થ સાંસારિક કે ભૌતિક જગતમાંથી પીછેહઠ કરીને ઈશ્વરાભિમુખ બનવું કે અધ્યાત્મ માર્ગે આગળ વધવું તેમ થાય છે. આવી રીટ્રીટ એક દિવસથી માંડીને એક, બે, ત્રણ કે ચાર અઠવાડિયા સુધીની હોય છે. આ દિવસો દરમ્યાન એકાંત સેવીને સાધકે પોતાનું આત્મનિરીક્ષણ કરવાનું હોય છે. ખ્રિસ્તી ધર્મના જાણીતા સંત ઈગ્નાસે ૧૫૨૨માં 'અધ્યાત્મ સાધના' પોથીની રૂપરેખા તૈયાર કરી હતી અને તેનું આખરી રૂપ ૧૫૪૧માં તૈયાર કર્યું હતું. આમાં ૧,૨,૩ અને ૪ સપ્તાહ સુધીની અધ્યાત્મ સુધીની સાધના કેવી રીતે કરવી તે સમજાવ્યું છે. દુન્યવી નામના ને માનપાન પડ્યા છે તે ખરેખર એક ઘેલછા છે તે સત્ય સમજાવવાનો આ સાધનાનો ઉદ્દેશ છે. આ સાધનામાં પણ ઝીણવટથી પોતાના સમગ્ર જીવનનું નિરીક્ષણ કરીને કરેલાં પાપોનું પ્રાયશ્ચિત કરવાનું છે. સાધકમાં પાપનું તીવ્ર ભાન જગાડી તેનામાં જીવનનું આમૂલ પરિવર્તન પ્રેરવાનો હેતુ છે. પાપથી મુક્ત થયેલ સાધકે ઈસુના ચરણે જઈ પોતાનું સમગ્ર જીવન ઈસુને સમર્પણ કરીને તેમને પગલે ચાલવાની પ્રતિજ્ઞા લેવાની છે. પોતાની આસક્તિઓ અને પાપોને આત્મનિરીક્ષણથી દૂર કરી શકાય છે. આત્મ-નિરીક્ષણ માત્ર સાધનાના સમયે નહિ, પણ સાધના પછી પણ રોજિંદા જીવનમાં ઘણું ઉપયોગી નીવડે તેમ છે. 'દૈનિક ખાસ આત્મ નિરીક્ષણ' સંત ઈગ્નાસનું વિશિષ્ટ પ્રદાન કહી શકાય. તેમાં દિવસના ત્રણ કાળ પૈકી બે વાર આત્મનિરીક્ષણ કરવાનું હોય છે-(૧) પ્રાત:કાળે જે પાપ કે અવગુણ દૂર કરવાનો હોય તેનો ઉઠતાંની સાથે જ નિશ્ચય કરવો (૨) મધ્યાહ્ન કાળે જમ્યા પછી પોતે પેલા પાપ કે અવગુણનો કેટલી વાર ભોગ બન્યો તે યાદ કરી તેમાં સુધરી જવા ઈશ્વરની કૃપા માગવી (૩) સંધ્યાકાળે બીજી વારનું આત્મનિરીક્ષણ કરવું. પેલા પાપ કે અવગુણમાં પોતે કેટલીવાર પડ્યો તેટલાં ટપકાં કે લીટીઓ કરી ગણતરી કરવી. રવિવારથી શનિવાર સુધી દરેક દિવસ માટે બબ્બે લીટીઓ કાગળમાં દોરી ટપકાં કે લીટીઓ આલેખવી. સામાન્ય આત્મ નિરીક્ષણમાં વિચાર, વાણી અને કર્મથી થતાં પાપો વિશે ચિંતન કરીશું. ચોથા સપ્તાહની સાધના દરમ્યાન ઈસુ ખ્રિસ્તના જીવનના લગભગ ૫૦ જેટલા પ્રસંગોને યાદ કરીને તેની પર ચિંતન

કરવાનું હોય છે.

છેલ્લે ખ્રિસ્તી ધર્મના જાણીતા ચિંતક થોમસ કેમ્પિસે લખેલાં 'ખ્રિસ્તાનુકરણ' (Imitation of Christ) ના અવતરણોથી આ વિષયને સમાપ્ત કરીએ:

'એ કાન ખરેખર ભાગ્યશાળી છે જે બાહ્ય કોલાહલને નહીં, પણ અંતરમાં શિક્ષણ આવતાં સત્યને ધ્યાનપૂર્વક સાંભળે છે.

બાહ્ય વસ્તુઓ તરફ જેમની આંખો મીંચાયેલી હોય છે, પણ આંતરિક વસ્તુઓ પ્રત્યે ખુલ્લી હોય છે, તેમને ધન્યવાદ.'

✷ ✷ ✷

Mob. : 9825384623


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

**આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**

**ડી.વી.ડી.**



**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'. કિંમત રૂા. ૧૫૦**



**।। ગૌતમ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વજીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'. કિંમત રૂા. ૧૫૦**



**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા' કિંમત રૂા. ૧૫૦**



**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા. **કિંમત રૂા. ૧૫૦**



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ-સ્પર્શી કથા. **કિંમત રૂા. ૧૫૦**



**।। શ્રી હેમચંદ્રાચાર્ય કથા ।।**
**ત્રણ ડીવીડીનો સેટ**

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રનું નામ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેઓ એક મહાન ગુરુ, સમાજ-સુધારક, ધર્માચાર્ય અને અદ્ભુત પ્રતિભા હતા. તેમણે સાહિત્ય, દર્શન, યોગ, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર અને વાઙ્મયનાં દરેક અંગો પર નવા સાહિત્યની રચના કરી તથા નવા પંથકોને આલોકિત કર્યા. તેમના જીવન અને કવન વિશે વધુ જાણો ડીવીડી દ્વારા...ત્રણ ડીવીડી કિંમત રૂા.૧૫૦



**।। શ્રીમદ્ રાજચંદ્ર કથા ।।**
**ત્રણ ડીવીડીનો સેટ**

ગાંધીજીના આધ્યાત્મ ગુરુ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ દેવદિવાળીના દિવસે મોરબી પાસેનાં વવાણિયા ગામે થયો હતો.તેઓ નાનપણમાં 'લક્ષ્મીનંદન', પછીથી રાયચંદ અનેત્યારબાદ શ્રીમદ્ રાજચંદ્ર તરીકે પ્રસિદ્ધ થયા. કહેવાય છે કે તેમને સાત વર્ષની વયે પૂર્વ જન્મનું જ્ઞાન થયું હતું. આઠ વર્ષની ઉંમરે કવિતા લખવાનો આરંભ કર્યો હતો. વધુ જાણો આ ડીવીડી દ્વારા.ત્રણ ડીવીડી કિંમત રૂા.૨૦૦

**એક ડીવીડીના ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

**ઘરે બેઠાં દીવાનખાનામાં ધર્મતત્ત્વ કથાશ્રવણનો દૃશ્ય લાભ**

**કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાનભૂમિનું આત્મસ્પર્શી દર્શન કરાવશે જ.**

**સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્ય પ્રાપ્ત કરો. ● વસ્તુ કરતાં વિચારદાન શ્રેષ્ઠ છે.**

**ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડીવીડી – પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦ % ડિસ્કાઉન્ટ**

● બેંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.રવાનગી ખર્ચ અલગ

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# સાંપ્રત વૈશ્વિક વાતાવરણમાં જૈન ધર્મ
# વિશેષતાઓ અને પડકારો ?

❑ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

ટૅક્નૉલૉજીની હરણફાળને કારણે સાંપ્રત સમયે વિશ્વના દેશો પરસ્પરની અત્યંત નિકટ આવવાથી સમગ્ર વિશ્વ એક 'ગ્લોબલ વિલેજ' બની ગયું છે. એક દાયકા પૂર્વે માત્ર બે મિનિટમાં વિશ્વના મહત્ત્વના સમાચાર આખી દુનિયામાં ફરી વળતા હતા. આજે એક ચપટી વગાડીએ એટલા સમયમાં તો આખી દુનિયામાં આ સમાચારો ફરી વળે છે. માનવીની શક્તિમર્યાદાને પાર જવા માટે બાયો-ટૅક્નૉલૉજી અને જિનેટિક એન્જિનિયરિંગ એક એકથી ચડિયાતાં સંશોધનો કરી રહ્યાં છે અને સમય એવો આવી ચૂક્યો છે કે હવે મશીન અને માનવીની સ્પર્ધા એટલી તીવ્ર અને સ્પર્ધાત્મક બની છે કે માનવીને નોકરીમાંથી બેકાર કરીને મશીન એનું સ્થાન ઝડપી રહ્યું છે.

બીજી બાજુ પરમાણુશસ્ત્રોની દોડ એટલી બધી વધી ગઈ છે કે માનવ અસ્તિત્વ પર પ્રતિક્ષણ એક ખતરો ઝળૂંબે છે અને એના આવતીકાલના અસ્તિત્વ પર અહર્નિશ પ્રશ્નાર્થ મુકાઈ ચૂક્યો છે. પરમાણુ બૉમ્બ ધરાવતા અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન અને ઉત્તર કોરિયા જેવા કોઈ દેશનો સર્વોચ્ચ નેતા પોતાના ગુસ્સા પર કાબૂ રાખી શકે નહીં અને અન્ય દેશ પર મહાવિનાશક બૉમ્બ ફેંકે, તો આગ, વિસ્ફોટ અને રેડિયેશનને કારણે માનવ અસ્તિત્વનું નામનિશાન ભૂંસાઈ જાય.

એક અર્થમાં કહીએ તો આજે હિંસાનું તાંડવનૃત્ય ખેલાય છે અને પરમાણુ શસ્ત્રોથી માંડીને સામાજિક સંબંધો અને અંગત માનવીય સંબંધો સુધી હિંસાએ પ્રભુત્વ જમાવ્યું છે. આથી તો ૨૦૦૨ની વીસમી એપ્રિલ અને ગુરુવારે આતંકવાદીઓએ અમેરિકાને અને સમગ્ર વિશ્વને આતંકિત કરતો ન્યૂયૉર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો કર્યો હતો, તેની સાવ નજીક આવેલા યુનાઇટેડ નેશન્સના ચૅપલમાં 'A Journey of Ahimsa : From Bhagwan Mahavir to Mahatma Gandhi' એ વિષય પર મેં વક્તવ્ય આપ્યું, ત્યારે તેમાં ભગવાન મહાવીરના અહિંસાના ઉપદેશની સૂક્ષ્મતા અને સમગ્ર સૃષ્ટિની ખેવના કરતા જૈનદર્શનનો ખ્યાલ આપ્યો. કહ્યું કે હિંસા પહેલાં મનમાં જન્મે છે અને મનમાંથી જ કઈ રીતે કટુભાવને સમાપ્ત કરવો, એની રીત જૈનદર્શને દર્શાવી છે. અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશ અને ઇરાકના સદ્દામ હુસેન કટુભાવ છોડીને વર્તે, તો પછી યુદ્ધની શક્યતા ક્યાંથી રહે ? એ પછી જૈનતત્ત્વદર્શનની અહિંસાની સૂક્ષ્મતા અને મહાત્મા ગાંધીજી સહિત અનેક વ્યક્તિઓમાં થયેલા એના પ્રાગટ્યનો ઇતિહાસ આપ્યો. નોઆખલીના કોમી દાવાનળ વખતે જે કામ લશ્કરી સૈનિકોની ટુકડી કરી શકે નહીં, તે નિઃશસ્ત્ર અહિંસક ગાંધીજીની યાત્રાએ કર્યું હતું.

અહિંસાની યાત્રા વિશેનું આ વ્યાખ્યાન પૂર્ણ થતાં કાર્યક્રમના અંતે એક ખ્રિસ્તી પાદરીએ આવીને વિનંતીપૂર્વક કહ્યું, 'આ વિનાશક વાતાવરણમાં જીવતા અમને માનવઅસ્તિત્વને ઉગારવા માટે એક મહાવીર આપો ને ?'

મને લાગ્યું કે સામે એક હિંસાનું તાંડવનૃત્ય ખેલાઈ રહ્યું હતું એવા સ્થળે એક ધર્મોપદેશકને જગતમાં અહિંસાનું ઉલ્લાસનૃત્ય જોવાની કેવી તીવ્ર અભિલાષા છે ! જેમ ફટાકડો ફૂટે અને એનો અવાજ કેવો થાય છે, એ સાંભળવાની બાળકને જિજ્ઞાસા હોય, તેમ સત્તાશોખીનોને બૉમ્બનો અવાજ કર્ણપ્રિય લાગે છે. આજે ૧૪ દેશોમાં જુદાં જુદાં સ્થળોએ સોળ હજાર અણુશસ્ત્રો રહેલાં છે. આથી તો ૧૯૪૫ની છઠ્ઠી ઑગસ્ટે અમેરિકાએ 'લિટલ બૉય' (નામ પણ કેવું !) બૉમ્બ નાખ્યો, ત્રણ દિવસ પછી 'ફેટમૅન' નામનો બૉમ્બ નાગાસાકી પર નાખ્યો. વિનાશનો અનુભવ કરી ચૂકેલા હિરોશિમામાં એક સ્મારકમાં ભલે એવો લેખ કંડારવામાં આવ્યો હોય કે 'હવે પછી માનવજાત અણુબૉમ્બ ફેંકવાની મૂર્ખાઈ નહીં કરે' પરંતુ હકીકત તો એ છે કે માનવજાતે એ પછી વારંવાર બૉમ્બ ફેંક્યા છે અને આખાય વિશ્વયુદ્ધમાં જેટલા બૉમ્બ ફેંકાયા હતા એટલા ઇરાક પર માત્ર પ્રથમ ચાર કલાકમાં વીંઝાયા હતા.

આજે અફઘાનિસ્તાન, સીરિયા કે ગાઝા પટ્ટીનું જનજીવન બૉમ્બથી કેવી દુર્દશાને પામ્યું છે, એ તો આપણી કલ્પના બહારની વાત છે. યુદ્ધ હવે ભૂમિને બદલે આકાશમાં ખેલાશે, ક્યાંક ઝેરી વાયુ ફેલાવીને પ્રજાના માનસને મૂર્છિત કે બહેરું કરી નાખવામાં આવશે. ચોતરફ મનુષ્યજાતિ પોતાના સ્વનાશ તરફ ધસી રહી છે, ત્યારે જૈન ધર્મની સામે મોટામાં મોટો પડકાર એ એના સૌથી મહત્ત્વના અહિંસા-સિદ્ધાંતને જગતવ્યાપી બનાવીને વૈશ્વિક અસ્તિત્વને બચાવવાનો છે.

આપણે જૈનદર્શનની અહિંસાની સૂક્ષ્મતાની અભૂતપૂર્વ ખેવના સાથે આચરણ કરીએ છીએ, પણ હવે જગતમાં વ્યાપકપણે પ્રવર્તતી હિંસાને માટે કારગત ઉપાયો યોજવાના છે. રસોઈઘર સુધી

અહિંસાનું પાલન ખૂબ ચીવટપૂર્વક કર્યું, તન અને મનના અહિંસક ભાવોની જાળવણી કરી, પરંતુ વૈશ્વિક ફલક પર એ અહિંસાનું પ્રાગટ્ય કરવાનો સમય પાકી ચૂક્યો છે.

સૌથી પ્રાચીન આગમસૂત્ર 'આચારાંગ સૂત્ર'માં કહ્યું છે : 'કોઈ પણ પ્રાણી, જીવ કે તત્ત્વની હિંસા ન કરવી એ શુદ્ધ, નિત્ય અને શાશ્વત ધર્મ છે.'

આપણે જાણીએ છીએ કે અહિંસા એ જૈન ધર્મનો પાયો અને પ્રાણ છે. અન્ય ધર્મોએ અહિંસાનો આદર કર્યો છે, પણ જૈન ધર્મ જેટલું પ્રાધાન્ય આપ્યું નથી. જૈનદર્શનમાં અહિંસાની સૂક્ષ્મવિચારણા માનવીને માત્ર વિશ્વમાનવી બનાવવાની વાત કરતી નથી, બલ્કે એને પશુ-પંખી, પ્રકૃતિ, પર્યાવરણ અને માનવનો સમાવેશ કરતી વિરાટસૃષ્ટિમાં અહિંસક માનવ બનાવવાનો આલેખ આપે છે. એ સર્વ પ્રાણીઓને આત્મતુલ્ય માનીને સમગ્ર સૃષ્ટિ પ્રત્યે આદર દાખવવાનું કહે છે. જે પ્રાણી પ્રત્યે ક્રૂર થાય તે માનવ પ્રત્યે પણ ક્રૂર થઈ શકે. જેના હૃદયમાં ક્રૂરતા હશે, પછી તે પ્રાણી હોય કે મનુષ્ય - એ સહુ તરફ ક્રૂર વર્તન કરશે. જેના હૃદયમાં કરુણા હશે તે મનુષ્ય, પ્રાણી, પ્રકૃતિ - સર્વ પ્રત્યે કરુણાપૂર્ણ વર્તન કરશે. આમ, હિંસા એ માત્ર સ્થૂળ, બાહ્ય આચરણ નથી, પરંતુ આંતરિક દુર્વૃત્તિ છે.

આ સંદર્ભમાં જૈન તત્ત્વદર્શને એક બીજો વિચાર પણ આપ્યો. જીવ આજે એક યોનિમાં હોય, તો પછીના જન્મમાં બીજી યોનિમાં પણ હોય. આજે માખી હોય તો પછીના ભવમાં મનુષ્ય પણ હોય. આવું હોવાથી મનુષ્યને મનુષ્યેતર પ્રાણી-સૃષ્ટિને દુઃખ આપવાનો કોઈ અધિકાર નથી. જગતનાં સર્વ પ્રાણીઓ પ્રત્યે, પછી તે શત્રુ હોય કે મિત્ર, સમભાવથી વર્તવું જોઈએ. માનવીના હૃદયનો આ સમભાવ કેવો હોવો જોઈએ તે દર્શાવતાં આગમસૂત્રમાં કહ્યું,

''જેને તું હણવા માગે છે તે તું જ છે, જેના પર તું શાસન કરવા માગે છે તે તું જ છે, જેને તું પરિતાપ ઉપજાવવા માગે છે તે તું જ છે, જેને તું મારી નાખવા માગે છે, તે પણ તું જ છે, આમ જાણીને સમજુ માણસ કોઈને હણતો નથી, કોઈના પર શાસન ચલાવતો નથી કે કોઈને પરિતાપ આપતો નથી.''

આચાર્ય ઉમાસ્વાતિએ લખેલા જૈનદર્શનના મૂલ્યવાન ગ્રંથ 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું, 'परस्परोपग्रहो जीवानाम्' અર્થાત્ 'જીવોનું જીવન એકબીજાના સહકારથી ચાલી શકે છે.' જૈન તત્ત્વવિચારની અહિંસા એ તાત્ત્વિક વિચારણા, વ્યાપક અનુભવ અને ઉદાત્ત ભાવનાનું પરિણામ છે. સર્વ જીવોની સમાનતાના સિદ્ધાંતમાંથી અહિંસાનો આવિષ્કાર થયો છે.

આ અહિંસાની ભાવનાની સૂક્ષ્મતા દર્શાવતાં જૈનદર્શન કહે છે કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ સર્વમાં જીવ છે. તેમના અસ્તિત્વનો સ્વીકાર કરીએ. તેમના અસ્તિત્વનો ઇન્કાર એટલે સ્વયંના અસ્તિત્વનો અસ્વીકાર ગણાય. પોતાના અસ્તિત્વનો અસ્વીકાર કરનાર વ્યક્તિ જ આ સર્વ જીવોની ઉપસ્થિતિને નકારી શકે. સ્થાવર અને જંગમ, દૃશ્ય અને અદૃશ્ય તમામ જીવોનું અસ્તિત્વ સ્વીકારનાર વ્યક્તિ જ અહિંસક કહેવાય. આ અહિંસક વિચારણાને જ આજના પર્યાવરણનો પાયો ગણી શકાય.

હિંસા કરવાના વિચારથી જ કર્મબંધ થાય છે. અસત્ય વાણી અને વર્તન એ પણ હિંસા છે. બીજાને આઘાત આપવો અથવા તો બીજાની હિંસક પ્રવૃત્તિને ટેકો આપવો, એની અનુમોદના કરવી તે પણ સૂક્ષ્મ હિંસા છે. પ્રથમ વ્યક્તિના ચિત્તમાં - વિચારમાં હિંસા આવે છે પછી તે વાણી અને વર્તનમાં પ્રગટે છે. આથી કહેવાયું છે કે `War is born in the mind of men.' વિચાર, આચાર અને આહાર એ ત્રણેમાં અહિંસા પ્રગટવી જોઈએ. આ અહિંસાના સિદ્ધાંતમાંથી જ સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને અનેકાન્ત પ્રગટે છે.

જૈન તત્ત્વદર્શનની અહિંસા એ કોઈ બાહ્યાચાર નથી, બલ્કે માનવીના જીવન સમગ્રને મનોરમ આકાર આપતી જીવનશૈલી છે. ભગવાન મહાવીરે પોતાની અહિંસક વિચારધારાની આકરી કસોટી પણ કરી. ભગવાન મહાવીર એમના શિષ્ય ગોશાલક સાથે રાઢ નામના નિર્દયી અને હત્યારા લોકો વસતા હતા એવા પ્રદેશમાં જાય છે. અહીં માણસના શરીરના માંસના લોચા કાઢતા કૂતરાઓ હતા, પણ મહાવીરે કૂતરાઓને દૂર કરવા હાથમાં લાકડી લેવાનું પણ પસંદ કર્યું નહીં. જંગલી અને નિર્દય માણસોથી ભરેલા આ ભયાનક પ્રદેશમાં અહિંસા-યાત્રા કરીને ભગવાન મહાવીરે હિંસાની આગ વચ્ચે અહિંસાનો સંદેશ ફેલાવ્યો.

સવાલ એ છે કે આપણા ધર્મજીવનમાં અને વ્યવહારમાં અહિંસાનું પાલન કર્યું, પરંતુ એને સામાજિક કે વૈશ્વિક સ્તરે કેટલી ઊજાગર કરી છે ? જગત સાથેના વ્યવહારમાં અહિંસાના કેટલા પ્રયોગો કર્યા ? ગાંધીનગરમાં અક્ષરધામ પર ગ્રેનેડ અને એ.કે. ૪૭થી ૨૦૦૨ની ૨૪મી સપ્ટેમ્બરે બપોરે ૪-૪૫ વાગે આતંકવાદી હુમલો થયો. ૩૩ વ્યક્તિઓની હત્યા થઈ અને બીજા ૮૦ ગંભીર રીતે ઘાયલ થયા. આ સમયે સારંગપુરમાં બિરાજતા પૂ. પ્રમુખસ્વામી મહારાજે સહુને સંદેશ પાઠવ્યો કે બધા શાંતિ જાળવે. સંયમ રાખે. પ્રભુ પર શ્રદ્ધા રાખી પ્રાર્થના કરે. આમ ગુજરાતને ભયાવહ કોમી ઘર્ષણથી એમણે ઉગારી લીધું. આવે સમયે ભગવાન મહાવીરની મૂર્તિ ખોવાઈ જાય અને તમારું લોહી કેમ ઊકળતું નથી, એવા સૂર જૈનસમાજમાં સાંભળવા મળે, ત્યારે આશ્ચર્ય જ થાય !

હકીકત તો એ છે કે આપણે સામાજિક અને રાજકીય સ્તરે અહિંસાના કેટલા પ્રયોગો કર્યા, તેનો હિસાબ કરવાની જરૂર છે. અહિંસા એ જગતનું સૌથી પ્રભાવક સક્રિય પરિબળ છે, પણ એની સક્રિયતા વૈશ્વિક સ્તરે કેટલી દાખવી છે ? વળી ઝનૂની સાંપ્રદાયિકતા

દ્વારા સૂક્ષ્મ રૂપે હિંસા પ્રગટતી હોય છે. બીજા ધર્મ-સમુદાયના લોકોની તો ઠીક, પરંતુ પોતીકા સમુદાયના, કોઈ ગચ્છના આંતરસંબંધોમાં વૈમનસ્યની વૃત્તિથી દૂર રહી શક્યા છીએ ખરા? હિંસક પ્રદેશોમાં જઈને અહિંસાની પ્રવૃત્તિ કરી છે ખરી? જો આવું કરી શક્યા હોત તો બિહાર અને ઝારખંડમાં વસતી સરાક જાતિ આપણાથી વિખૂટી પડી ગઈ ન હોત ! વૈશ્વિક કક્ષાએ થતાં યુદ્ધોમાં આજે આપણો અવાજ ન હોય તો ભલે, પરંતુ ભ્રૂણ હત્યા જેવી બાબતોમાં કેટલી સક્રિયતા દાખવી છે?

આચાર્ય મહાપ્રજ્ઞજીએ પ્રેક્ષાધ્યાન દ્વારા અહિંસાના પ્રશિક્ષણની વાત કરી. જેમ આતંકવાદીઓ હિંસાનું શિક્ષણ આપે છે, તેમ અહિંસાનું પ્રશિક્ષણ આપવામાં આવે. એમણે જેલના હિંસક કેદીઓમાં અને ઉગ્ર સ્વભાવના પોલીસોના સમૂહમાં પ્રેક્ષાધ્યાન દ્વારા હિંસક ભાવોમાં પરિવર્તન સાધ્યું હતું. આવી અહિંસાના પ્રશિક્ષણ દ્વારા અહિંસાનો સંદેશ ફેલાવવાની જરૂર છે.

ગુજરાત સરકાર દ્વારા અહિંસા યુનિવર્સિટીનો આખોય મુસદ્દો તૈયાર કર્યો હતો, પણ પછી સરકારના ધોરણે કશું થયું નહીં અને સમાજ આ અંગે વિચાર પણ કરતો નથી. ધર્મ મહાન હોય, તત્ત્વચિંતન મહાન હોય, પણ એનું પ્રાગટ્ય ન હોય, તો શો અર્થ?

પ્રત્યેક ધર્મમાં પરંપરા અને પરિવર્તન બંને સાથોસાથ ચાલતા હોય છે. ઘણી વાર પરંપરા પરિવર્તનનું ગળું દાબી દેતી હોય છે, તો ઘણી વાર પરિવર્તન પરંપરાની ઉપેક્ષા કરતું હોય છે. પરંપરાને કારણે ધર્મની દૃઢતા અને સુગ્રથિતતા જળવાઈ રહે છે, પરંતુ આ પરંપરામાં ક્યારેક 'સાપ ગયા અને લિસોટા રહ્યા' જેવી પરિસ્થિતિ સર્જાતી હોય છે. આપણે પરંપરાથી ભિન્ન વિચારધારા ધરાવનારને આદર આપીએ છીએ ખરા? એક એવી વૈચારિક ભૂમિકા ઊભી કરી છે કે જ્યાં સમાજના જુદા જુદા સ્તરના લોકો એકત્રિત થઈને ધર્મવિષયક ચિંતન કરે, ધર્મની એ ભાવનાને વધુ સ્પષ્ટકરે અથવા તો વિહારના માર્ગો કે વારંવાર થતા અકસ્માતો વિશે દોરવણી અને માર્ગદર્શન આપે. સાધુસમાજમાં આવું જોવા મળે છે, પરંતુ શ્રાવકસમાજમાં ધર્મવિષયક વૈચારિક જાગૃતિ પ્રમાણમાં ઓછી જોવા મળે છે અને એનું પરિણામ એ આવ્યું છે કે પરંપરામાં માનનાર પરિવર્તનશીલોને 'નાતબહાર' માને છે અને પરિવર્તનમાં માનનાર પરંપરાવાદીની હાંસી ઉડાવીને પરંપરાના મર્મને જાણવાનો પ્રયાસ કરતા નથી.

વર્તમાન પરિસ્થિતિમાં એક મહત્ત્વનો પડકાર ધાર્મિક જ્ઞાન વિશેનો છે. પાઠશાળાથી માંડીને સામાન્ય શ્રાવક સુધી સહુ કોઈને આ સ્પર્શે છે. ધર્મમાં જ્ઞાન અને ક્રિયા બંનેનું સમાન મહત્ત્વ હોવા છતાં ક્રિયાનું પલ્લું નીચું નમી ગયું છે અને પરિણામે જ્ઞાનપૂજાની વાત થાય, શ્રુતજ્ઞાનનો મહિમા ગવાય, શાસ્ત્રગ્રંથોની ખૂબ જાળવણી થાય, પરંતુ હકીકતમાં જ્ઞાનાભ્યાસની કે પંડિત વિદ્વાનની સમાજમાં એટલી પ્રતિષ્ઠા થઈ નથી. ઉત્સવ-મહોત્સવમાં નાણાંનો ધોધ વહે છે અને જ્ઞાનનાં કાર્યોમાં દરિદ્રની સ્થિતિ દેખાય છે! આનું પરિણામ એવું ગંભીર આવ્યું છે કે આજે પાઠશાળાઓમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ આવે છે અને એનાથીય ઓછા લાંબા સમય સુધી અભ્યાસ કરે છે. જ્ઞાની પંડિતોની પ્રતિષ્ઠા કરવાને બદલે એમને પેઢીના મુનીમ બનાવી દીધા! કોઈ ખ્રિસ્તીને 'બાઇબલ' વિશે પૂછો, કોઈ હિંદુને 'શ્રીમદ્ ભગવદ્ગીતા' કે 'રામાયણ' વિશે પૂછો, તો એ તત્કાળ ઉત્તરો આપશે. જ્યારે કોઈ જૈન ધર્મીને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના એક ગ્રંથ વિશે પૂછો, ભગવાન મહાવીરની વાણીનાં ત્રણેક સૂત્રો પૂછો કે પછી ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીના સંવાદ વિશે પૂછો, તો ધાર્યો ઉત્તર નહીં મળે.

આથી કેટલાક પંડિતોને જ્ઞાનપૂજાને બદલે પૂજા-પૂજન તરફ વળવું પડ્યું છે. વળી આ પૂજનોની પવિત્રતા અને ગરિમા કેટલી જળવાય છે અને એની પાછળ ભક્તિનું કેટલું પ્રાગટ્ય હોય છે, તે વિશે જેટલું ઓછું કહીએ તેટલું સારું. જિનાલયો આવશ્યક છે, પણ સાથોસાથ એનું વાતાવરણ, પવિત્રતા અને આધ્યાત્મિકતાનો વિચાર કરવાની જરૂર છે. અમદાવાદથી સવારે નીકળી સાંજે શત્રુંજય તીર્થની યાત્રા કરી આવનારા તમને મળશે.

એન્ટવર્પમાં દેરાસરની પ્રતિષ્ઠા પછી એક બાળકે આવીને થૅન્ક યૂ કહેતાં કહ્યું, 'મારો મિત્ર માઇકલ દર રવિવારે એના ભગવાનને મળવા જતો. સોમવારે એ મને કહેતો કે હું રવિવારે 'ગોડ' સમક્ષ પ્રાર્થના કરવા ગયો હતો. તારા 'ગોડ' ક્યાં છે? તમે અમને 'ગોડ' આપ્યા. થૅન્ક યૂ !' એક મોટો પડકાર આસપાસની પરિસ્થિતિના દબાણનો છે. જુદા જુદા ધર્મના બાળકો સાથે ભણવાને કારણે સ્વધર્મની ક્રિયા અને આચાર વિશે તુલના થાય છે. વિદેશમાં જૈન બાળકો પર પ્રભાવ પાડતું આ મોટું પરિબળ છે. જુદા જુદા ધર્મો પોતાનો પુષ્કળ પ્રચાર (ક્યાંય પ્રલોભન પણ) કરીને આવું એક 'પ્રેશર' ઊભું કરતા હોય છે. એ ધર્મો આકર્ષવા માટે વિનામૂલ્યે સાહિત્ય આપતા હોય છે અથવા તો જીવન જીવવા માટે આર્થિક સુવિધા આપતા હોય છે. આની સામે ઊભા રહેવા માટે સજ્જ થવાની વેળા પાકી ગઈ છે.

ભારતથી ધર્મસંસ્કારો લઈને ગયેલા જૈનોએ વિદેશમાં જૈન ધર્મની પ્રવૃત્તિના પ્રારંભ અને એના પ્રસારને માટે પ્રશંસનીય પ્રયત્નો કર્યા. આ પ્રયત્નને પરિણામે જુદા જુદા દેશોમાં જૈન સેન્ટર અને આરાધના ભવનો નિર્માણ પામ્યાં. આને કારણે સમાજ સુગ્રથિત રહ્યો. કેટલાંકે સેન્ટરોમાં સ્વાધ્યાયની પ્રવૃત્તિ સુંદર રીતે વિકસી. જૈન ધર્મના શિક્ષણ માટે ભગીરથ કામ થયું. 'જૈના ઇ-લાઇબ્રેરી' દ્વારા ધર્મગ્રંથો આસાનીથી ઉપલબ્ધ થયા, પરંતુ આ સઘળી પરિસ્થિતિની વચ્ચે મહત્ત્વનો પ્રશ્ન એ છે કે નવી પેઢીના કેટલા યુવાનો જૈન ધર્મની પ્રવૃત્તિ સાથે સાતત્યપૂર્ણ રીતે જોડાયેલા રહે છે? વિદેશમાં એક તો આસપાસ વસતા અન્ય ધર્મીઓનો પ્રભાવ પડતો હોય છે અને બીજું કે આંતરજ્ઞાતીય કે આંતરજાતીય જ નહીં, બલ્કે આંતરદેશીય લગ્ન

થતાં હોય છે. એક મોજણી અનુસાર આવી રીતે અન્ય ધર્મની વ્યક્તિ સાથે લગ્નગ્રંથિથી જોડાનારા માંડ ૩૦ ટકા યુવકો જ પછી જૈન સેન્ટરો સાથે જોડાયેલા રહે છે.

વળી જૈન સેન્ટરોમાં થતા કાર્યક્રમોમાં પૂજા-પૂજનોનો એટલો બધો મહિમા થઈ ગયો છે કે જેથી ધર્મનાં મૂળતત્ત્વો, એનું તત્ત્વજ્ઞાન, એનો ભવ્ય વારસો આ બધાથી લોકો ધીરે ધીરે દૂર થતા જાય છે. નવી પેઢીને આમાં ઓછો રસ પડે છે.

જૈન ધર્મગ્રંથોના અંગ્રેજી અનુવાદનો પ્રશ્ન અતિ વિકટ છે. ઇન્ટરનેશનલ સૅક્રેડ લિટરેચર ટ્રસ્ટ દ્વારા આચાર્ય ઉમાસ્વાતિજીનું તત્ત્વાર્થ સૂત્ર 'That Which is - Tattvartha Sutra' ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજીએ તૈયાર કર્યું, ત્યારે જૈન પારિભાષિક શબ્દોનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં પારાવાર મુશ્કેલી પડી અને આજે એ પરિસ્થિતિમાં કશો ફેર પડ્યો નથી. આની સામે બૌદ્ધ ધર્મના લોકોએ પહેલું કામ બૌદ્ધ ધર્મના પારિભાષિક શબ્દોનો અંગ્રેજીમાં કોશ તૈયાર કર્યો અને પછી તેને અનુસરીને બૌદ્ધ ગ્રંથોનો અનુવાદ કર્યો, જેને કારણે એક પ્રકારની પ્રમાણભૂતતા, સળંગસૂત્રતા અને સાતત્ય જળવાઈ રહ્યાં. આવતીકાલની દૃષ્ટિએ આ એક મોટો પડકાર છે, કારણ કે હવે સંસ્કૃત, પ્રાકૃત જેવી ભાષાઓ અથવા તો ગુજરાતી કે હિંદી જેવી માતૃભાષાનું શિક્ષણ મેળવનારી વ્યક્તિઓ બહુ ઓછી મળે છે, ત્યારે આવતી પેઢીને આ ધર્મસંસ્કારો અને ધર્મમૂલ્યોનો પરિચય કઈ રીતે કરાવી શકીશું?

જૈન ધર્મના ઇતિહાસને આલેખવાના જૂજ પ્રયત્નો થયા છે અને ઇતિહાસ પ્રત્યેની આપણી ઉપેક્ષાને કારણે તેજસ્વી વારસો ધરાવતી આ પરંપરાનાં થોડાંક ચરિત્રો વિશે લોકોની પાસે ઉપરછલ્લી સામાન્ય માહિતી છે. જે પ્રજા પોતાનો ઇતિહાસ ભૂલે છે, તેનો માત્ર ભૂતકાળ જ વિસ્મૃત થતો નથી, પણ ભવિષ્ય અંધકારમય બને છે, કારણ કે ઇતિહાસ માનવજાતનો સમજદાર શિક્ષક છે. જૈન ઇતિહાસ વિશે આપણે ખરેખર કેટલું જાણીએ છીએ? શું તિબેટી ગ્રંથોમાં જૈન ધર્મવિષયક ઉલ્લેખોનો અભ્યાસ થયો છે ખરો ? ઈ. સ. પૂર્વે ૧૪મી સદીમાં તિબેટમાં જિઆન નામની જાતિ વસતી હતી. આ જિઆન શબ્દ જૈનનો પર્યાયવાચી ગણાય છે. વળી આ બંને શબ્દની ઉત્પત્તિ જિન શબ્દ પરથી થઈ છે. આ વિશે સંશોધન થયું છે ખરું? વળી Gangkare Teashi (અર્થાત્ શ્વેતકૈલાશ) નામના તિબેટી ગ્રંથોમાં સ્પષ્ટપણે લખ્યું છે કે આ કૈલાસમાં બૌદ્ધ ધર્મના લોકો પૂર્વે જૈન રહેતા હતા.

આ મૂલ્યવાન ગ્રંથમાં જૈનોની બે પરંપરાનો પણ ઉલ્લેખ મળે છે. એક પરંપરાને ચેર પુ પા (Chear Pu Pa) તરીકે ઓળખાવવામાં આવી છે અને એવી નોંધ મળે છે કે આ ચેર પુ પા આકાશને એમનું વસ્ત્ર માનતા હતા અને તેઓ પાપ-પુણ્ય અને કર્મના સિદ્ધાંતમાં શ્રદ્ધા ધરાવતા હતા. સ્વાભાવિક રીતે જ આ દિગંબર પરંપરાની વાત છે. એ જ રીતે ગ્યાલ ફાલ પા (Gyal Phal Pa) એટલે કે શ્વેતાંબરો હતા, તેઓ એમના શરીર પર શ્વેત વસ્ત્રો ધારણ કરતા હતા. એમાં લખ્યું છે કે આ ધર્મ એ પૃથ્વી પર બૌદ્ધ ધર્મ આવ્યો તે પહેલાં ઘણા સમય પૂર્વેથી ચાલતો આવ્યો છે. 'ખ્યૂ ચોક' તરીકે ભગવાન ઋષભદેવનું નામ મળે છે અને 'ફેલ વા' રૂપે ભગવાન મહાવીરનું નામ મળે છે. એમાં નોંધ્યું છે કે ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ બંને એક જ સમયે થયા.

માત્ર ઇતિહાસની આંખે જ ચાલનારા અને પ્રમાણોને સમજનારા વિદેશી સંશોધકો ભગવાન પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીને જ ઐતિહાસિક ગણે છે. એ પહેલાંના તીર્થંકરોની વાતનો સ્વીકાર કરતા નથી. પરંતુ આ તિબેટી ગ્રંથની વિગતો એવી છે કે એનાં પ્રમાણો છેક પ્રથમ જૈન તીર્થંકર ઋષભદેવના સમય સુધી લઈ જાય છે.

આ પુસ્તકમાં એક મહત્ત્વનો ઉલ્લેખ એ પણ છે કે જૈન ધર્મના પ્રથમ ભગવાન ઋષભદેવે કૈલાસ પર્વત પર તપશ્ચર્યા કરી હતી અને કૈલાસથી થોડે દૂર આવેલી એક ગુફામાં તેઓ નિર્વાણ પામ્યા અને એ ગુફા અષ્ટાપદને નામે ઓળખાતી હતી. આ ગ્રંથમાં અષ્ટાપદનો ઉલ્લેખ 'સાંગ્યે શુક થી' અને 'યેન લાક ગેડન ના ગ્યાડ ડેન' એ નામે મળે છે. એથી ય વધારે એ નોંધ મળે છે કે ઋષભદેવના મોટા પુત્રનું નામ ભરત હતું અને એ અતિ પ્રસિદ્ધ રાજા બન્યા. એમના ભાઈનું નામ બાહુબલિ હતું. આ ગ્રંથમાં ભરતને માટે 'ફૂ' અને બાહુબલિને માટે 'ઝેબોભાલી' શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. વળી એવી પણ નોંધ મળે છે કે ઝેબોભાલી અને તેનાં બીજાં ભાઈઓ અને બહેનો અને સાધુઓએ કૈલાસ પર્વત પર તપશ્ચર્યા કરી હતી.

આ બધા ઉલ્લેખો ઉપરાંત એક અત્યંત મહત્ત્વનો ઉલ્લેખ તે મુનિ સુવ્રતસ્વામીનો છે. તિબેટિયન ભાષામાં આવા સંદર્ભો ધરાવતા અનેક ઉલ્લેખો છે, પરંતુ આ પુસ્તકો પ્રાચીન તિબેટી ભાષામાં લખાયેલા હોવાથી તેને ઉકેલવા ઘણા કઠિન છે. પ્રાચીન તિબેટી ભાષાના જાણકાર અને અંગ્રેજી કે ભારતીય ભાષાઓમાં એનો અનુવાદ કરી શકનાર કોઈ અનુવાદકની આજે રાહ જોવાય છે, જે તિબેટિયન સાહિત્યનાં આ પુસ્તકોમાં રહેલા જૈન ધર્મ વિષયક પ્રમાણોને પ્રકાશમાં લાવી શકે.

ભગવાન ઋષભદેવની નિર્વાણભૂમિ અષ્ટાપદ વિશે છેક ન્યૂયૉર્કમાં ડૉ. રજનીભાઈ શાહના પ્રયાસથી દૃષ્ટાંતરૂપ સંશોધન થયું. સેટેલાઇટના માધ્યમથી એની શોધ થઈ. કેટલાંક સ્થળોએ એના સંકેતો મળ્યા. આજે આ પ્રદેશ ચીનના આધિપત્ય હેઠળ છે એવો નિષ્કર્ષ મળ્યો છે.

સૌપ્રથમ ૧૯ ઝેરોક્ષ વૉલ્યૂમમાં આ અંગેની નાનામાં નાની વિગતોનો સંગ્રહ કર્યો. એ પછી 'અષ્ટાપદ મહાતીર્થ'ના બે ગ્રંથો સંપાદિત કરીને પ્રકાશિત કર્યા. સંશોધકોની ટુકડીએ બે વખત

અષ્ટાપદની ખોજ-શોધના સંદર્ભમાં કૈલાસ-માનસરોવરની યાત્રા કરી. આ યાત્રામાં કૉલકાતામાં વસતા જૈન ધર્મનાં ઊંડાં અભ્યાસી તથા જૈન ધર્મની પ્રાચીનતાનાં સંશોધક એવાં વિદુષી ડૉ. લતા બોથરાએ બે યાત્રાઓ કરી અને અંતે ડૉ. લતા બોથરા અને અમદાવાદના ઇસરોના પૂર્વ વિજ્ઞાની અને ભારતના જાણીતા સ્પેસ આર્કિયોલૉજીના નિષ્ણાત ડૉ. પી. એસ. ઠક્કરે આની શોધ કરી છે.

આજ સુધી કૈલાસ માનસરોવરની યાત્રાએ જનારને કૈલાસની દક્ષિણ દિશામાં આવેલો એક પર્વત અષ્ટાપદ પર્વત હોવાનું કહેવાતું હતું. અષ્ટાપદના નામે ઓળખાતા એ પર્વતમાં ગુફાઓ મળી, પરંતુ ત્યાંથી જૈન ધર્મની ગવાહી આપતા કોઈ પુરાવા ન મળ્યા. એ પછી કૈલાસ પર્વતની આસપાસના ક્ષેત્રનું વિસ્તૃત અધ્યયન કરવામાં આવ્યું. આજુબાજુના પર્વતોની સઘળી માહિતી એકત્રિત કરી, પણ ક્યાંય જૈન ધર્મના આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવના નિર્વાણ-સ્થળના પ્રમાણભૂત પુરાવાઓ પ્રાપ્ત થયા નહીં. ત્યારબાદ ડૉ. લતા બોથરાએ થાઇલૅન્ડમાં સંશોધન શરૂ કર્યું, તો ત્યાં હજારો જૈન મૂર્તિઓના અવશેષ જોવા મળ્યા અને એમ સિદ્ધ થયું કે અહીં એક સમયે જૈન ધર્મની જાહોજલાલી હોવી જોઈએ. આવી સેંકડો મૂર્તિઓ જોતાં એમ લાગ્યું કે કદાચ અહીં અષ્ટાપદ હોઈ શકે, પરંતુ ત્યાંથી પણ પૂરતાં પ્રમાણો સાંપડ્યાં નહીં.

બીજી બાજુ કૈલાસ નામના પાંચ પર્વત મળતા હતા. કિન્નર કૈલાસ, મણિમહેશ કૈલાસ, આદિ કૈલાસ, શ્રીખંડ કૈલાસ અને કૈલાસ માનસરોવર. આ બધાં સ્થળોએ અષ્ટાપદની તપાસ કરી, પરંતુ ક્યાંય અષ્ટાપદ કે ઋષભદેવનું નિર્વાણસ્થળ હોવાનો કોઈ પુરાવો પ્રાપ્ત થયો નહીં. એવામાં વળી સંશોધનયાત્રા દરમિયાન એક બીજો કૈલાસ પર્વત મળી આવ્યો. કાશ્મીરની ઉત્તરે ચીનમાં તુર્કિસ્તાનમાં આવેલો આ કંગૂર પર્વત હતો. અહીંના તાજિક લોકો એને કૈલાસના રૂપમાં જોતા હતા, પરંતુ અહીં અન્ય કોઈ પ્રમાણ ઉપલબ્ધ થયાં નહીં. રોજ આઠથી દસ કલાક ડૉ. લતા બોથરા પ્રાચીન ગ્રંથો, પ્રમાણો, અન્ય ધર્મના ગ્રંથોનો અભ્યાસ કરતાં રહ્યાં.

અંતે કૈલાસ-અષ્ટાપદ ચીનના અત્યંત રમણીય એવા સિચુઆનના દક્ષિણ-પશ્ચિમમાં હોવાની જાણકારી પ્રાપ્ત થઈ. આ સ્થાન એ ચીન-તિબેટની સીમાની નજીક તથા કોકોનાર સરોવર પ્લેટ્યૂ (ઊંચું સ્થળ) પર આવેલું છે. એની ઉત્તરમાં જ્ઞાનગંજ સિદ્ધાશ્રમ છે. એવો ઉલ્લેખ મળે છે કે ભારતના અરુણાચલ પ્રદેશની ઉત્તરે આવેલા આ સ્થળમાં ૧૫મી શતાબ્દીના શીખ ધર્મના સંસ્થાપક ગુરુ નાનક અરુણાચલમાં સાધના કરીને ત્યાંથી જ્ઞાનગંજ ગયા હતા અને તેથી આ ક્ષેત્રને 'સચ્ચખંડ' કહ્યું હતું. અહીં અત્યંત વિશાળ એવું કોકોનાર સરોવર આવેલું છે, એમાં પાંચ દ્વીપ છે. અને એમાં એક દ્વીપ પર મંદિર આવેલું છે. અહીં કોઈ હોડી, વહાણ કે સ્ટીમર જઈ શકતાં નથી, કારણ કે આ સરોવર પર સદાય બરફ જામેલો હોય છે, તેથી લામાઓ પણ આ બરફ ઉપરથી અવરજવર કરતા હતા.

અહીં આવેલો આ અષ્ટાપદ પર્વત સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે ઍવરેસ્ટથી પણ ઊંચો છે. ઈ. સ. ૧૯૩૦માં જોસેફ રોક નામના અંગ્રેજ અહીં આવ્યા હતા અને આ પર્વતની સુંદરતા જોઈને મુગ્ધ બની ગયા હતા. એણે નોંધ્યું છે કે 'હું મારો આનંદ અભિવ્યક્ત કર્યા વિના રહી શક્યો નહીં. આ દૃશ્યને જોનારો હું પ્રથમ માનવી છું, એ મારું કેટલું મોટું સદ્ભાગ્ય છે.'

કૈલાસ પર્વત પર ચારે બાજુ સુંદર પર્વતમાળાઓ છે અને એની પરિક્રમા કરવા માટે દૂર દૂરથી લોકો આવે છે. એમ કહેવાય છે કે એની ત્રણ વાર પરિક્રમા કરવાથી સઘળી ઇચ્છાઓ પૂર્ણ થાય છે. એની દક્ષિણ-પશ્ચિમમાં 'દેઓચેંગ' એટલે કે દેવસ્થાન છે, જેના પર ત્રણ મુખ્ય પર્વત અને ભગવાન ઋષભદેવના પુત્રએ બનાવેલો સિંહનિષિદ્યા પ્રાસાદ છે. એની પરિક્રમામાં આઠ સિવાન છે, એથી એને અષ્ટાપદ કહે છે. જ્યારે આકાશ ચોખ્ખું હોય, ત્યારે દૂરથી આ પર્વત પર આવેલી ગુફાઓ અને મંદિરો જોઈ શકાય છે. આ પર્વતની પવિત્રતા જાળવવા માટે એના પર આરોહણ કરવાની અનુમતિ નથી.

એક નોંધપાત્ર બાબત એ છે કે અહીંના સ્થાનિક લોકો કૈલાસ અને અષ્ટાપદને એક જ ભગવાનનું ક્ષેત્ર માને છે. કૈલાસની પૂર્વમાં મુનિઓની નિર્વાણભૂમિ આવેલી છે, જેને 'મુનિ વેલી' કહેવામાં આવે છે. એનાથી થોડે દૂર ઝરણાં આવેલાં છે અને રંગબેરંગી ફૂલોથી વાતાવરણમાં સુગંધનો અનુભવ થાય છે. એમ કહે છે કે અહીં આવનારને જાણે પોતે કોઈ દિવ્યલોકમાં વિચરતો હોય તેવો અનુભવ થાય છે.

રાજસ્થાનના ધોમધખતા તાપમાં વર્ષો પૂર્વે અથાગ પરિશ્રમ કરીને રાજસ્થાનના ઇતિહાસનું સંશોધન કરનાર કર્નલ ટોડ નોંધે છે કે ચીનમાં ઋષભદેવને 'આડીન'ના રૂપમાં પૂજવામાં આવે છે. નોંધપાત્ર વાત એ છે કે ચીનના આ ક્ષેત્રને 'આડેન ક્ષેત્ર' કહેવામાં આવે છે. ભારતમાં ભગવાન ઋષભદેવને માટે ભગવાન આદિનાથ શબ્દ પ્રયોજાય છે અને આ આદિ શબ્દ 'ઓડિન'થી પ્રચલિત થયો હશે એમ માનવામાં આવે છે.

એક નવી વાત એ છે કે એક અંગ્રેજ સંશોધક જોસેફ રૉકે ૧૯૩૦માં એનાં વર્ણનોમાં 'રિષભ ગોનબા'નો ઉલ્લેખ કર્યો છે. ઉચ્ચારણની દૃષ્ટિએ વિચાર કરીએ તો 'ઋષભ ગુફા'નું આ અપભ્રંશ છે. આ ક્ષેત્રની આસપાસ વિખ્યાત સંશોધિકા ડૉ. લતા બોથરાને અનેક આશ્ચર્યજનક મૂર્તિઓ જોવા મળી, જેમાં અંબિકા માતાની મૂર્તિ પણ જોવા મળી હતી.

અષ્ટાપદની આ શોધ માત્ર જૈન સંસ્કૃતિની પ્રાચીનતા સુધી જ નહીં, પરંતુ માનવ સભ્યતા અને સંસ્કૃતિના આદિ સ્રોત સુધી લઈ

જાય છે. સ્તૂપ, મંદિર, પ્રાચીન નગર અને આપણી પ્રાચીન પરંપરાનો આધારસ્રોત મળશે. માત્ર ભારતીય સંસ્કૃતિ જ નહીં, બલકે વિશ્વસંસ્કૃતિનો આદિ સ્રોત મળશે. એ આપણા ગૌરવ અને અસ્મિતાના પ્રતીક સમાન છે. વિદેશી સંશોધકો અને પુરાતત્ત્વવેત્તાઓએ એક મોટી ભૂલ જૈન ધર્મની મૂર્તિઓને બૌદ્ધ મૂર્તિઓ માનવાની કરી છે. એમ. એ. સ્ટેન જેવા પ્રસિદ્ધ સંશોધક પણ જિન શબ્દને બૌદ્ધ પરિપ્રેક્ષ્યમાં જુએ છે. જ્યારે કેટલાક વિદેશી સંશોધકો કહે છે કે શાકાહારીઓ ઊંચા પર્વત ઉપર રહી શકે નહીં, માટે આવા ઊંચા પર્વત પર એમનું મંદિર ન હોય આવી હાસ્યાસ્પદ દલીલો પણ કરે છે.

આમ હવે અષ્ટાપદની પ્રાપ્તિ થતાં સહુ કોઈ એ દિશામાં વિશેષ સંશોધન કરે અને એની પવિત્રતા જાળવી રાખવા માટે બહુજન સમાજ એની યાત્રાએ જાય, એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

આવા પ્રાગૈતિહાસિક અને ઐતિહાસિક ઇતિહાસ સંશોધનનાં થોડાંક ઉદાહરણ આપું, તો આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવના સૌથી મોટા પુત્ર ભરત પરથી આ દેશનું નામ ભારત પડ્યું છે અથવા તો ભગવાન મહાવીરના સમયમાં તક્ષશિલાનો યુવાન શશિભદ્ર વિદેશોમાં જૈન ધર્મની ભાવનાઓનો પ્રસાર કરવા ગયો હતો. ગ્રીસનો મહાન ગણિતજ્ઞ પાયથાગોરસ શાકાહારી અને શ્વેતવસ્ત્રી હતો. ભારતના કોઈ પણ રાજા વિશે સૌથી વધુ ચરિત્રો લખાયાં હોય તો તે સમ્રાટ કુમારપાળ વિશે છે, અથવા તો મુઘલ યુગના દીર્ઘ ઇતિહાસમાં માત્ર એક જ હિંદુ રાજવી થયો અને તે અપ્રતિમ શક્તિશાળી, કુશળ વ્યૂહરચનાકાર અને 'યુદ્ધના દેવતા'નું બિરુદ પામેલો વિક્રમાદિત્ય હેમુ મંડોવરનો જૈન શ્રાવક હતો. બાવીસ જેટલી વ્યૂહભરી લડાઈઓમાં વિજય મેળવીને એણે લશ્કરી શ્રેષ્ઠતા મેળવી હતી. બહાદુરી, સાહસી અને હિંમતની બાબતમાં અકબરનો એના જેવો પ્રતિસ્પર્ધી બીજો કોઈ નહોતો. કેટલું જાણીએ છીએ એ હેમુ વિશે?

થોડા સમય પૂર્વે જ્યાં ભારતીય વિમાનને અપહરણ કરીને લઈ જવામાં આવ્યું હતું, તે છેક કંદહારમાં જગડૂશાએ દાનશાળા ખોલી હતી. રાજા સંપ્રતિ એ ભારતનો વિદેશની ભૂમિ પર વિજય મેળવનારો સૌથી મોટો રાજવી છે. આવા તો અનેક વિષયો છે, જે ઊંડી શોધ અને સંશોધન માગે છે.

ભારત પર અંગ્રેજ શાસન સ્થપાયું, એનું મહત્ત્વનું કારણ આપણા દેશના લોકોની ઇતિહાસ વિશેની જિજ્ઞાસાનો અભાવ છે. જો અંગ્રેજો ભારતમાં આવ્યા, ત્યારે એમના ઇતિહાસનું સંશોધન કર્યું હોત તો આપણને ખ્યાલ આવી ગયો હોત કે બધી જગ્યાએ અંગ્રેજો વેપારીના રૂપમાં ગયા છે અને પછી રાજસત્તા હાંસલ કરી છે, તો એમને વેપારનો પરવાનો આપતાં સાવધાની રાખી હોત! આજે કહેવાય છે - 'History is everywhere' – બધે જ ઇતિહાસ છે. માત્ર અતીતમાં નહીં, પણ વર્તમાન અને ભવિષ્યમાં પણ ઇતિહાસ વ્યાપેલો છે. એક સમયે દક્ષિણ ભારતમાં જૈન ધર્મની જાહોજલાલી હતી, ભારતના પંજાબ કે બિહાર તો ઠીક, પ઼ંતુ કાશ્મીર, ઉડિસા જેવાં રાજ્યોમાં પણ જૈન ધર્મ પ્રવર્તમાન હતો, પણ ધીરે ધીરે એ ધર્મનો પ્રભાવ ઘટી ગયો. આનાં કારણોની કોઈએ ઊંડી છાનબીન કરી છે ખરી ?

જૈન ધર્મના જ્યોતિર્ધર અને ભારતીય સંસ્કૃતિના આત્મા સમા શ્રી વીરચંદ રાઘવજી ગાંધીની જન્મભૂમિ મહુવામાં જ કોઈ ગ્રંથાલયમાં એમનાં પુસ્તકો મળ્યાં નહોતાં. આજે આપણાં તીર્થોમાં ભાગ્યે જ તીર્થનો કે ટૂકનો ઇતિહાસ જોવા મળે છે. આને કારણે આપણા વારસા સાથે જોડાયેલી આપણી આગવી સંસ્કારિતાનો છેદ ઊડી જાય છે.

બી.બી.સી.ના દિગ્દર્શક જોન ગાયનરે 'મૅન ઍન્ડ ઍનિમલ' નામની બી.બી.સી. માટે ડોક્યુમેન્ટ્રી કરી. એ અમદાવાદમાં આવ્યા અને એમને 'જીવાતખાના'ની ફિલ્મ ઉતારવી હતી. આજે અમદાવાદમાં એકેય જીવાતખાનું મળે નહીં. ફિલ્મ ઉતારવા માટે એકાદ જીવાતખાનું સાફ કરાવી એનું કામ તો પૂરું કર્યું, પરંતુ જીવદયાનું જેવું સૂક્ષ્મ પાલન આ ધર્મમાં છે એના એક જ્વલંત દૃષ્ટાંત સમા એવા જીવાતખાનાને જાળવવામાં આપણે નિષ્ફળ ગયા! ઇતિહાસ જોઈએ ત્યારે જાણ થાય કે શહેનશાહ અકબરે જૈન પ્રજાને 'જીવાતખાનું રાખતી પ્રજા' તરીકે માનભેર ઓળખાવી હતી. દિગ્દર્શક જ્હોન ગાયનરે માનવી અને પ્રાણીના સંબંધો વિશે ૪૦ દેશોમાં જઈને ત્રણ ભાગમાં દસ્તાવેજી ફિલ્મ બનાવી. એણે કહ્યું કે જૈન ધર્મમાં માનવ-પ્રાણીના સંબંધ વિશે જેવી સૂક્ષ્મ અને સંવેદનશીલ વિચાર-આચાર પદ્ધતિ છે, તેવી એમણે ક્યાંય જોઈ નથી.

આજે જગતમાં શાકાહાર વિશે અદ્‌ભુત સંશોધનો થઈ રહ્યાં છે. ઍનિમલ રાઇટ્સનાં આંદોલનો ચાલે છે, આ બધી બાબતો જૈન ધર્મમાં નિહિત છે અને એથીય વધુ સૂક્ષ્મ વિચારણા આ ધર્મમાં મળે છે. ૧૯૯૦ની ૨૩મી ઑક્ટોબરે બકિંગહામ પેલેસમાં 'જૈન ડેક્લેરેશન ઑન નેચર' પ્રસ્તુત કરવા ગયા, ત્યારે ડ્યૂક ઑફ ઍડિનબરો પ્રિન્સ ફિલિપે જૈન ધર્મમાં ૨૫૦૦ વર્ષ પહેલાં થયેલી વનસ્પતિમાં જીવ હોવાની, સમગ્ર પ્રકૃતિની જાળવણી, જળ, વાયુ વગેરેની જયણા અને પર્યાવરણની જાગૃતિની વાત સાંભળી, ત્યારે એણે આશ્ચર્ય પ્રગટ કર્યું હતું. એ સમયે એમને મેં કહ્યું, 'For us ecology is religion and religion is ecology' આ વિશે જૈનદર્શનમાં થયેલા ચિંતનને પૃથ્વીના ગ્રહને બચાવવા (Save the Planet) માટે ચાલતાં આંદોલનો માટે પાયા રૂપે ગણાવી શકાય. આપણી સંસ્કૃતિની ધરોહર જ એ હતી કે આજથી ૫૦-૬૦ વર્ષ પહેલાં લોકોના દૈનિક જીવન સાથે જીવદયાની પ્રવૃત્તિ આપોઆપ વણાઈ ગઈ હતી.

એ સમયે સવારે ગામ બહાર આવેલા ચબૂતરાઓમાં કબૂતરને

માટે જુવાર નખાતી, રસોઈ કરતી વખતે કૂતરા-ગાયને માટે રોટલાઓ થતા. ચકલાં અગર પંખીઓ પાણી પી શકે, તે માટે વૃક્ષ ઉપર હાંડી (વાસણ) લટકાવી રખાતાં. શેરીમાં કોઈ કૂતરીએ બચ્ચાંને જન્મ આપ્યો હોય, તો તેને શીરો ખવડાવતા અને એનાં બચ્ચાંને દૂધ પીવડાવતા. સાંજે ગામના પાદરે જઈને ગાયોને રજકો-ઘાસ ખવડાવતા. વડીલો ફરવા જતા ત્યારે કીડીઓ માટે કીડિયારું (લોટ તથા ગોળનું મિશ્રણ) લઈ જતા. અનાજ વગેરે સાફ કરતાં, જે કણકી વધી હોય, તે ગાય, ભેંસ, બકરી વગેરે પશુને ખવડાવતા, પણ ફેંકી ન દેતા. વળી વાર-તહેવારે અગર શુભ પ્રસંગે કૂતરાને ગાંઠિયા, ગાયોને ઘઉંની ઘૂઘરી ખવડાવતા, આમ જીવદયાને જીવનમાં વણી લીધી હતી.

વિશ્વની સૌપ્રથમ અહિંસા (Non-Violence)ની ઘોષણા રાજા કુમારપાળે કરેલી 'અમારિ ઘોષણા'નું કેમ કોઈ સ્મરણ કરતું નથી? આજે વૃક્ષમંદિરની સર્વત્ર વાત થાય છે, પરંતુ હજારો વર્ષ પહેલાં જગતનું પ્રથમ વૃક્ષમંદિર તીર્થાધિરાજ શત્રુંજય પરનું રાયણ વૃક્ષનું મંદિર હતું કે જ્યાંથી આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવે જગતને સર્વપ્રથમ વાર અહિંસાનો ઉપદેશ આપેલો, તે કેમ ભૂલી ગયા? કુંભલગઢની આસપાસ રહેલાં સમ્રાટ સંપ્રતિના સમયનાં ૩૦૦ જેટલા જીર્ણ મંદિરો વિશે કેમ કોઈ સંશોધન થતું નથી?

શાકાહાર વિશે આજે જગતમાં જાગૃતિ પ્રવર્તે છે, ત્યારે જૈન આહારશૈલીમાં રહેલાં મૂળતત્ત્વોની વાત કરવાની જરૂર છે. આ ધર્મ એ વિજ્ઞાન તરફ મુખ રાખીને બેઠેલો છે, પીઠ નહીં. એના પ્રત્યેક સિદ્ધાંતોમાં માનવીય ચિત્ત કેન્દ્રસ્થાને છે અને એના પ્રત્યેક ક્રિયાકાંડોમાં માનવીનું સ્વસ્થ જીવન અગ્રસ્થાને છે. આજના યુવાનોને આ બધી જ બાબતો વૈજ્ઞાનિક રીતે દર્શાવવામાં આવે તો એને ખ્યાલ આવે કે આ બધાં ક્રિયાકાંડોની પાછળ સાધના ને સ્વાસ્થ્ય બંને સંકળાયેલાં હતાં. આજે આવા વિજ્ઞાનની ખોજ કરનાર આપણી પાસે કેટલા છે ? હકીકતમાં તો આ સઘળી બાબતો માટે વૈજ્ઞાનિક સંશોધન કેન્દ્ર હોવું જોઈએ કે જ્યાં ધર્મની ક્રિયાઓ, ભાવનાઓ, આચારો, સિદ્ધાંતો, જીવનશૈલી પાછળ રહેલા વિજ્ઞાનનું સંશોધન-પરીક્ષણ કરવામાં આવે. ખગોળ, ભૂગોળ કે આહારશાસ્ત્ર વિશેની આપણી વિચારણાને પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોવી જોઈએ.

કેટલાક ધર્મો વિજ્ઞાનના પડકારો સામે ટકી શક્યા નથી, જ્યારે જૈન તત્ત્વદર્શનના પાયામાં વિજ્ઞાન છે. ડૉ. જગદીશચંદ્ર બોઝે પ્રયોગ કરીને સાબિત કર્યું કે વનસ્પતિમાં જીવ છે. પાણી પાનારો માળી આવતાં વૃક્ષ હસે છે, અને કઠિયારો આવતાં ધ્રૂજે પણ છે! ભગવાન મહાવીર અને એથીય પહેલાં ભગવાન ઋષભદેવે આ વાત કહી હતી. કોઈ પણ પ્રકારના માઇક્રોસ્કોપ વિના કંદ-મૂળમાં રહેલા અસંખ્ય જીવો વિશેનું એમાં જ્ઞાન હતું. હકીકતમાં ધર્મ પોતે જ વિજ્ઞાન છે. ધર્મ પાસે અનુભૂતિનું સત્ય છે. વિજ્ઞાન પાસે તર્ક અને પ્રયોગનું સત્ય છે. આવી વિજ્ઞાનની દૃષ્ટિએ ધર્મની શૈલી પારખવામાં આવે તો ઘણાં ધાર્મિક અનુભવનાં સત્યોને તર્કનું પીઠબળ મળે.

આપણે ત્યાં ઝરણાં વહે છે, પણ ઝરણાં મળીને નદી થતી નથી. વૈય્યાવચ્ચ, જીવદયા, શિક્ષણ સહાય, આર્થિક સહાય કે અન્નદાન જેવી અનેક પ્રવૃત્તિ ચાલે છે, પરંતુ એની કોઈ કેન્દ્રીય વ્યવસ્થા નથી. આને પરિણામે આજે પણ ગરીબ વર્ગનાં બાળકોને સ્કૂલની ફી મેળવવી મુશ્કેલ બને છે. આ સંસ્થાઓમાં ભાગ્યે જ મદદ ચાહનારી વ્યક્તિનું ગૌરવ સાચવીને સૌજન્યપૂર્વક સહાય આપવાની વૃત્તિ જોવા મળે છે. આને કારણે આ પ્રવૃત્તિઓ કોઈ સંગઠિત સ્વરૂપ લેતી નથી. એમાં પણ સાંપ્રદાયિકતા દૃષ્ટિગોચર થાય છે. જૈન ધર્મના દિગંબર, શ્વેતાંબર આદિ જુદા જુદા સંપ્રદાયો વચ્ચે ૯૫ ટકા સામ્ય છે. માત્ર થોડીક ક્રિયાઓ, મંત્રો અને સાધુના આચાર-વિચારમાં તફાવત છે. પણ પંચાણું ટકાને જોવાને બદલે માત્ર પાંચ ટકા જેટલા ભેદનું વર્ચસ્વ પ્રવર્તે છે. ધર્મની ગરિમાને બદલે સાંપ્રદાયિક અહમ્‌માં ડૂબીને સંસ્થાઓ, સેન્ટરો કે ધર્મસ્થાનો પચાવી પાડવાની દુઃખદ પ્રવૃત્તિ થઈ રહી છે.

આજના વિશ્વમાં ખ્રિસ્તી ધર્મ કે યહૂદી ધર્મ જેવા ધર્મો સંગઠિત રૂપે બહાર આવતા હોય, ત્યારે ઘણી અલ્પ સંખ્યા ધરાવતો આ ધર્મ અત્યંત વિભક્ત લાગે છે. જૈનત્વને જોવાને બદલે એના ભેદત્વને જોવાનું નકારાત્મક વલણ ક્યારે ભૂલીશું?

જૈન તત્ત્વદર્શને સત્યની વ્યાપક વિચારણા કરી છે. 'હું કહું છું તે જ સત્ય' એવા આગ્રહ, દુરાગ્રહ કે પૂર્વગ્રહમાં વિચારની હિંસા સમાયેલી છે. જ્યારે બીજાના કથનમાં પણ સત્યનો અંશ હોઈ શકે તેવી ઉદાર દૃષ્ટિ તે અનેકાંત કારણ કે સત્ય સાપેક્ષ છે.

જીવનની સર્વદૃષ્ટિ ધરાવતા અનેકાંતમાં સમતા, સહિષ્ણુતા, સમન્વય અને સહઅસ્તિત્વની ભાવના છે. સત્યની શોધ માટેના અવિરત પ્રયાસની આ એક સાચી પદ્ધતિ છે. બધી વસ્તુને સાપેક્ષભાવે વિચારવી અને દરેક સ્થિતિમાં રહેલા સત્યના અંશને જોવો એનું નામ અનેકાંત છે. 'મારું જ સાચું' એમ નહિ, પરંતુ 'સાચું તે મારું' એવી ભાવના પ્રગટ થવી.

ભગવાન મહાવીરના જીવનમાં 'સાચું તે મારું' બતાવવા અનેક પ્રસંગો મળે છે. એમણે એમના પટધર જ્ઞાની ગૌતમને આનંદ-શ્રાવકની ક્ષમા માગવા કહ્યું હતું. ભગવાન મહાવીરના સમયે અનેક મત, વાદ અને વિવાદો ચાલતા હતા. દરેક પોતાની વાત સાચી ઠેરવવા માટે બીજાના વિચારનું ખંડન કરે. બીજાના વિચારના ખંડનને બદલે મંડનની ભાવના જૈન તત્ત્વદર્શને બતાવી. એમણે કહ્યું, 'તમારી એકાન્તી બનેલી દૃષ્ટિને અનેકાન્તી બનાવો. એમ કરશો તો જ તમારી દૃષ્ટિને ઢાંકી દેતો 'સર્વથા' શબ્દનો બનેલો કદાગ્રહરૂપી પડદો હઠી જશે અને પછી તરત જ તમને શુદ્ધ સત્યનું સ્પષ્ટ અને સુરેખ દર્શન થશે.'

અનેકાંતદર્શને મત, વાદ, વિચારસરણી અને માન્યતાઓના માનવીના હૃદયમાં ચાલતા વિવાદયુદ્ધને ખાળવાનો પ્રયાસ કર્યો. આને માટે એમણે સાત અંધ વ્યક્તિઓ હાથીને જે જુદી જુદી રીતે વર્ણવે છે તેનું દૃષ્ટાંત આપ્યું. આ અનેકાન્તવાદથી માનવી બીજાની દૃષ્ટિએ વિચારતો થઈ જશે અને આમ થાય તો જગતનાં અર્ધાં દુઃખો ઓછાં થઈ જાય. અનેકાન્ત સમન્વયનો અને વિરોધ-પરિહારનો માર્ગ બતાવે છે. વિનોબાજી કહે છે કે અનેકાન્ત દૃષ્ટિ એ મહાવીરની જગતને વિશિષ્ટ દેન છે. આઇન્સ્ટાઇને ભૌતિક જગતમાં સાપેક્ષવાદ શોધ્યો. ભગવાન મહાવીરે ૨૬૦૦ વર્ષ પહેલાં વ્યવહાર જગતનો સાપેક્ષવાદ બતાવ્યો.

જૈન ધર્મએ માનવગૌરવની વાત કરી છે. ભગવાન મહાવીરે કહ્યું, ''તું જ તારો ભાગ્યવિધાતા છે.'' પોતાના સમયની અંધશ્રદ્ધાઓ અને માન્યતાઓનો વિરોધ કર્યો. જડ પરંપરાનો ત્યાગ અને અંધવિશ્વાસનો અનાદર હોય તો જ નિર્ગ્રંથ થવાય. મહાવીરની પાસે હતો માત્ર પ્રકાશ. એમણે ધર્મની આસપાસ લાગેલાં માન્યતા, અંધશ્રદ્ધા અને ચમત્કારોનાં આવરણ દૂર કર્યાં અને માત્ર પ્રકાશની શોધ અને મોક્ષપ્રાપ્તિના માર્ગ તરીકે ધર્મ રહ્યો છે એમ જણાવ્યું.

સાંપ્રત વૈશ્વિક વાતાવરણમાં આપણી સામે પહેલો એક પડકાર છે આપણા અનેકાંતવાદની વિચારધારા જગતને દર્શાવવાનો. બીજો પડકાર છે મહાત્મા ગાંધીજીના જીવનમાં જોવા મળતી જૈન ધર્મની અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને અનેકાન્ત વિશેની ભાવનાઓને દર્શાવવાની. ત્રીજી પડકારરૂપ બાબત એ છે કે આજે જ્યારે વિશ્વમાં 'કોન્સિયસનેસ' પર સંશોધનો ચાલી રહ્યાં છે, ત્યારે આપણી આત્મબળની વાત સમજાવવાનો.

જૈન ધર્મ એ સમગ્રતાનો ધર્મ છે. ધર્મજગત અને કર્મજગતમાં એકતા સાધવાનું એનું હાર્દ છે. એના મૂળમાં રહેલા અભયને માણસના જીવનમાં સ્થાપવાનો છે. એની ક્રિયાઓ પાછળ રહેલી ભાવનાઓને સમજવાનું અને અહિંસાની સાથોસાથ કરુણાનો પુરસ્કાર કરવાનું જરૂરી બન્યું છે. કૃપણતા, દરિદ્રતા અને તુચ્છતા છોડીને મૈત્રી, શક્તિ અને ભક્તિ અપનાવવાની આવશ્યકતા છે. જૈનદર્શન પાસે રહેલા મનોવિજ્ઞાન, સ્વાસ્થ્ય વિજ્ઞાન અને અર્થવિજ્ઞાનને સમજાવવાનો, ઍટમબૉમ્બ સામે અણુવ્રતોને દર્શાવવાનું, ધર્મમાં નિહિત વ્યાપક સમન્વય, સર્વધર્મ સહિષ્ણુતા અને નારીપ્રતિષ્ઠા - આ રીતે ઘણી નવી બાબતોથી નવી ક્ષિતિજો ઉઘાડવી પડશે. અહીં તો વૈશ્વિક સંદર્ભમાં જૈન ધર્મ સામેના પડકારો વિશે મારા જ્ઞાન અને અનુભવની મર્યાદા સ્વીકારીને વાત કરી છે.

એકાંતિક આગ્રહોમાં ખૂંપેલા જગતને ધર્મો અને રાજકારણીઓને અનેકાંતની ભાવના આપીએ, પરિગ્રહના બોજથી લદાયેલા જગતને અપરિગ્રહના આનંદનો અનુભવ કરાવીએ. માનવજાત પર ઝળૂંબી રહેલા એઇડ્ઝના ખતરા માટે સંયમની ગરિમા કરીએ. વૈશ્વિક પર્યાવરણીય અસમતુલા સામે જૈન ધર્મના સમગ્ર સૃષ્ટિના પર્યાવરણની વિચારધારા દર્શાવીએ, મનની શક્તિ માટે પચ્ચક્ખાણ, ધ્યાનની ઉચ્ચ ભૂમિકા માટે કાઉસગ્ગ, આંતરદોષોની ઓળખ માટે પ્રતિક્રમણ, આંતરશુદ્ધિ માટે પર્યુષણ, જીવનશૈલી માટે વિનય, પ્રખર વીરતા માટે ક્ષમાપના, આત્માના અધ્યાત્મને પામવા માટે સ્વાધ્યાય - એ સર્વને પામીને આપણે આ પડકારો ઝીલીએ, તો આપણી આવતીકાલ માત્ર ધર્મની જ ઊજળી આવતીકાલ નહીં, બલ્કે સમષ્ટિકલ્યાણની ઊજળી આવતી કાલ બની રહેશે, નહીં તો...?

✶ ✶ ✶

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૦૭૯ ૨૬૬૦૨૬૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

## મોકળા મારગનું ગીત

*વાયુ! તું મને શ્વાસ અર્પે છે, બોલવા માટે!*
*સૃષ્ટિના પદાર્થો, તમે તમારા પ્રસ્તારમાંથી મને મારા શબ્દોના અર્થ અને આકાર બક્ષો છો!*
*તારી સર્વવ્યાપ મૃદુ ઝરમર વરસાવીને હે પ્રકાશ, તું મને અને બધી વસ્તુઓને વીંટળાઈ વળી હૂંફ આપે છે!*
*આડાઅવળા ખાડાખબડાવાળી હે કેડીઓ, તમે માર્ગની બંને બાજુએ વહી રહો છો!*
*હે મારા મારગ! આવાં તો અનેક સત્ત્વો તારામાં સમાયેલાં છે એટલે જ તો તું મને આટલો પ્રિય છો!*
*આ ફર્શબંધ સડકો! એમની કિનાર પરના આ દુર્ગમ અવરોધો!*
*આ નાવડીઓ! જહાજવાડાઓના આ સ્થંભો અને ખપાટીયાંઓ!*
*તોતિંગ કાષ્ઠની હારબંધ થપ્પીઓ! દૂર-દૂર ડોલતાં પેલાં વહાણો!*
*આ હારબંધ મકાનો! બારીઓથી કોરાયેલી આ પડસાળો આ છાપરાંઓ!*
*આ દોઢીઓ અને દરવાજાઓ! આ છજાંઓ અને લોખંડી ફાટકો!*
*અનેક રહસ્યોને છતાં કરી દેતી આ વાતાયનોની પારદર્શક છીપો!*
*આ બારણાંઓ અને સીડીઓ! આ તોરણદ્વારો!*
*આ અનંત પગથારીઓના ભૂખરા પથ્થરો! આ ઘસાયેલા–ખૂંદાયેલા ચૌરાહો...*
*હે મારા માર્ગ! મને ખાતરી છે કે જેણે–જેણે તને સ્પર્શ કર્યો છે તે આ બધાંયને તેં તારામાં ઝીલી લીધાં છે; અને એ એ સૌને, મને ખબરે ન પડે તેમ છાની રીતે, તું મારામાં સંક્રાન્ત કરી દેશે;*
*જીવંત અને મૃતને તેં તારી અક્ષુબ્ધ સપાટીમાં વસાવ્યાં છે; અને એમનાં અપાર્થિવ સત્ત્વો પ્રકટ થઈને મારી સાથે સ્નેહસૌહાર્દથી વર્તશે.*

**☐ વૉલ્ટ વ્હિટમેન**

**અનુવાદક : રમેશ જાની**

સૌજન્ય : કાવ્યવિશ્વ
સંપાદન : સુરેશ દલાલ. ઇમેજ પબ્લિકેશન પ્રા લિ. મુંબઈ

# અષ્ટપ્રકારી પૂજાની કથાઓ

☐ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

## ૩ પુષ્પપૂજા કથા

ભારતવર્ષમાં ધર્મની અનોખી પરંપરા છે. આ દેશના એક છેડાથી બીજા છેડા સુધી સંતો હંમેશાં સંસ્કાર વેરે છે અને સમાજ તે ઝીલે છે.

કોઈએ કહ્યું છે, જો આ દેશમાં ધર્મ ન હોત તો સંતોષ અને આનંદ ન હોત.

ધર્મના સંસ્કારનું ફળ એટલે સંતોષ.

એવી જ એક સુંદર કથા છે.

ઉત્તર મથુરામાં વિનયરત્ન નામનો વ્યાપારી રહે.

વિનયરત્નને બે પત્નીઓ હતી. એક જિનમતિ અને બીજી લીલાવતી.

જિનમતિ ધાર્મિક ભાવનાથી છલકાતી હતી. તેને દિવસ રાત પ્રભુભક્તિ કરવાનું ગમતું. કોઈને મદદ કરવાનું ગમતું. પોતાના પતિની સેવા કરવાનું ગમતું.

લીલાવતી ખૂબ શોખીન હતી. તેને સુંદર વસ્ત્રો ગમતાં. અલંકારો ગમતાં. સ્થળે સ્થળે ફરવું ગમતું. પોતાના રૂપની કોઈ પ્રશંસા કરે તો તે ખુશ થઈ જતી.

લીલાવતી વિનયરત્નને હંમેશાં કહેતી, 'તમે મને ફરવા લઈ જાઓ.' વિનયરત્ન લીલાવતીને ખૂબ પ્રેમ કરતો હતો. એ લીલાવતીની તમામ ઇચ્છા પૂરી કરતો. લીલાવતી કહે ત્યાં ફરવા લઈ જતો. લીલાવતી જે માગે તે લાવી આપતો. લીલાવતી એમ કહેતી કે આ ઘરમાં મારું રાજ ચાલે છે.

જિનમતિ એટલું જ ઇચ્છતી કે વિનયરત્ન પોતાનાથી ખુશ રહે. તે એમ માનતી કે પ્રભુની અને પતિની સેવા કરવી જોઈએ. લીલાવતી કહે, 'તું સાવ જૂનવાણી છે.'

જિનમતિ કહે, 'હું જેવી છું, તેવી છું અને ખૂબ સુખી છું.'

લીલાવતી મજાકમાં હસી પડતી.

જિનમતિ રોજ સવારે ઊઠતી અને સ્નાન કરીને દેરાસરમાં ભગવાનની પૂજા કરવા ચાલી જતી. ભગવાનની પૂજા કર્યા પછી છેલ્લે તે પ્રભુની પુષ્પપૂજા કરતી. તેને પુષ્પપૂજા કરવાનો અનોખો ભાવ થતો.

તે દરરોજ ઉદ્યાનમાં જતી. સુંદર મજાનાં પુષ્પો ચૂંટીને લઈ આવતી. સુગંધથી છલકાતાં એ પુષ્પો નિર્મળ જળથી ધોતી. સુંદર પાત્રમાં મૂકતી. તેના પર સ્વચ્છ વસ્ત્ર ઢાંકી દેતી. જિનમંદિરમાં જતી ત્યારે એ સુગંધી પુષ્પોથી પ્રભુની પૂજા કરીને આનંદ પામતી. તેને થતું કે આ શુભ કાર્ય કરીને પોતાનું માનવજીવન તે સફળ કરી રહી છે.

લીલાવતીને જિનમતિની આ પુષ્પપૂજાની ભાવના સહેજ પણ ગમતી નહીં. તે તો કહેતી કે, 'પુષ્પો માનવીના દેહને શણગારવા માટે છે.' ફૂલની માળા પહેરવી, અંબોડામાં ફૂલ નાખવાં, ગજરા પહેરવા લીલાવતીને ખૂબ ગમતું.

જિનમતિ ફૂલો લઈ જઈને ભગવાનને ચડાવતી એ લીલાવતીને ખટકતું હતું.

એક દિવસ ભગવાનને ચઢાવવા માટે જિનમતિએ સુંદર મજાનો ફૂલહાર બનાવ્યો.

મોટા ફૂલહારમાં વિવિધ રંગી પુષ્પો ઉમેર્યાં. દેરાસર જતાં પહેલાં બીજી તૈયારી કરીને તે સ્નાન કરવા માટે અંદરના ખંડમાં ગઈ.

લીલાવતીએ તે ફૂલહાર જોયો. લીલાવતીને આટલો મોટો ફૂલહાર ભગવાનને ચડાવી દેવામાં આવશે તે વિચારથી જ કંઈકનું કંઈક થઈ ગયું. જિનમતિ અંદરના ખંડમાં હતી તે જ વખતે લીલાવતીએ તે હાર ઊંચકીને દૂર ફંગોળી દીધો.

લીલાવતીએ જેવો હાર ફંગોળ્યો તે જ વખતે તે થથરી ગઈ.

લીલાવતીએ જેવો હાર ઊંચકીને ફંગોળ્યો તે વખતે તેણે પોતાના હાથમાં હારને બદલે મોટા ફણીધર સાપને જોયો!

એ સાપનો ફૂંફાડો પણ સંભળાયો.

લીલાવતીના ગળામાંથી ચીસ નીકળી ગઈ.

લીલાવતી બિલકુલ ડઘાઈ ગઈ. તેને થયું કે પૂજા માટેનો આ હાર ફંગોળીને તેણે ગંભીર ભૂલ કરી છે. તેને પારાવર પસ્તાવો થવા માંડ્યો. તે રડી પડી. એ જ દિવસે કેટલાક મુનિવરો તેના ઘરે ભિક્ષા માટે પધાર્યા.

લીલાવતી મુનિજનો પાસે હાથ જોડીને ઊભી રહી ગઈ. તેણે પોતે કરેલી ભૂલનો એકરાર કર્યો.

મુનિવરે કહ્યું, 'બેન, તેં જે કર્યું તે તારી ભૂલ છે. એક તો તારી મોટી બેન સમાન જિનમતિ જે શુભ કામ કરતી હતી તેમાં તે અંતરાય કર્યો. બીજું, પુષ્પપૂજા માટેનો હાર તિરસ્કારથી ફંગોળ્યો. પ્રભુની પૂજાનો ચમત્કાર ગજબ હોય છે. આમ છતાં પણ તેં તારી ભૂલનો એકરાર કર્યો, તે સારું કર્યું. આમ કરવાથી તું ચીકણા કર્મમાંથી બચી ગઈ છે. આ તેં સારું કર્યું છે. હવે જો તું સ્વયં ભાવપૂર્વક પ્રભુની પુષ્પપૂજા કરશે તો તારો આત્મા એકદમ વિશુદ્ધ બની જશે. તારું કલ્યાણ થશે.'

મુનિવર ચાલ્યા ગયા.

લીલાવતી એ દિવસથી ધાર્મિક બની ગઈ. તેણે પ્રભુની પુષ્પપૂજા કરવાનો સંકલ્પ લીધો.

લીલાવતીનો ભાઈ હતો–ગુણધર. ગુણધરે પોતાની બહેનનો આ સંકલ્પ જાણ્યો એટલે તે પણ પ્રભુની પૂજા કરવા માટે દેરાસર જવા માંડ્યો. ભાઈ અને બહેન ઉમળકાપૂર્વક પ્રભુની ત્રિકાળપૂજા કરવા માંડ્યાં.

કાળક્રમે લીલાવતી મરીને સૂરપૂર રાજાની પુત્રી વિનયશ્રી તરીકે જન્મી. તેનો ભાઈ ગુણધર બીજા ભવે પદ્મપુર રાજાનો પાટવી કુંવર જય નામે રાજકુમાર થયો. કર્મની લીલા અપાર છે. આ જય અને વિનયશ્રીનાં લગ્ન થયાં.

આ દંપતી એક વાર કોઈ મુનિવરની ધર્મદેશના સાંભળવા ગયું. એ સમયે રાજા અને રાણીને પોતાનો પૂર્વભવ સાંભરી આવ્યો. પોતાનો પૂર્વભવ જોઈને બંને થથરી ગયાં. એમને થયું કે અરેરે! ગયા ભવમાં અમે ભાઈ બહેન હતાં. આ ભવમાં અમે પતિપત્ની થયાં, કેવી છે કર્મની લીલા! આવા સંસારને અને આવા સુખને ધિક્કાર છે!

જય અને વિનયશ્રીએ એ જ મુનિવર પાસે દીક્ષા લીધી. પુષ્પપૂજાના પ્રભાવથી સદ્‌ગતિ પામ્યાં.

**પુષ્પ પૂજાના દુહા**

૧. હવે ત્રીજી સુમનસ તણી, સુમનસ કરણ સ્વભાવ;
ભાવ સુગંધ કરણ ભણી, દ્રવ્ય કુસુમ પ્રસ્તાવ
સુરભિ અખંડ કુસુમગ્રાહી, પૂજો ગત સંતાપ;
સુમજંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ.

**–પં. વીરવિજયજી**

૨. ત્રીજી કુસુમ તણી, હવે પૂજા કરો સદ્‌ભાવ;
જેમ દુષ્કૃત દૂરે ટળે, પ્રગટે આત્મસ્વભાવ
જે જન ષટ્‌ઋતુ ફૂલ શું, જિન પૂજે ત્રણ કાળ;
સુર નર શિવસુખ સંપદા, પામે તે સુરસાળ

**–શ્રી દેવવિજયજી**

૩. પ્રણિધાને સદ્‌ગતિ હોયે, પૂજાથી કિમ નહિ હોય;
સુમનસ ભાવે દુર્ગતા, પૂજો પંચાશક જોય

**–પં. ઉત્તમવિજયજી**

✷ ✷ ✷

## વ્યાખ્યાન, ચિંતન અને ગ્રંથપ્રકાશનથી આગવું બનેલું અમરેલી જૈનસાહિત્ય જ્ઞાનસત્ર

જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન કરીને વિદ્વાન વક્તાઓના વક્તવ્યો, વર્તમાન વિષય પરના ગ્રંથો અને નવી નવી પ્રતિભાઓના પ્રાગટ્ય માટે સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન સેન્ટરના નેજા હેઠળ જ્ઞાનસત્રોનું આયોજન થાય છે. આ જ્ઞાનસત્રમાં જૈન ધર્મના વિદ્વાનોની ઉપસ્થિતિ તો હોય જ છે પરંતુ એથીય વિશેષ જૈનેતર વિદ્વાનોની ઉપસ્થિતિમાં અને વક્તાઓને કારણે એનું વૈચારિક અને બૌદ્ધિક ફલક ઘણું વિસ્તરે છે.

તાજેતરમાં અમરેલીની ખેતાણી જૈન બોર્ડિંગ સંચાલિત એસ. એસ. અજમેરા વિદ્યાવિહારમાં યોજાયેલા જ્ઞાનસત્રએ વિદ્યાનું એક નવું જ વાતાવરણ સર્જ્યું હતું.

એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ ધ્રોળના ટ્રસ્ટી હસમુખભાઈ મહેતાએ દીપપ્રાગટ્ય કરી જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન કર્યું. સંસ્થાની બાલિકાઓ દ્વારા મધુર કંઠે સરસ્વતી વંદનાની પ્રસ્તુતિ બાદ સંસ્થાના ટ્રસ્ટી રાજુભાઈ કામદારે સ્વાગત પ્રવચન કર્યું. સંયોજક અને સેન્ટરના ટ્રસ્ટી ગુણવંતભાઈ બરવાળિયાએ જ્ઞાનસત્રની પૂર્વભૂમિકા વિષય-પરિચય સાથે રજૂ કરી હતી.

પ્રમુખસ્થાનેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ 'આદર્શ કેળવણીનું ઉપનિષદ' વિષય અંતર્ગત શિક્ષણના વિવિધ પાસાંની વિષદ છણાવટ કરી હતી. ગુણવંત બરવાળિયા સંપાદિત જ્ઞાનસત્રના ગ્રંથનું વિમોચન ચંદ્રકાન્ત દફતરીએ કર્યું હતું. મનસુખભાઈ સલ્લા, ડૉ. બળવંતભાઈ જાની, ડૉ. વસંતભાઈ પારેખ, કિશોરભાઈ મહેતા, સુધાબહેન ખંઢેરિયા, દેવવલ્લભ સ્વામી, જિતેન્દ્ર તળાવિયા વગેરે વિદ્વાનોએ શિક્ષક, શિક્ષણ અને કેળવણી વિશે શોધપત્રો રજૂ કર્યા હતા.

જૈનદર્શન અને કેળવણી વિચાર વિષયક શોધપત્રો પ્રા. વી. એસ. દામાણી, મિતેશભાઈ શાહ, જિતેન્દ્રભાઈ કામદાર, શ્રી મનસુખભાઈ સલ્લા, શ્રી વસંતભાઈ પરીખ, પ્રદીપભાઈ ટોલિયા, રમેશભાઈ દોશી, ચેનતભાઈ શાહ, ભારતીબહેન મહેતા, ચેતનાબેન શાહે પ્રસ્તુતિ કરી હતી. ડૉ. સેજલબેન શાહ તથા ડૉ. રતનબેન છાડવાના પ્રાપ્ત શોધપત્રોના મુદ્દાઓની પ્રસ્તુતિ થઈ હતી.

જ્ઞાનસત્રમાં થતું પુસ્તક પ્રકાશન એ પણ એની એક આગવી વિશેષતા છે. પ્રત્યેક જ્ઞાનસત્રમાં જે વિષયોની ચર્ચા યોજાઈ હોય છે તે વિશેનું એક પુસ્તક આગોતરું પ્રકાશિત થાય છે તે એની આગવી વિશેષતા છે. આ વખતે યોજાયેલા કેળવણી વિષયક પરિસંવાદને અનુલક્ષીને 'આદર્શ કેળવણીનું ઉપનિષદ' એ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું.

આ ઉપરાંત 'જૈનદર્શન અને ગાંધીવિચારધારા', 'ઉપષહ અને પરિષહ પ્રધાન જૈન કથાનકો' તેમજ શ્રી જગજીવનજી મહારાજ અને પરમ દાર્શનિક જયંતમુનિજી મહારાજ વિષયક 'શ્રુતસેવાદર્શન' ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું.

આ પ્રસંગે સ્વાતીબેન જોશી તથા ડૉ. માલતીબેન શાહે બેઠકોનું સુંદર સંચાલન કર્યું હતું. સમાપન પ્રવચન ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતન જોષીએ તથા આભારદર્શન પ્રિન્સિપાલ યોગેશ પરમારે કર્યું હતું. અમરેલી જેવા પ્રમાણમાં દૂર આવેલા શહેરમાં યોજાયેલા આ જ્ઞાનસત્રોનો શહેરીજનોએ પણ લાભ લીધો હતો.

**☐ નલિનીબેન દેસાઈ**

# પર્યુષણ પ્રસંગે આર્થિક સહાય આપવા માટે સંસ્થાની પસંદગી બાબતનો અહેવાલ

☐ પ્રવીણભાઈ દરજી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રણાલિકા મુજબ પર્યુષણ વખતે આર્થિક સહાય કરવા ઈચ્છુક સંસ્થાની પૂરેપૂરી ચકાસણી કર્યા પછી જ તેની વરણી કરવામાં આવે છે.

સંસ્થાની પસંદગી કરવાની જવાબદારી સંઘની પેટા સમિતિ ઉપર મૂકવામાં આવી છે. તેઓ સંસ્થાની મુલાકાતે જઈ, જરૂરી માહિતી મેળવી, પ્રાપ્ત માહિતીની ચકાસણી કરી પેટા સમિતિમાં તેની ચર્ચા કરવામાં આવે છે, તેમાં જે નક્કી થાય તેની કાર્યવાહક સમિતિમાં રજૂઆત કરી એક સંસ્થાની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવે છે.

મુંબઈથી ૬ સભ્યો સર્વશ્રી નીતિનભાઈ સોનાવાલા-ઉપપ્રમુખ, હસમુખભાઈ શાહ, વિનોદભાઈ વસા, પ્રકાશભાઈ ઝવેરી, શાન્તિભાઈ ગોસર અને પ્રવીણભાઈ દરજી દક્ષિણ ગુજરાતમાં આવેલી વિવિધ સંસ્થાઓ જોવા ગયા હતા.

નીચે પ્રમાણેની સંસ્થાઓ જોઈ અને વિગતો મેળવી હતી.

**(૧) શ્રી દત્ત આશ્રમ જન સેવા ટ્રસ્ટ,** મુ. પો. ખેરગામ (સરસીયા)

તા. ચીખલી, જિ. નવસારી

ટ્રસ્ટ નોધણી નંબર : ઇ-૧૨૧૭- નવસારી તા. ૧૬- ૪-૨૦૦૨ 80 G No. CIT / VLS/ TECH/DAJI/07-08 DT. 15/ 2/2008 આ મુલાકાત વેળા સંસ્થાના બધા ટ્રસ્ટીઓ હાજર હતા. શ્રી ભરતભાઇ શાહ પોતે C A અને દાનેશ્વરી છે અને સંસ્થામાં શિક્ષકોનો અર્ધો પગાર સરકારની ગ્રાન્ટથી મેળવે છે. પૂજ્ય શ્રી સ્વામી ક્રિષ્ણાનંદજી સંસ્થાને પહેલાં સંભાળતા હતા પરંતુ તેઓના અવસાન પછી આ સંસ્થાનું સંચાલન સુરતની છાંયડા સંસ્થા સંભાળે છે. આશરે બે વર્ષથી નાણાની તંગીને લીધે શિક્ષકોના પગાર પણ થયા ન હતા. શિક્ષકોએ વિદ્યાર્થીના હિતમાં સેવા આપી છે. આ સંસ્થાના સ્કૂલના મકાનો છે. આશરે ૨૦૦ની ઉપર વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ ધોરણ ૬ થી ૧૦ સુધીની શાળામાં અભ્યાસ કરે છે. આ સંસ્થામાં વિદ્યાર્થીઓ માટે છાત્રાલય પણ છે જે નિ:શુલ્ક છે. વિદ્યાર્થીઓ માટે સવાર સાંજનું ભોજન તથા નાસ્તો પણ વિનામૂલ્યે આપવામાં આવે છે. ચાલુ વર્ષમાં લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. શ્રી નીતિનભાઇએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘવતી દાનની વિગતો સમજાવી હતી. સંસ્થા પાસે શું શું હોવું જોઈએ તેની વિગતો પણ આપી હતી. સંસ્થાનો ઓડિટ રિપોર્ટ પણ આપવાની વિગતને જણાવી હતી. આપણે જે નવી સંસ્થા લઈએ તે માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે જે ફોર્મ બનાવ્યું છે તેની વિગતો ભરીને સંસ્થાના સરનામે મોકલાવવા કહ્યું હતું. બપોરે આ સંસ્થામાં લગભગ ૨૦ જણા આવ્યા હતા. શ્રી ભરતભાઈ શાહ ટ્રસ્ટીની સાથે તથા વીસ શિક્ષકો સાથે શ્રી નિતિનભાઈ, શ્રી વિનોદભાઈ વસાએ ચર્ચા વિચારણા કરી હતી આમ જોવા જતાં આ સંસ્થાને સરકારી ગ્રાન્ટ મળતી નથી જેથી આ તમામ ખર્ચાઓ દાનના પ્રવાહમાંથી કરવાના રહેતા હોય છે. ચર્ચા દરમિયાન જણાવતાં તેઓએ કહ્યું કે વાર્ષિક લગભગ ૪૫ લાખ રૂપિયાની જરૂર પડે છે તથા સંસ્થા પાસે જમીન પણ છે પરતું પૈસાના અભાવે વધારે વિકાસ થઇ શકતો નથી.

**(૨) રામ કૃષ્ણા-વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ-ધરમપુર**

સાંજે બીજી સંસ્થા જોવા ગયા હતા શ્રી રામકૃષ્ણા – વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ - ધરમપુર . આ સંસ્થા શ્રી દોલતભાઇ દેસાઈ ચલાવે છે પોતે વ્યવસાયે ફોરેન રીટર્ન M.B.B.S. ડૉક્ટર છે. એમની સાથે અર્ધો કલાક વાતચીત ચાલી હતી. એમણે પહેલાં મુંબઇમાં ભગવતી હોસ્પિટલમાં પણ સેવા આપી હતી. પછી તેઓ પરદેશ પોતાની સેવાઓ આપવા ગયા પરંતુ તેમના પોતાના અંતર આત્માના ઉદ્ગોષણા મુજબ કહે કે મારે પછાત આદિવાસી એરીયામાં સેવા આપવી છે. અને તેઓ પોતાનો પરદેશનો વ્યવસાય

## અનાજ રાહત પ્રવૃત્તિની મુલાકાતે સંઘના ઉપ-પ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા થતી વિવિધ રાહત પ્રવૃત્તિઓમાંની એક પ્રવૃત્તિ તે 'અનાજ રાહત પ્રવૃત્તિ'ની મુલાકાત સંઘના ઉપપ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલાએ શ્રી પ્રવીણભાઈ દરજી સાથે લીધી હતી.

શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા તથા ભાનુ ચેરિટીઝના સંયુક્ત ઉપક્રમે શ્રીમતી રમાબેન મહેતા, શ્રીમતી ઉષાબેન શાહ અને શ્રીમતી પુષ્પાબેન પરીખ આ પ્રવૃત્તઓનું સંચાલન કરે છે.

આર્થિક રીતે જરૂરતમંદ પરિવારોને માસિક રૂપિયા ૩૦૦/-નું અનાજ આપવામાં આવે છે. લગભગ સવાસોથી વધુ પરિવારો આનો લાભ લઈ રહ્યા છે. આ પ્રવૃત્તિમાં માસિક રૂા. ૪૦,૦૦૦થી રૂા. ૪૫,૦૦૦નો ખર્ચ આવે છે.

દર બુધવારે જૈન ક્લિનિક-કાંદાવાડીમાં બપોરે ૩ થી ૪ વાગ્યા દરમ્યાન અનાજ માટે કાર્ડ પ્રમાણે ચિઠ્ઠી બનાવી આપવામાં આવે છે અને તે અનાજ વ્યવસ્થા કર્યા પ્રમાણે દુકાનદાર પાસેથી મેળવે છે.

હજુ આ પ્રવૃત્તિમાં વધારો કરવાની જરૂર છે. સૌને યથાશક્તિ ફાળો નોંધાવવા તથા વ્યક્તિગત ત્યાં પધારી સંચાલનમાં મદદરૂપ થવા વિનંતી.

આ પ્રવૃત્તિની મુલાકાત ૮મી જૂન, ૨૦૧૬ના દિવસે સંઘના ઉપ-પ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલાએ લીધી હતી અને કાર્યવાહીમાં ઝીણવટપૂર્વક રસ લીધો હતો. જે કાર્ય થઈ રહ્યું છે તે બદલ તેમણે પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. જે લાભાર્થીઓ આ પ્રવૃત્તિમાં લાભ મેળવી રહ્યા છે, તેમની સાથે પણ ચર્ચા કરી હતી. આટલી મોટી ઉંમરે પણ આ ત્રણ બહેનો જે સમય અને શક્તિનો ભોગ આપી રહ્યા છે તેની તેમણે અનુમોદના કરી હતી તથા યુવા શક્તિને આ પ્રવૃત્તિમાં સામેલ કરવાનું સૂચન તેમણે કર્યું હતું.

છોડીએ પોતે ગરીબ લોકોની સેવા કરવા અહિ પોતાનું દવાખાનું નાખ્યું છે. ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નં. E/૧૬૯૮ વલસાડ છે. આ સંસ્થા છેલ્લા ૧૮ વર્ષથી શ્રી રામકૃષ્ણ મિશન મામા ભાચા તથા અવલખંડી ખાતે લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ, મેડીકલ સહાય, જેવી કેટલીક પાયાની જરૂરિયાત પ્રમાણે પછાત આદિવાસી છોકરા-છોકરીઓને મદદ કરે છે.

**(૩) શ્રી સમસ્ત ઘોડીયા સમાજ**

સંસ્થાનું નામઃ શ્રી સરદાર કુમાર છાત્રાલય નાંઘઇ ભૈરવી
સંચાલનઃ શ્રી રમેશભાઇ સી. પટેલ, મો. ૦૯૪૨૬૮૪૬૪૪૦
મંત્રી શ્રી લોકલ સમિતિ, નાંઘાઇ
ભૈરવી, સરદારકુમાર છાત્રાલય. તા. ખેરગામ જિ. નવસારી
ટ્રસ્ટ રજિસ્ટેશન નં. E/૧૭૩૯, સુરત તા. ૩૦- ૮- ૧૯૭૮ આ સંસ્થા શ્રી રમેશભાઈ પટેલ ચલાવે છે તેમની શાળામાં ૪૦ બાળકો ભણે છે આ સંસ્થા નોધાય ભૈરવી નવસારીનું છેવાડાનું એક ખૂબ જ ઉંડાણમાં જંગલ વિસ્તારમાં આવેલું ગામ છે, જ્યાં ખૂબ જ ગરીબ અને આદિવાસી બાળકો ખૂબ જ દૂરદૂરથી ભણવા માટે આવે છે. સરકારી ગ્રાન્ટ બીલકુલ મળતી નથી. ગરીબ અને આદિવાસી વિદ્યાર્થીઓનું ભાવિ ઉજ્જવળ બને તે માટે આ સેવાયજ્ઞ શરૂ કરેલ છે. લોકોના દાનથી આ શાળાનું કામકાજ ચાલે છે. આ સંસ્થામાં શ્રી પુષ્પસેનભાઈ ઝવેરીએ ૪૦ બાળકોને સ્કૂલબેગ, નોટબુક, કંપાસ, પેડ વગેરેની મદદ શ્રી નીતિનભાઈ સોનાવાલા દ્વારા કરેલ છે. આ સંસ્થાએ દાન દ્વારા એક મકાન ઊભું કરેલ છે. હાલમાં લાયબ્રેરીનું કામકાજ ચાલે છે તથા લોકોના દાન દ્વારા ૨૭ લાખ રૂપિયા સુધીનું કામ થયેલ છે તથા લગભગ ૩ લાખ સુધીના પૈસા વેપારીઓને આપવાના બાકી છે. બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને એટલે આ સંસ્થાને મદદની જરૂર છે.

**(૪) સંસ્થાનું નામ : પૂજ્ય મોટા હરિ ૐ આશ્રમ ભારતીય જન સેવા સંસ્થા શ્રી એલ. જી. હરિયા હાઈસ્કૂલ**

મુ. માનિ, પો. મોહપાડા, તા. કપરાડા, જિ.વલસાડ.

આ સંસ્થાનો રજિસ્ટ્રેશન નંબર ઇન્કેક્ષ નં. ૬૬-૨૯૭ છે. આ સંસ્થા ૧૯૯૬ થી ચાલે છે. પછાત તથા વનવાસી આદિવાસી વિસ્તારમાં બાળકોના શિક્ષણ માટે કાર્ય કરે છે. આ સંસ્થાના આચાર્ય શ્રી મહેન્દ્ર સોલંકી M.A.B.Ed.

અહીં કુલ ૧૩૨ વિદ્યાર્થીઓ ભણે છે. છોકરીઓ -૪૧, છોકરાઓ-૯૧. ધોરણ ૯ થી ૧૨ સુધી ચાલે છે. બે શિક્ષકો તથા ૧ આચાર્ય એમ ત્રણ મળીને સ્કૂલ ચાલવે છે તેમાંથી ૧ શિક્ષકનો પગાર તથા આચાર્યનો પગાર ગવર્નમેન્ટ ગ્રાન્ટથી અપાતો હોય છે. સ્કૂલમાં ગવર્ન્મેન્ટ ગ્રાન્ટ લગભગ ૧૦ લાખ આવે છે. ૧૧ કોમ્પ્યુટર પણ છે. આ સંસ્થાની દાન લેવાની મર્યાદા પાંચ લાખ સુધીની છે.

**(૫) સંસ્થાનું નામ : આશ્રમ શાળા-માની**

મુ. માની, પો. મોહપાડા, તા. કપરાડા, જિ. વલસાડ.

આ સંસ્થાના આચાર્ય શ્રી વિનયકુમાર પંકજભાઈને મળ્યા હતા. સ્કૂલમાં ૧૬૦ છોકરા છોકરીઓ ભણે છે તથા ૧થી ૮ ધોરણ સુધી અભ્યાસ ચાલે છે. મો.૦૯૬૩૮૩૬૮૭૪૩. સ્કૂલનું મકાન જૂનું છે તથા પાંચ – દસ લાખની મદદ મળે તો સંસ્થા સારો પ્રોગ્રેસ કરી શકે છે.

**(૬) મમતા ચેરિટેબલ ટ્રસ્ટ - કરજુન**

મુ. કરજુન તા. કપરાડા, જિ. વલસાડ
ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. F 863 નો. નં. ગુજ -869 DT. 18-7-2006

આ સંસ્થામાં અમો શ્રી દાખલભાઈ ડેગાવંડાને મળ્યા હતા. મો.નં. ૦૯૭૨૬૪૯૦૦૯. આ પ્રાથમિક શાળામાં રહેવાની તથા ભણવાની વ્યવસ્થા છે પરતું શાળામાં બીજી સગવડ જેવી કે કન્યા છાત્રાઓ માટે પાથરવા માટે ગાદલા – ચાદર, પીવાના પાણીની ટાંકી, સોલર લાઈટ, ગાદલા – ચાદર મુકવા માટે સ્ટેન્ડ, પલંગ વગેરેની જરૂરિયાત છે. તેથી આ સંસ્થાએ માગણી મૂકી હતી.

કાર્યવાહક સમિતીમાં સંઘના હોદ્દેદારો અને સંઘની પેટા સમિતીઓના સભ્યો યથોચિત નિર્ણય લેશે.

# ભાવ-પ્રતિભાવ

(૧)

પ્ર.જી.નો અંક મળ્યો, મુખપૃષ્ઠ સુંદર રહ્યું, સરસ્વતી-દેવીની મૂર્તિ જીવતી-બોલતી જણાઈ. 'જાત-મંથન' વાંચ્યું, વિચાર્યું, મારા છ પ્રકાશિત પુસ્તકોમાં સૌથી પહેલું 'મંથન' હતું, જે આજે અપ્રાપ્ત છે. નવનીત મેળવવા સૌએ મંથન કરવું રહ્યું. એ તમારી વાત સાચી-પ્રાસંગિક છે. લેખ, વધુ પડતો લાંબો-દીર્ઘ પણ જણાયો! છતાં, તેનાથી વાચકો સાથે આત્મીયતા કેળવી શકાઈ, તે તેની સિદ્ધિ. પ્ર.જી.ના તંત્રી તરીકે તમે એકદમ યોગ્ય-ફીટ છો, તે વિષે સંદેહ ના રાખશો, મારા જેવા અકિંચન, ગરીબ લેખક-વાચકોનો સહકાર પણ તમને મળતો રહેશે જ. હા, કેન્દ્રમાં 'માનવ' રહેવો જોઈએ. વધુ પડતું સાંપ્રદાયિક બની ના જવાય, તેનું પણ ધ્યાન રાખવું રહ્યું. આખરે તો જૈન પણ માણસ તો ખરો જ ને! સંકુચિતતા છોડી માનવજાત વ્યાપકતા ગ્રહણ કરે, એ જરૂરી ગણાય.

☐ **હરજીવન થાનકી**
સીતારામ નગર, પોરબંદર.

(૨)

'તિથિ' વિષેનો સુબોધીબેન મસાલીઆનો લેખ વાંચ્યો, વિચાર્યો, ગમ્યો, અભિનંદન. શ્રી ખુશ્બુજી મ.સ.ની તિથિના અર્થની વિગત પણ પ્રેરક રહી. પંદર તિથિનું પખવાડીયું ભુલાતું ગયું છે. વિક્રમ સંવતનું સ્થાન ઈસ્વીસને પચાવી પાડ્યું છે. અને તારીખનું ચલણ વધી ગયું છે. આજે પણ અગિયારસે ઉપવાસ કરીને, મહિને બે વાર, હોજરીને આરામ આપવાનો રિવાજ છે. તો વળી કેટલાંક શનિ કે સોમવારે 'એક ટાણું' પણ કરે છે. જો કે આપણાં ઉપવાસો બનાવટી થઈ ગયા છે. ફરાળમાં ફળ રહ્યાં નથી. ફળાહારના નામ રાજીગરાનો

લોટ આપો, શીંગોડાનો લોટ અને સાબુદાણાં ખવાતાં રહ્યાં છે. જૈનોમાં ઉપવાસ, આયંબિલ વધુ સારા હોય છે, પણ સાચા ઉપવાસમાં તો ફળાહાર પણ ના શોભે! કેવળ પ્રવાહી ઉપર રહીને ઉપવાસ કરવા જોઈએ.

**❑ હરજીવન થાનકી**
સીતારામ નગર, પોરબંદર.

(૩)

મુનિશ્રી અજિતચંદ્ર સાગરજીનો વિપશ્યના અને કાયોત્સર્ગની સરખામણી કરતો ચિંતનાત્મક લેખ વિચારી ગયો, બહુ સુંદર છે. મારા હાર્દિક અભિનંદન. આ પત્ર દ્વારા પહોંચાડજો.

કાયા+ઉત્સર્ગ=કાયોત્સર્ગ પંચ મહાભૂતમાંથી બનેલાં શરીરથી પર (above) થઈ જઈ, તેની અંદર રહેલા સૂક્ષ્માત્મામાં પ્રવેશવું, એવો તેનો સુલભ અર્થ થઈ શકે.

રામાયણમાં પણ સીતાના વિના જનકવિદેહી કાયોત્સર્ગી હતા. તેઓ પોતાની કાયામાંથી બહાર નીકળી, આત્માએ પતાવવાનું કાર્ય પૂર્ણ કરીને પાછા શરીરમાં પ્રવેશતા હોવાનો ઉલ્લેખ મળે છે.

શરીરના આત્માને પ્રબુદ્ધ કરવાનું એક સાધન છે, તે સાધનાનું માધ્યમ છે. સાધના તો આત્માને સમૃદ્ધ કરવા માટે કરવાની રહે છે. ટૂંકમાં, સ્થૂળતાના માધ્યમ દ્વારા સૂક્ષ્મતામાં પ્રવેશવાનું રહે છે. ઈશ્વર, પણ સૂક્ષ્મભાવ છે. મારા-તમારામાં રહેલું સત્ તત્ત્વ એ જ ઈશ્વર છે. આ દુનિયાનું સંચાલન પણ પંચાણુ ખરાબ જણ ઉપર પાંચ સારા જણ દ્વારા જ થઈ રહેલું અનુભવાય છે, અસ્તુ.

**❑ હરજીવન થાનકી**
સીતારામ નગર, પોરબંદર.

(૪)

### જીવનની સિદ્ધિ

આચાર્ય રજનીશ કહેતા, 'વહી જવું, પૂરા વેગથી, પણ ક્યાંય વળગવું નહીં, એ જ જીવનની સિદ્ધિ. વહેતું પાણી અને જીવન નિર્મળ રહે એ સ્વાભાવિક ગણાય. ક્યાંય પણ વળગવાથી જીવનમાં પરિગ્રહ અને આસક્તિ ઉભાં થાય. સાધુ તો ચલતા ભલા, કહેવત છે. જેને જીવનમાં સાધના કરીને કાંઈક મેળવવું છે, તેને વળગાડ ના પોષાય.

Our greatest joy comes when we do something useless, in worldly eyes એમ પણ રજનીશજી કહેતા. દુન્યવી દૃષ્ટિ તો સંકુચિત પણ હોઈ શકે! ગામને મોઢે કંઈ ગળણું ના બંધાય. લોકો તો સારું કે નરસું બોલતાં જ રહેવાનાં. આપણે આપણું કાર્ય ઈમાનદારીપૂર્વક કરતા રહેવાથી જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય.

`People say, what they say? They say ! Let them say.' અંગ્રેજીમાં કહ્યું, કોઈ આપણાં વખાણ કરે તો ફુલાઈ ના જવું, અને કોઈ આપણી ટિકા કે નિંદા કરે તો પણ વિચલિત ના થવું. કબીરજી તો નિંદક પણ નજીક રાખવાની વાત કરતા. નિંદા કે ટીકાથી ગભરાઈ જવાને બદલે તેનો સાર લક્ષમાં લઈને, જીવનને યોગ્ય વળાંક આપવાથી સિદ્ધિ મેળવવાની દિશામાં એક ડગલું આગળ વધારો.

જેને જીવનમાં કંઈક પ્રાપ્ત કરવું છે, તેવા ચીલાચાલુ જગતના વ્યવહારથી થોડું અલગ ફંટાવું રહ્યું. કહેવત છે ને કે, સીધી આંગળીએ ઘી ના નીકળે. બરણીમાંથી ઘીનો લોંદો બહાર કાઢવો હોય તો આંગળીને સહેજ વાળવી પડે. જેને જીવનમાંથી નવનીત-માખણ પ્રાપ્ત કરવું છે, તેણે મંથનનો સામનો તો કરવો જ પડવાનો. દહીંને જેમ વધુ વલોવીએ તેમ માખણની પ્રાપ્તિ સુલભ અને સરળ બની રહે.

મહાત્માઓ પોતાના જીવનનો માર્ગ આગવો અને અલાયદો કંડારતા રહે છે. તેમને વિષે લોકો શું કહેશે? તેની પરવા લોકો ભાગ્યે જ કરતા હોય છે. આપણે પણ નવી દિશા અને નવી કેડી કંડારવી રહી.

ગુજરાતના આધ્યાત્મિક અને ચિંતક કવિશ્રી મકરંદભાઈ દવે કહેતા:

અમે તો જઈશું અહીંથી, પણ અમે ઉડાડ્યાં ગુલાલ રહેશે;
ખબર નથી શું કરી ગયા, પણ જે કરી ગયા તે કમાલ રહેશે.
ગમતું મળે તો અલ્યા, ગૂંજે ના ભરીએ, જે ગમતાંનો કરીએ રે..ગુલાલ.

અબીલ-ગુલાલ એકમેક પર છાંટવાથી જે આનંદ મળે છે, તેની કલ્પના કરવી મુશ્કેલ! આપવાનો આનંદ, લેવાના આનંદ કરતાં અનેકગણો અધિક હોય છે. અને તેમાં જ જીવનની સાચી સિદ્ધિ સમાયેલી હોય છે.

**❑ હરજીવન થાનકી**
સીતારામ નગર, પોરબંદર.

(૫)

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીપદને આપ પૂર્ણતયા ન્યાય આપી રહ્યા છો. એના જતન માટે આપની નિષ્ઠાના ઠેરઠેક દર્શન કરું છું. સામયિકનું આજપર્યંત જે સ્તર છે, ઊંચાઈ છે, એમાં કોઈ જ કમી પ્રતીત થતી નથી. અલબત્ત વ્યક્તિ બદલાવાથી સામયિકનું પોત બદલાય એ સહજ છે. પરંતુ એનું સત્ત્વ–તત્ત્વ જળવાઈ રહ્યું છે. વળી ક્યાંક ક્યાંક લાક્ષણિક Touch મળવાથી વિષયવસ્તુની નવ્ય પ્રસ્તુતિ જોવા મળે છે. આપની શબ્દશક્તિને વંદું છું.

**❑ શાંતિલાલ ગઢિયા**
વડોદરા, ફોન:૦૨૬૫-૨૪૮૧૬૮૦

(૬)

તંત્રીશ્રી

મે ૨૦૧૬ના 'પ્રબુદ્ધ જીવન'માં સમણસુત્તંમાં કોનો પ્રત્યક્ષ અને પરોક્ષ ફાળો તે દર્શાવતો ડૉ. રમજાન હસણિયાનો લેખ ખૂબ જ સરસ હતો. લેખ લખવા માટે લેખકે સારી એવી જહેમત ઉઠાવી છે.

**❑ અનિલા મોતીલાલ શાહ**
ડી-૧, પારસમણિ ફ્લેટસ, રત્ના પાર્ક,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.

# સર્જન-સ્વાગત

## ❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **આનંદ લહેર, ઈચ્છો એ મેળવો**
લેખક: સદ્ગુરુ યોગી, દિવ્યદર્શી અને યુગદૃષ્ટા.

સુબા-સુરેશ અને બા બાલકૃષ્ણએ સદ્ગુરુની વાણીને તામિલ પુસ્તક 'આનંદ અલ્લઈ'માં સંકલિત કરેલ છે.

પ્રકાશક : ગૂર્જર ગ્રંથ કાર્યાલય,
અમરભાઈ ઠાકોરલાલ શાહ, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૭૫/- પાના : ૨૪૦,
આવૃત્તિ : પ્રથમ ઈ. સં. ૨૦૧૬.

'આનંદ લહેર' એક પુસ્તક રૂપે લખાયેલું નથી. પરંતુ જુદા જુદા સમયે પુછાયેલ પ્રશ્નોના જવાબ રૂપે કે અન્ય સત્સંગોમાં સદ્ગુરૂ દ્વારા વ્યક્ત થયેલા વિચારોનું સંકલન છે. સદ્ગુરુના વિચારો મૌલિક તેમજ ચીલાચાલુ નથી પરંતુ તદ્દન અનોખા અને તાર્કિક છે. સદ્ગુરુ અધ્યાત્મ, વેદાન્ત કે તત્ત્વબોધના ભારેખમ શબ્દોનો પ્રયોગ કર્યા વિના, સહજ શૈલીમાં અને સરળ ભાષામાં રજૂઆત કરે છે. અધ્યાત્મમાં સામાન્યપણે આવતી 'મોક્ષ' (મૃત્યુ પછીની બાબત)ની ચર્ચા કરવાને બદલે, હાલ જે જીવન આપણી સમક્ષ છે. જે જીવન આપણને મળ્યું છે અને આપણે જીવી રહ્યા છીએ તેની ફરિયાદ વિના કેવી રીતે જીવવું તે સમજાવે છે. અધ્યાત્મની વાત કર્યા વિના સદ્ગુરુ તેમના વિચારો સમજનારને, અધ્યાત્મના માર્ગ ઉપર મૂકી દે છે.

સદ્ગુરુ એક એવી વ્યક્તિ છે જે માત્ર અધ્યાત્મની ચર્ચા જ નથી કરતી પણ જીવનની દરેક પરિસ્થિતિ વિશે અભિપ્રાય આપે છે. આપણી જીવનનૌકાને વમળમાંથી બહાર લાવે છે. સદ્ગુરુ પોતાના અનોખા અને નિરાળા વિચારોને જીવનના વાસ્તવિક દૃષ્ટાંતો સાથે સરળ શબ્દોમાં કહી શ્રોતાઓના મનમાં અમીટ છાપ છોડવાની કળામાં અજોડ છે.

તમિલનાડુમાં શરૂ થયેલી આ આનંદલહેરે ભારતના અનેક પ્રદેશોને પોતાનામાં સમાવી લીધા છે. સદ્ગુરુ આપણાં વર્તમાન જીવનને પૂર્ણ કામના સાથે જીવવા અને ઘડવાની પ્રક્રિયા સમજાવે છે.

x x x

પુસ્તકનું નામ : **રવમાં નીરવતા**
લેખિકા : **ગીતા જૈન**
સંપાદક : ડૉ. રમજાન હસણિયા
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
પ્રાપ્તિસ્થાન : ૩૩, મહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : (૦૨૨) ૨૩૮૨૦૨૯૬.
મૂલ્ય : રૂા. ૧૨૫/- પાના : ૨૪+૧૯૨=૨૧૬,
આવૃત્તિ પ્રથમ એપ્રિલ ઈ. સ. ૨૦૧૬.

આ પુસ્તક એટલે ડૉક્ટર ગીતાબેનનું પ્રિસ્ક્રિપ્શન જેમાં દવા પણ છે અને પરેજી પણ. ક્યાંક હજી વધુ તપાસની જરૂર છે એવી ભલામણ પણ હશે.

પ્રાચીન સંસ્કારોથી જેમનો પિંડ ઘડાયો હોય અને બીજી તરફ આધુનિક શિક્ષાપ્રણાલીથી જેમનું વૈચારિક ઘડતર થયું હોય એવો એક વર્ગ જૈન સમાજમાં છે અને તે બહુ મોટો છે. ગીતાબેન આવા વર્ગના પ્રતિનિધિ બનીને વાત કરતા હોય એવું આ પુસ્તકમાંથી પસાર થતા વાચકને લાગશે. ભારતીય સંસ્કૃતિના મંગળમય તત્ત્વોને તેમણે પોતાના જીવનના આધાર સૂત્રો બનાવ્યા છે. બીજી બાજુ આધુનિક બૌદ્ધિક શિસ્ત તેમણે મેળવી છે, કેળવી છે. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય જીવન પ્રણાલી તથા ચિંતન પ્રણાલીમાંથી શ્રેષ્ઠ તત્ત્વોનો ગીતાબેનના જીવનમાં સંગ્રહ થયો છે. માનવતા, કરુણા, સેવા, જીવનનિર્માણ જેવા બિંદુઓ અહીં સંગ્રહીત લેખોમાં કેન્દ્રસ્થાને છે. માનવી મૂલ્યોની નિસબત-ચિંતા આ પુસ્તકના પાને પાને તરવરે છે. તો વાચકના હૃદયને ક્યારેક ખળભળાવી જાય તેવી રીતે પ્રગટ થઈ છે.

ગીતાબેનના લેખોમાં-લેખનકાર્યમાં સાતત્ય નથી પણ સત્યતા, સંવેદનશીલતા અને સંવાદિતા જરૂર છે. તેમનું આ પુસ્તક માધુકરીની રસલ્હાણ છે.

x x x

પુસ્તકનું નામ : **પંથે પંથે પાથેય**
સંકલન : પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
પ્રાપ્તિસ્થાન : ૩૩, મહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : (૦૨૨) ૨૩૮૨૦૨૯૬.
મૂલ્ય : રૂા. ૧૨૫/- પાના : ૧૭૭,
આવૃત્તિ પ્રથમ એપ્રિલ ઈ. સ. ૨૦૧૬.

'પ્રબુદ્ધ જીવન' માસિકમાં 'પંથે પંથે પાથેય' વિભાગ દ્વારા માત્ર જીવન જીવવાનું જ નહીં, પણ એનું ઊર્ધ્વીકરણ સાધતું પાથેય પ્રગટ થતું રહ્યું છે અને એમાં પણ જુદા જુદા પ્રકારની વ્યક્તિઓ એમના અનુભવ ભંડારમાંથી માનવજીવનની મહેંક પ્રસરાવે તેવા અનુભવો આપવા લાગ્યા. માનવીય ગુણોનો વિકાસ એ જ માનવીને મહામાનવ બનાવે છે. સત્યમાં શ્રદ્ધા, અહિંસામાં આસ્થા, ઉદારતામાં ઉલ્લાસ અને ભાવનામાં ભવ્યતા એનામાં દૃષ્ટિગોચર થાય ત્યારે જ એની માનવ પ્રકૃતિનું સુંદરતમ સ્વરૂપ પ્રગટ થાય છે એ રીતે આ પુસ્તકમાં સોનગઢ આશ્રમમાં જોવા મળેલ સાચા વૈષ્ણવ જન તાંસળીવાળા બાબા, સેવાભાવી અલ્લારખાભાઈ, સાધુચરિત ડૉ. મુકુંદરાય જોશી, મુક્તાબહેન, શ્રી ગોપાલરાવ વિદ્વાંસ, અનુબહેન ગાંધી, ગાંગજી સેઠિયા, ઇંદિરા સોની જેવી વ્યક્તિઓના જીવન પ્રસંગોમાંથી પ્રગટતી સુવાસનો અનેરો અનુભવ થાય છે.

આમાં સાધુજનો, સાહિત્કારો, ઇતિહાસવિદો, સમાજશાસ્ત્રીઓ, કેળવણીકારો, વ્યવસાયીઓ એમ અન્ય ક્ષેત્રની વ્યક્તિઓની વાત છે. જેઓ ઉત્તમ મનુષ્યો છે કે જે પોતાના ગુણોને કારણે યશ પ્રાપ્ત કરે છે.

માનવતાની યશ સંવેદના હોવાની યથાર્થતા સિદ્ધ કરતું આ પુસ્તક માનવહૃદયની સંવેદનાનો પરિચય આપે છે.

x x x

પુસ્તકનું નામ : **શ્રાવક કથાઓ**
લેખક : આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી
પ્રકાશક - : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન નં. : ૦૨૨-૨૨૮૧૪૦૫૯.
મૂલ્ય : રૂા. ૧૫/- પાના : ૫૫,
આવૃત્તિ પ્રથમ : એપ્રિલ ઈ. સ. ૨૦૧૪.

પ. પૂ. આચાર્ય વાત્સલ્યદીપ સૂરીશ્વરજીની સંયમયાત્રા, ધર્મયાત્રા અને જ્ઞાનયાત્ર પ્રસન્નચિત્તે ચાલુ જ છે. પૂજ્યશ્રીએ આજ સુધીમાં લગભગ ૫૦ પુસ્તકોનું સર્જન કરેલ છે. તેઓશ્રી વિરલ વ્યક્તિત્વ ધરાવે છે અને તેઓ લેખક, વક્તા, પ્રેરક પ્રણેતા અને બહુશ્રુત છે. જૈન ધર્મ, સાહિત્ય અને ઈતિહાસના ઊંડા અભ્યાસી છે. તેમણે લખેલ 'જૈનધર્મ' નામનું પુસ્તક કેનેડા યુનિવર્સિટીમાં દૂરદર્શી પાઠ્યક્રમમાં સ્થાન પામેલ છે.

જૈન ધર્મમાં આરાધકને શ્રાવક અને આરાધિકાને શ્રાવિકા કહેવામાં આવે છે. જૈન પરંપરામાં અનેક મહાજનો થયા જેમણે ધર્મની શ્રદ્ધા, વ્યવહારની દૃષ્ટિ અને બુદ્ધિના કૌશલ્યથી પોતાનું જીવન અને ધર્મનો મહિમા પ્રગટાવ્યો.

છેલ્લા પચ્ચીસસો વર્ષના જૈન ઈતિહાસમાં અનેક સારા અને ખોટા પ્રસંગો સર્જાયા તે દરમિયાન કાળના વાવાઝોડા સામે જૈન ધર્મ અને તેનું સત્વ ટકાવવાનું કામ ત્યાગી મહાપુરુષો અને શ્રેષ્ઠ મહાજનોએ કર્યું. આ શ્રેષ્ઠીઓએ ધર્મસાધના દ્વારા રાષ્ટ્ર, સમાજ અને જીવનની ઉન્નતિ માટે અથાક પુરુષાર્થ કર્યો. અનેક વિઘ્નો આવ્યા. દુ:ખો આવ્યા. એમની આંખ સામે ધર્મનો ધુમકેતુ સ્થિર હોઈ જન્માંતરોથી જે જીવ કલ્યાણના પંથે ચાલ્યા જ કરે છે તેની દૃઢ શ્રદ્ધા તેને પુણ્યની પગદંડી પર ટકાવી રાખે છે.

એ મહાન જનોના પ્રેરક પ્રસંગો આ પુસ્તકમાં મૂક્યા છે. સૌના જીવનમાં તેનો પ્રકાશ પથરાય અને સૌ એવા જ મહાન પંથે ચાલે એ જ ભાવના...

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩ મો. : ૯૨૨૩૧૯૦૭૫૩.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલું અનુદાન

### પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૦૦૦ | શ્રી ભરતભાઈ મામડીયા |
| ૫૦૦૦ | કુલ રકમ |

### કિશોર ટિમ્બડિયા કેળવણી ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૦૦૦૦ | કેતકીબેન વિસરીયા |
| ૨૦૦૦૦ | કુલ રકમ |

### પરદેશ લવાજમ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૩૫૦૦ | શ્રી દિલિપભાઈ વી. શાહ ફિલાડેલ્ફીયા (U.S.A.) દ્વારા ૨ મેમ્બર્સને પાંચ વર્ષ માટે રિન્યુ કરાવ્યા છે તેમને ખૂબ જ અભિનંદન. |
| ૫૫૦૦ | શ્રીમતી એચ. ટી. કેનિયા (U.S.A.) |
| ૧૯૦૦૦ | કુલ રૂપિયા |

